અમે પોતે. We ourselves. (ઉવી અવરસેલ્વઝ)
ઘણું ખરાબ. Very bad. (વૅરી બૅડ)
ઘણું સારૂં. Very good. (વૅરી ગુડ)
ખરાબ છોકરો. Bad boy. (બૅડ બૉય)
સારી છોકરી. Good girl. (ગૂડ ગર્લ)
મારૂં ઘર. My house. (માઇ હાઉસ)
તેનો ઘોડો. His horse. (હીઝ હૉર્સ)
હું વાંચું છું. I read. (આઇ રીડ)
તે વાત કરે છે. He talks. (હી ટૉક્સ)
તેને પુછો. Ask him. (આસ્ક હીમ)
તેને બોલાવો. Call Him. (કૉલ હીમ)
તેને ઉભો રાખો. Stop Him. (સટૉપ હીમ)
પાછું આપો. Give back. (ગીવ બૅક)
ઉપર લાવો. Bring up. (બ્રીંગ અપ)
નીચે લાવો. Bring down. (બ્રીંગ ડાઉન)
આ પેટી. This Box. (ધિસ બૉક્ષ)
તે હ્યાં મુકો. Put it here. (પુટ ઇટ હીયર)
લઇ જાઓ. Take away. (ટેક અઉવે)

અભ્યાસપાઠ ૫ મો.

બરોબર, ખરૂં, સાચું. Right. (રાઇટ)
નામ. Name. (નેમ)
ખબર. News. (ન્યુઝ)
જવાન. Young. (યંગ)
બુઢો. Old. (ઓલ્ડ)
માણસ. Man. (મૅન)
જાડી. Fat. (ફૅટ)
બાયડી. Woman. (ઉમન)
ઘર. Home. (હોમ)
આવતીકાલ. To-morrow (ટુ મૉરો)

વાપરવું. Use. (યુઝ)
ચાલવું Walk. (ઉવૉક)
જલદી. Fast. (ફાસ્ટ)
ધીમે. Slow. (સ્લો)
દિકરો. Son. (સન)
દિકરી. Daughter. (ડૉટર)
છોકરૂં. Child. (ચાઇલ્ડ)
છોકરાઓ. Children. (ચીલડ્રન)
ગયો. Went. (ઉવૅન્ટ)
ચાહે. Tea. (ટી)
તમારૂં નામ. Your Name. (યૉર નેમ)
તેણીનું નામ. Her name.
તેનું નામ. His name.
શું ખબર છે? What's the news? (ઉવૉટસ ધી ન્યુઝ)
સારી ખબર. Good news. (ગૂડ ન્યુઝ)
બરોબર બેસો. Sit straight. (સિટ સ્ટ્રેટ)
જવાન છોકરો. Young Boy. (યંગ બૉય)
વૃદ્ધ માણસ. Old man. (ઓલ્ડ મૅન)
જાડી સ્ત્રી. Fat woman.
ઘરે જાઓ. Go home. (ગો હોમ)

નાસ્તો Breakfast. (બ્રેકફાસ્ટ)
બપોરનું ખાણું. Tiffin. (ટીફીન)
રાતનું ખાણું. Dinner (ડીનર)
ના. Don't. (ડોન્ટ)
ભુલવું. Forget. (ફરગૅટ)
ધ્યાંન. Mind. (માઇન્ડ)
કોઇપણ. Any. (ઍની)
વખત. Time. (ટાઇમ)
દોડવું. Run. (રન)
કાલે આવજો. Come to-morrow. (કમ ટુ-મૉરો)
તે વાપરો Use it. (યુઝ ઇટ)
ઉતાવળ કરો. Be quick. (બી ક્વીક)
જલદી ચાલો. Walk fast.
ધીમેથી ચાલો. Walk slowly. (ઉવૉક સ્લોલી)
તેનો દિકરો. His son. (હીઝ સન)
તેની દિકરી His Daughter. (હીઝ ડૉટર)
તેનું બાળક. His child. (હીઝ ચાઇલ્ડ)
તેનાં બાળકો. His children, (હીઝ ચીલડ્રન)
તે ગયો. He went. (હી ઉવૅન્ટ)
તેણી ગઇ. She went. (શી ઉવૅન્ટ)

તે ગયું It went. (ઇટ વેન્ટ)
ચાહ બનાવો Prepare tea (પ્રીપૅર ટી)
ચાહ પીવા આવો. Come to tea (કમ ટુ ટી)
નાસ્તોલાવો. Bring breakfast (બ્રીંગ બ્રેકફાસ્ટ)
ખાણું લાવો. (બપોરનું) Bring tiffin (બ્રીંગ ટીફીન.)
ખાણું લાવો. (રાતનું) Bring dinner. (બ્રીંગ ડીનર.)
ભુલતા નાં. Don't forget. (ડોન્ટ ફરગેટ)
ફીકર નહીં. Never mind. (નૅવર માઇન્ડ)
કોઇપણ વખતે. Any time (ઍની ટાઇમ.)
કઇ બાઇડી? What woman? (વૉટ ઉમન?)
કઇ દીકરી? What daughter? (વૉટ ડૉટર.)
જલદી દોડો. Run quick. (રન કવીક)
શાબાસ. Well done. (વેલ ડન)

અભ્યાસપાઠ ૬ થો.

બોલાવવું. Call. (કૉલ)
"જોન" નામ છે. John. (જૉન)
તે The. (ધી)
સિપાઇ. Sepoy. (સીપૉય)
હેલકરી. Cooly. (કૂલી)
કહેવું. Tell. (ટૅલ)
જાણવું, Know. (નો)
મજબુત Strong. (સ્ટ્રૉંગ)
આળસુ. Idle. (આઇડલ)
સુંદર Pretty. (પ્રીટી)
બેડોળ. Ugly. (અગલી)
પૈસાદાર. Rich. (રીચ)
ગરીબ. Poor. (પૂઅર)
રેહેવું Live. (લીવ)
સુખથી. Happily. (હૅપીલી)
કહ્યું Told. (ટોલ્ડ)
ભવિષ્યની નિશાની. Shall. (શૅલ)
કપડાં. Clothes. (કલોધઝ)
જોડા. Shoes. (શુઝ)
ગાડી. Carriage. (કૅરેજ)
ક્યાં? Where.? (વ્હૅર?)
પી. નામ છે. P. (પી)
ગયલા. Gone. (ગૉન)
ક્યારે? When? (વ્હૅન)
સવાર. Morning. [મૉરનીંગ]
સાંજ. Evening. [ઇવનીંગ]
આવ્યો. Came. [કેમ]

તેણીને બોલાવો, Call her. [કૉલ હર]
તેને બોલાવો. Call him. [કૉલ હીમ.]
તેને અહિંયાં બોલાવો. Call him here. [કૉલ હીમ હીયર.]
તેને ત્યાં બોલાવો. Call him there. [કૉલ હીમ ધૅર.]
જોનને બોલાવો. Call John. [કૉલ જૉન]
સિપાઇને તેડો Call the Sepoy. [કૉલ ધી સિપૅાય]
હેલકરીને બોલાવો. Call a cooly. [કૉલ એ કુલી]
હું તમને કહું છું I tell you. [આઇ ટેલ યુ]
હું તે જાણું છું I know that. [આઇ નો ધૅટ]
હું મજબુત છું I am strong. [આઇ એમ સ્ટ્રૉન્ગ.]
તે આળસુ છે. He is idle. [હી ઇઝ આઇડલ]
તેણી સુંદર છે. She is pretty [શી ઇઝ પ્રીટી]
તે બેડોળ છે He is ugly. (હી ઇઝ અગલી)
તમે પૈસાદાર છો You are rich [યુ આર રીચ]
ના, હું ગરીબ છું No, I am poor [ના, આઇ ઍમ પૂઅર]
હું સુખથી રહું છું. I live happily [આઇ લીવ હૅપીલી]
હું તમને કહું છું કે હા. I tell you "yes" [આઇ ટેલ યુ "યસ."]
હું તમને કહું, કે નહીં. I tell you "no" [આઇ ટેલ યુ "નો."]
મેં તેને કહયું, કે હા. I Told him "yes" [આઇ ટોલ્ડ હીમ, યસ]
મેં તેણીને કહયું, કે નહીં. I told her "no" [આઈ ટોલ્ડ હર નો]
હું બાહેર જઇશ I shall go out. [આઇ શૅલ ગો આઉટ]
કેટલે વાગતે? At what time ? [ઍટ ઉવૉટ ટાઇમ?]
બે વાગતે At two o'clock [ઍટ ટુ આ કલૉક]
હું બાહેર જાઉં છું. I am going out. [આઇ એમ ગોઇંગ આઉટ]
મારાં કપડાં લાવો. Bring my clothes. [બ્રીંગ માઇ કલોધઝ]
મારા જોડા લાવો. Bring my shoes. [બ્રીંગ માઇ શુઝ]
એક ગાડી બોલાવો Call a carriage. [કૉલ આ કૅરેજ]

તે બહાર જાય છે He is going out [હી ઇઝ ગોઇંગ આઉટ]
પી. ક્યાં છે ? Where is P ? [ઉવ્હેર ઇઝ પી ?]
તે બહાર ગયો છે. He has gone out [હી હૅઝ ગૉન આઉટ]
ક્યારે ? When ? [ઉવ્હૅન ?]
આજે સવારે. This morning [ધિસ મૉર્નીંગ]
આજે સાંજે This evening [ધિસ ઇવનીંગ]
તેઓ ગયા. They went [ધે ઉવૅન્ટ]
તે આવ્યો. He came [હી કેમ]
તે મોડો આવ્યો. He came late [હી કેમ લેટ]

અભ્યાસપાઠ ૭ મો.

"ટૉમ" નામ છે. Tom [ટૉમ]
ના, નથી. Not [નૉટ]
સાંભળવું. Hear [હીયર]
બોલવુ. Speak [સ્પીક]
વધારે મોટેથી. More loudly [મૉર લાઉડલી]
ઇચ્છવું. Wish [ઉવીશ]
ઇચ્છે છે. Wishes [ઉવીશીસ]
મરજી થાય છે. Willing [ઉવીલીંગ]
ચુપ. Quiet [ક્વાએટ]
ઝડપથી. Quickly [ક્વીક્લી]

ત્યાં કોણ છે ? Who is there ? [હુ ઇઝ ધૅર ?]
ટૉમ ત્યાં છે. Tom is there [ટોમ ઇ ઝધૅર]
તે હું છું It is I [ઇટ ઇઝ આઇ]
તે હું નથી. It is not I. [ઇટ ઇઝ નૉટ આઇ]
તે તે છે કે ? Is it he ? [ઇઝ ઇટ હી ?]
તે તે નથી. It is not he. [ઇટ ઇઝ નૉટ હી]
શું તે તેણી છે ? Is it she ? [ઇઝ ઇટ શી ?]
હા, તે તેણી છે. Yes, it is she [યસ, ઇટ ઇઝ શી ?]

તે તેણી નથી. It is not she [ઇટ ઇઝ નૉટ શી]
તમે સાંભળો છો કે? Do you hear ? [ડુ યુ હીયર ?]
વધારે મોટેથી બોલો. Speak more loudly [સ્પીક મૉર લાઉડલી]
હું ઇચ્છું છું. I wish. [આઇ ઉવીશ]
તમે ઇચ્છો છો. You wish [યુ ઉવીશ]
શું તમે ઇચ્છો છો? Do you wish ? [ડુ યુ ઉવીશ ?]
તે ઇચ્છે છે He wishes [હી ઉવીશીસ]
શું તે ઇચ્છે છે ? Does he wish ? [ડઝ હી ઉવીશ ?]
તેની મરજી છે કે ? Is he willing ? [ઇઝ હી ઉવીલીંગ ?]
મારી મરજી છે. I am willing. [આઇ ઍમ ઉવીલીંગ]
શું તમારી મરજી છે ? Are you willing ? [આર યુ ઉવીલીંગ]
જઇને જુઓ. Go and see [ગો ઍન્ડ સી]
જલદી પાછા આવો. Come back quickly [કમ બૅક કવીકલી]
મુગા રહો. Be quiet [બી કવાયટ]
આ કોણે કીધું Who did this ? [હુ ડિડ ધિસ ?]
તેણે કીધું. He did it [હી ડિડ ઇટ.]
સાહેબજી [સવારે] Good morning [ગુડ મૉર્નીંગ]
,, [બપોરે] Good after-noon [ગુડ આફ્ટર-નૂન]
,, [સાંજે] Good evening [ગુડ ઇવનીંગ]
,, [રાતે] Good night [ગુડ નાઇટ]
,, [છુટા પડતી વખતે] Good bye [ગુડ બાઇ]
,, { સુરજ ઉગ્યાથી અસ્ત પામે ત્યાં સુધી સલામ કરવી હોય તો } Good day [ગુડ ડે]

અભ્યાસપાઠ ૮ મો.

ઉભા રેહવું. Stop. (સ્ટાપ)	જુઠું. Lie. (લાઇ)
ધિકારવું. Hate. (હેટ)	ચાહવું. Love. (લવ)
શા માટે? Why? (વ્હાય)	ચાહે છે. Loves. (લવ્ઝ)
કહે છે. Tells. (ટૅલ્સ)	ખરેખર. Indeed. (ઇનડીડ)

હું ખરો છું. I am right. [આઇ ઍમ રાઇટ]
હુ તેને ધિક્કારૂં છું. I hate him. [આઇ હેટ હીમ]
કેમ? Why? [વ્હાય?]
કારણકે તે જુઠું કહે છે. Because he tells a lie [બી કૉઝ હી ટૅલઝ આ લાઇ]
હૂ તેણીને ચાહવું છુ. I love her. [આઇ લવ હર]
તેણી મને ચાહે છે. She loves me. [શી લવ્ઝ મી]
હું તમને ચાહુ છું. I love you. [આઇ લવ યુ]
શુ તમે મને ચાહાવો છો? Do you love me? [ડુ યુ લવ મી?]
તેઓ તેને ચાહે છે. They love him. [ધે લવ હીમ]
હુ અહીં છુ. I am here. [આઇ ઍમ હીયર]
તમે અહીં ઉભા રહો. You stop here. [યુ સ્ટૉપ હીયર]
તે ક્યા છે. Where is he? [ઉવ્હૅર ઇઝ હી?]
તે અહીં છે. He is here. [હી ઇઝ હીયર]
તે ત્યાં છે. He is there. [હી ઇઝ ધૅર]
તે ત્યાં નથી. He is not there. [હી ઇઝ નોટ ધૅર]
તેણી ક્યાં છે? Where is she? [ઉવ્હેર ઇઝ શી?]
તેણી બહાર ગઇ. She went out. [શી ઉવૅન્ટ આઉટ]
તે ક્યાં છે? Where is it? [ઉવ્હેર ઇઝ ઇટ]
આ રહ્યું. Here it is. [હીયર ઇટ ઇઝ]
પેલું રહ્યું. There it is. [ધૅર ઇટ ઇઝ]
તે અહીં હતું. It was here. [ઇટ ઉવૉઝ હીયર]

તે શું છે? What is it? [ઉવૅાટ ઇઝ ઇટ?]
શું તે સારૂં છે? Is it good? [ઇઝ ઇટ ગુડ?]
તે ખરાબ છે. It is bad. [ઇટ ઇઝ બૅડ]
તે પાછું લઇ જાઓ. Take it back. [ટેક ઇટ બૅક]
તે ખરાબ નથી. It is not bad. [ઇટ ઇઝ નૅાટ બૅડ]
શું ખરેખર એમ છે? Is it so indeed? [ઇઝ ઇટ સો ઇનડીડ?]
ખરેખાત. Upon my word. [અપૉન માઇ ઉવર્ડ]
બીલકુલ નહીં. Not at all. [નૅાટ ઍટ ઑાલ]

અભ્યાસપાઠ ૯ મો.

જવા દેવું. Let go. [લેટ ગો]
પુરૂં કરવું. Finish. [ફીનીશ]
એવું. So [સો]
સાથે. With. [ઉવીથ]
દોસ્ત. Friend. [ફ્રેન્ડ]
સારી પેઠે. Well. [ઉવૅલ]
થોડું. Some. [સમ]
હમણાંજ. Just now. [જસ્ત નાઉ]
ને. To. [ટુ]
પોતાની. Own. [ઓન]
કેવી. What? [ઉવૅાટ]
મઝાહ. Pleasure. [પ્લેઝર]
ખુશાલી. Delight. [ડીલાઇટ]
શકવું. Can. [કૅન]
ફુરસદ. Leisure. [લીઝર]

મને જવા દો. Let me go. [લેટ મી ગો]
તેને જવા દો. Let him go. [લેટ હીમ ગો]
ચાલો આપણે જઇએ. Let us go. [લેટ અસ ગો]
ચાલો આપણે જોઇએ. Let us see. [લેટ અસ સી]
મને જોવા દો. Let me see. [લેટ મી સી]
ચાલો તે આપણે કરીએ. Let us do it. [લેટ અસ ડુ ઇટ.]

ચાલો તે આપણે પુરૂં કરીએ. Let us finish it [લેટ અસ ફિનિશ ઈટ]
તેને તે પુરૂં કરવા દેવો. Let him finish it [લેટ હીમ ફિનિશ ઇટ]
ચાલો આપણે નાસ્તો કરીએ. Let us breakfast. [લેટ અસ બ્રેકફાસ્ટ]
તેને તે લેવા દેવો. Let him take it. [લેટ હીમ ટેક ઇટ]
તેણીને એમ કહેવા દેવો. Let her say so. [લેટ હર સે સો]
મને તમારી સાથે આવવા દો. Let me come with you.
[લેટ મી કમ ઉવીથ યુ]

પેલો કોણ છે? Who is he? [હુ ઇઝ હી?]
તે મારો દોસ્ત છે. He is my friend. [હી ઇઝ માઈ ફ્રેન્ડ]
તેને મોકલો. Send him. [સેન્ડ હીમ]
આ આપો. Give this. [ગીવ ધીસ]
તે લાવો Bring that. [બ્રીંગ ધૅટ]
તે અહીં લાવો Bring it here. [બ્રીંગ ઇટ હીયર]
તે પાછું લાવો. Bring it back. [બ્રીંગ ઇટ બૅક]
તે જલદી લાવો. Bring it soon [બ્રીંગ ઇટ સુન]
તે તેણીની પાસે છે She has it. [શી હૅઝ ઇટ]
તે તેણીની પાસે નથી. She has not got it. [શી હૅઝ નૅાટ ગૅાટ ઇટ]
તેણી સારી પેઠે છે. She is well. [શી ઇઝ વૅલ]
તે મને આપો. Give it to me. [ગીવ ઇટ ટુ મી]
તે અમને થોડું આપો Give us some. [ગીવ અસ સમ]
તે તેણીને આપો. Give it to her [ગીવ ઇટ ટુ હર]
તે તેને મોકલો. Send it to him. [સેન્ડ ઇટ ટુ હીમ]
તે તેની પાસે છે. He has it. [હી હૅઝ ઇટ]
તે તેની પાસે નથી He has not got it. [હી હૅઝ નૅાટ ગૅાટ ઇટ.]
કેવી મઝા? What a pleasure? [ઉવૅાટ આ પ્લેઝર?]

હું શું કરૂં? What can I do? [ઉવૉટ કૅન આઈ ડુ?]
મને ફરસુદ ન હતી, I had no leisure. [આઈ હેડ નો લીઝર]
મારેથી જે બને છે તે હું કરૂં છું. I am doing what I can.
[આઇ ઍમ ડુઇંગ ઉવૉટ આઇ કૅન]

અભ્યાસપાઠ ૧૦ મો.

જોઇએ Must. [મસ્ટ]
હું આં છું I am here. [આઈ ઍમ હીયર]
અમે આં છીયે. We are here. [ઉવી આર હીયર]
હુ ત્યાં હતો. I was there. [આઈ વૉઝ ધૅર]
તે ત્યાં છે. He is there. [હી ઇઝ ધૅર]
તેણી ત્યાં છે. She is there. [શી ઇઝ ધૅર]
તે માણસ ત્યાં છે That man is there. [ધૅટ મૅન ઇઝ ધૅર.]
મારે જવું જોઇએ. I must go. [આઈ મસ્ટ ગો]
હું જતો નથી. I do not go. [આઈ ડુ નૉટ ગો]
હું નહીં ગયો. I did not go. [આઈ ડીડ નૉટ ગો]
હું નહીં જઈશ. I will not go. [આઈ ઉવીલ નૉટ ગો]
હું નથી જતો. I am not going. [આઈ ઍમ નૉટ ગોઇંગ]
હું ગયો નથી. I have not gone. [આઈ હૅવ નૉટ ગોન]
હું જઈ શકતો નથી. I can not go. [આઈ કૅન નૉટ ગો]
તમે જાઓ છો કે? Are you going? [આર યુ ગોઇંગ?]
હું જાઉં છું I am going. [આઈ ઍમ ગોઇંગ]
તે જાય છે કે? Is he going? [ઇઝ હી ગોઇંગ?]
હા, તે જાય છે. Yes, he is going. [યસ, હી ઇઝ ગોઇંગ]
તમે બાહેર જાઓ છો? Are you going out? [આર યુ ગોઇંગ આઉટ]
હા, હું બાહેર જાઉં છું. Yes, I am going out. [યસ, આઈ ઍમ ગોઇંગ આઉટ]

શું તે બાહેર જાય છે? Is he going out? (ઇઝ હી ગોઇંગ આઉટ?)
હા, તે બાહેર જાય છે. Yes, he is going out. (યસ, હી ઇઝ ગોઇંગ આઉટ.)
ના જાઓ. Do not go. (ડુ નૉટ ગો.)
ના આવતા. Do not come. (ડુ નૉટ કમ.)
ના લેતા. Do not take. (ડુ નૉટ ટેક.)
ના બેસતા. Do not sit. (ડુ નૉટ સીટ.
દોડો ના. Do not run. (ડુ નૉટ રન.)
મને ના પુછો. Do not ask me. (ડુ નૉટ આસ્ક મી.)
મને ના કહો. Do not tell me. (ડુ નૉટ ટેલ મી.)

Do not.	(ડુ નૉટ)	એનું ટુંકું.	Don't. (ડોન્ટ) થાય છે.
Can not.	(કેન નૉટ)	,, ,,	Can't. (કાન્ટ) થાય છે.
Would not.	(વુડ નૉટ)	,, ,,	Won't (વોન્ટ) થાય છે.

અભ્યાસપાઠ ૧૧ મો.

કોઇ નહીં. No one. (નો વન)	થોભવું. Wait. (ઉવેટ)
સાત વાગતે. At seven (ઍટ સેવન)	પળ Moment. (મોમૅન્ટ)
મરજી છે. Desires. (ડીઝાયર્સ)	"સોરાબ" નામ છે. Sorab. (સોરાબ)

કોણ આવશે? Who will come? (હુ ઉવીલ કમ?)
કોઇ આવશે નહી. No one will come. (નો વન ઉવીલ કમ)
તેઓ આવશે કે? Will they come? (ઉવીલ ધે કમ?)
તેઓ આવ્યા છે. They have come. (ધે હૅવ કમ)
તમે કયારે આવશો? When will you come? (ઉવ્હૅન ઉવીલ યુ કમ?)
સાત વાગતે. At seven o'clock. (ઍટ સેવન ઓ'કલૉક)
તેની આવવાની મરજી છે. He desires to come (હી ડીઝાયર્સ ટુ કમ)
તેને આવવા દેવો. Let him come. (લેટ હીમ કમ)
તે આવે ત્યાં સુધી થોભજો. Wait till he comes. (ઉવેટ ટીલ હી કમ્સ)
હું થોભીશ. I will wait (આઈ ઉવીલ ઉવેટ)
તમે શું કહો છો? What do you say? (ઉવૉટ ડુ યુ સે?)
એક પળ થોભો. Wait a moment. (ઉવેટ આ મોમેન્ટ)

તમે શું કામ ગયા? Why did you go? (ઉવાહે ડિડ યુ ગો?)
હું સોરાબ સાથે ગયો. I went with Sorab (આઇ ઉવૅન્ટ ઉવીથ સોરાબ)
તે તમારા જેવો છે. He is just like you (હી ઇઝ જસ્ટ લાઇક યુ)
હું ઘરે જાઉં છું. I am going home. (આઇ ઍમ ગોઇંગ હોમ)
હું આવું ત્યાં સુધી થોભજો. Wait till I come. (ઉવેટ ટીલ આઇ કમ)
હું દુર નહીં જઇશ. I shall not go far (આઇ શૅલ નૅાટ ગો ફાર)
હું તમને વચન આપું છું I promise you (આઇ પ્રૅામીસ યુ)
તમે આ કામ કરી શકશો? Can you do this work?
(કૅન યુ ડુ ધિસ ઉવર્ક?)
હા સાહેબ, કાંય નહીં? Yes Sir, why not? (યસ, સર, ઉવાહે નૅાટ?)
તમે શું કહ્યું? What did you say? (ઉવૅાટ ડીડ યુ સે?)
તે કામ નથી કરતો He does not work. (હી ડઝ નૅાટ ઉવર્ક)
તમે શું કરો છો? What are you doing? (ઉવૅાટ આર યુ ડુઇંગ?)
હું લખું છું. I am writing. (આઇ એમ રાઇટીંગ)

અભ્યાસપાઠ ૧૨ મો.

દોડે છે. Runs. (રન્સ)
પંખો Fan. (ફૅન)
હાથ. Hand. (હૅન્ડ)
આપ્યું. Gave. (ગેવ)
બાપ. Father. (ફાધર)
ગુમાવી. ખોઇ. Lost. (લૅાસ્ટ)
શોધી કાઢવી. To find out. (ટુ ફાઇન્ડ આઉટ.)
વીટી Ring. (રીંગ)
જડી Found (ફાઉન્ડ)

પેલા છોકરાને જુઓ. See the boy. (સી ધી બૅાય)
તમે તેને જુઓ છો? Do you see him? (ડુ યુ સી હીમ?)

હુ તેને જોઇ શકું છું. I can see him. [આઈ કૅન સી હીમ]
હું પોતે તેને જોઉ છું. I see him myself. [આઇ સી હીમ માઇસેલ્ફ]
તે પોતે તે જુએ છે. He sees it himself. [હી સીઝ ઇટ હીમસેલ્ફ]
તે નાસી જાય છે. He runs away. [હી રન્સ અઉવે]
તે શું છે ? What is it ? [ઉવૉટ ઇઝ ઇટ ?]
શું તે પંખો છે ? Is it a fan ? [ઇઝ ઇટ આ ફૅન ?]
હા; તે મારો પંખો છે ? Yes, it is my fan. [યસ, ઇટ ઇઝ માઈ ફૅન ?]
તે તેણીના હાથમાં છે. It is in her hand [ઇટ ઇઝ ઇન હર હૅન્ડ]
તમને કોણે આપ્યો ? Who gave you ? [હુ ગેવ યુ ?]
પી. એ મને આપ્યો. P. gave it to me. [પી. ગેવ ઇટ ટુ મી]
મારા બાપે મને આપ્યો. My father gave me. [માઈ ફાધર ગેવ મી]
મેં મારી વીંટી ખોહી. I lost my ring. [આઇ લૉસ્ટ માઇ રીંગ]
તે શોધી કાઢો. Find it out. [ફાઇન્ડ ઇટ આઉટ.]
વાર નહીં લગાડો? Don't be long. [ડોન્ટ બી લૉંગ]
તે જડી કે ? Is it found ? [ઇઝ ઇટ ફાઉન્ડ ?]
તે ક્યાં હતી ? Where was it ? [ઉવ્હેર ઉવૉઝ ઇટ ?]
તે ત્યાં હતી. It was there. [ઇટ ઉવૉઝ ધૅર]

અભ્યાસપાઠ ૧૩ મો.

ડાહ્યો. Wise. [ઉવાઇઝ]
જીત્યું Won [ઉવન]
ખોયું, હારી ગયો. Lost. [લૉસ્ટ]
પકડવું. To catch. [ટુ કૅચ]
ખચીત. Must [મસ્ત]
નાંખવું Throw. [થ્રો]
ઉપાડવું Pick. [પીક]
બીહવું To be afraid.[ટુ બી અફ્રેડ]
ગભરાવું. To be frightened. [ટુ બી ફ્રાઇટન્ડ]
મદદ. Help. [હૅલ્પ]
હાજર. Present. [પ્રેઝન્ટ]
ના. Not. [નૉટ]

તે ડાહ્યો છે. He is wise. [હી ઇઝ ઉવાઇઝ]
વાત ના કરો. Don't talk. [ડોન્ટ ટૉક]
તે મારી પાસે લાવો. Bring it to me. [બ્રીંગ ઇટ ટુ મી]
કોણ જીત્યું ? Who won ? [હુ ઉવન ?]
હું જીત્યો. I won. [આઇ ઉવન]
તે તે હારી ગયો. He lost it. [હી લૉસ્ટ ઇટ]
તમે ના જાઓ. You don't go. [યુ ડોન્ટ ગો]
હું હયાં છું. I am here. [આઇ ઍમ હીયર]
તે ત્યાં છે. He is there. [હી ઇઝ ધૅર]
તેને પકડો. Catch him. [કૅચ હીમ]
તેણે તે કીધું. He did it. [હી ડિડ ઇટ]
તમારે તે કરવુંજ જોઇએ. You must do it [યુ મસ્ત ડુ ઇટ]
તે ના કરો. Don't do it. [ડોન્ટ ડુ ઇટ]
તે નાંખી દો Throw it away. [થ્રો ઇટ અઉવે]
તે ઉચકી લેવો. Pick it up. [પીક ઇટ અપ]
તેની પાસે જાઓ. Go to him. [ગો ટુ હીમ]
મારી પાસે આવો. Come to me. [કમ ટુ મી]
તેણી બીધી છે. She is afraid. [શી ઇઝ અફ્રેડ]
તે ગભરાયલો છે. He is frightened. [હી ઇઝ ફ્રાઇટન્ડ]
તેને મદદ કરો. Help him. [હૅલ્પ હીમ]
કાંય નહીં ? Why not ? [વ્હાય નૉટ ?]
તમે ક્યાં હતા ? Where were you ? [ઉવ્હેર ઉવર યુ ?]
હુ હયાંજ હતો. I was here. [આઇ ઉવૉઝ હીયર]
હું હાજર નહીં હતો. I was not present. [આઇ ઉવૉઝ નૉટ પ્રેઝન્ટ]
તે ત્યાં હતો. He was there. [હી ઉવૉઝ ધૅર]

અભ્યાસપાઠ ૧૪ મો.

બીહવું. Fear. (ફીયર)	બેદરકાર. Careless. (કૅરલૅસ)
કારણ નથી. Need not. (નીડ નૉટ)	ઘાટકી. Cruel. (ક્રૂઅલ)
નાશી જવું. Run away. (રન અવે)	ત્રાસ આપવો. Annoy. (ઍનૉય)
બીકણ. Timid. (ટીમીડ)	કંટાળેલો. Tired. (ટાયર્ડ)
બહાદુર. Bold. (બોલ્ડ)	ફુરસદ. Leisure. (લીઝર)

તમે બીધા કે? Are you afraid? (આર યુ અફ્રેડ?)
હા, હું બીધો. Yes, I am afraid. (યસ, આઇ ઍમ અફ્રેડ)
નહીં, હું બીધો નથી. No, I am not afraid. (નો, આઇ ઍમ નૉટ અફ્રેડ)
તમે શા માટે બીહો છો? Why are you afraid? (વ્હાય આર યુ અફ્રેડ)
તમારે બીહવાનું કારણ નથી. You need not fear. (યુ નીડ નૉટ ફીયર)
તમે તે માણસથી બીહો છો? Are you afraid of that man? (આર યુ અફ્રેડ ઑફ ધૅટ મૅન?)
તમે નાશી ગયા કે? Did you run away? (ડિડ યુ રન અવે)
હું નાશી નહીં ગયો. I did not run away. (આઇ ડિડ નૉટ રન અવે)
હું બીધો હતો. I was afraid. (આઇ વૉઝ અફ્રેડ)
હું બીકણ નથી. I am not timid. (આઇ એમ નૉટ ટીમીડ)
તે બહાદુર નથી. He is not bold. (હી ઇઝ નૉટ બોલ્ડ)
તેઓ બેદરકાર નથી. They are not careless. (ધે આર નૉટ કૅરલૅસ)
તેણી ઘાટકી નથી. She is not cruel. (શી ઇઝ નૉટ ક્રૂઅલ)
તમે મને ત્રાસ આપો છો. You annoy me. (યુ ઍનૉય મી)
શું તેણે તમને ત્રાસ આપ્યો? Did he annoy you? (ડિડ હી ઍનૉય યુ?)
તે કંટાળેલો છે. He is tired. (હી હીઝ ટાયર્ડ)
તેને ફુરસદ નથી. He has no leisure. (હી હૅઝ નો લીઝર)

અભ્યાસપાઠ ૧૫ મો.

ખોટું. Wrong. (રૉંગ)	મોકલ્યું. Sent. (સેન્ટ)
ખરૂં. Right. (રાઇટ)	થી. By. (બાઇ)
અથવા. Or. (ઑર)	નોકર. Servant. (સરવન્ટ)
ઉછીકું આપવું. Lend. (લેન્ડ)	ટપાલમાં By post. (બાઇ પોસ્ટ)

શું હું ખોટો છું? Am I wrong? (એમ આઇ રૉંગ?)
નહીં, તમે ખોટા નથી. No, you are not wrong. (નો, યુ આર નૉટ રૉંગ)
હું ખરો છું કે? Am I right? (એમ આઇ રાઇટ?)
હા, તમે ખરા છો. Yes, you are right. (યસ, યુ આર રાઇટ)
તમે ખરા નથી. You are not right. (યુ આર નૉટ રાઇટ.)
હું ખરો છું કે ખોટો? Am I right or wrong? (એમ આઇ રાઇટ ઑર રૉંગ?)
તે ચોપડી કોણની પાસે છે? Who has that book? (હુ હૅઝ ધૅટ બુક)
આ માણસ પાસે તે ચોપડી છે. This man has that book. (ધીસ મૅન હૅઝ ધૅટ બુક)
કોણની પાસે છે? Who has got it? (હુ હૅઝ ગૉટ ઇટ)
આ છોકરા પાસે છે. This boy has got it. (ધીસ બૉય હૅઝ ગૉટ ઇટ)
તેની પાસે તે ચોપડી છે. He has that book. (હી હૅઝ ધૅટ બુક)
મારી પાસે એક ચોપડી છે. I have a book. (આઇ હૅવ આ બુક)
તે મને ઉછીકી આપો. Lend it to me. (લૅન્ડ ઇટ ટુ મી)
તમે તે કોણની સાથે મોકલી? With whom did you send it? (ઉવીથ હુમ ડિડ યુ સેન્ડ ઇટ?)
તે મેં મારા નોકર સાથે મોકલી. I sent it with my servant. (આઇ સેન્ટ ઇટ વીથ માઇ સરવંટ)
તે મેં ટપાલમાં મોકલી. I sent it by post. (આઇ સેન્ટ ઇટ બાઇ પોસ્ટ

અભ્યાસપાઠ ૧૬ મો.

ભુખ્યા. Hungry. (હંગ્રી)
તરસ્યા Thirsty. (થર્સ્ટી)
ઉંઘ આવવી. To feel sleepy. (ટુ ફીલ સ્લીપી)
લાગવું Feel. (ફીલ)
ગરમી. Warm. (ઉવૉર્મ)
ઠંડી Cold. (કોલ્ડ)
કરતાં Doing. (ડુઇંગ)
લખતાં Writing. (રાઇટીંગ)
કામ. Work. (ઉવર્ક)
જલદી. Soon. (સુન)
ખલાસ થવું. Over. (ઓવર)

શું તમે ભુખ્યા છો? Are you hungry? (આર યુ હંગ્રી?)
હા, હું ભુખ્યો છું. Yes, I am hungry. (યસ, આઇ ઍમ હંગ્રી)
હું ભુખ્યો નથી. I am not hungry. (આઇ ઍમ નૉટ હંગ્રી)
શું તમે તરસીયા છો? Are you thirsty? (આર યુ થર્સ્ટી?)
હા, હું તરસીયો છું. Yes, I am thirsty. (યસ, આઇ ઍમ થર્સ્ટી)
હું તરસીયો નથી. I am not thirsty. (આઇ ઍમ નૉટ થર્સ્ટી)
શું તમને ઉંઘ આવે છે? Do you feel sleepy? (ડુ યુ ફીલ સ્લીપી?)
હા, મને ઉંઘ આવે છે. Yes, I feel sleepy. (યસ, આઇ ફીલ સ્લીપી.)
મને ઉંઘ આવતી નથી. I do not feel sleepy. (આઇ ડુ નૉટ ફીલ સ્લીપી)
શું તમને ગરમી લાગે છે? Do you feel warm? (ડુ યુ ફીલ ઉવૉર્મ?)
હા, મને ગરમી લાગે છે. Yes, I feel warm. (યસ, આઇ ફીલ ઉવૉર્મ.)
મને ગરમી લાગતી નથી. I do not feel warm. (આઇ ડુ નૉટ ફીલ ઉવૉર્મ)
શું તમને ઠંડી લાગે? Do you feel cold? (ડુ યુ ફીલ કોલ્ડ?)
હા, મને ઠંડી લાગે છે. Yes, I feel cold. (યસ, આઇ ફીલ કોલ્ડ)
મને ઠંડી લાગતી નથી. I do not feel cold. (આઇ ડુ નૉટ ફીલ કોલ્ડ)
તે કામમાં હું તેણીને મદદ કરીશ. I will help her in that work. (આઇ ઉવીલ હૅલ્પ હર ઇન ધૅટ વર્ક)

હું તમને લખવામાં મદદ કરીશ. I will help you in writing. (આઈ ઉવીલ હૅલ્પ યુ ઈન રાઇટીંગ)

હું તમને તમારા કામમાં મદદ કરીશ. I will help you in your work. (આઈ ઉવીલ હૅલ્પ યુ ઇન યૅાર ઉવર્ક)

કામ જલદી ખલાસ થયું હતું. The business was soon over. (ધી બીઝનેસ વૅાઝ સૂન ઑાવર)

અભ્યાસપાઠ ૧૭ મો.

પૈસા. Money. (મની)	ધ્યાન આપવું. Pay attention. (પે ઍટેન્શન)
કાંઈ. Any. (ઍની)	મોટેથી બોલવું. Speak out. (સ્પીક આઉટ)
ત્રણ યા ચાર, Three or four. (થ્રી ઑાર ફોર)	ઇચ્છા, મરજી, જવાબદારી, ઇત્યાદી દર્શક ક્રિયાપદ. May. (મે)
કામનું Of use. (ઑાફ યુસ)	સાંભળવું. Hear. (હીયર)
ઘણાં. Plenty. (પ્લૅન્ટી)	ફાયદો. Profit. (પ્રૅાફીટ.)
ઉપયોગી. Useful. (યુસફુલ)	ધંધો, વેપાર. Business. (બીઝનેસ)
મેહરબાંન. Please. (પ્લીઝ)	

તેની પાસે કંઇ પૈસા છે કે? Has he any money? (હૅઝ હી ઍની મની?)

હા, તેની પાસે થોડા પૈસા છે. Yes, he has some money. (યસ, હી હૅઝ સમ મની)

તેની પાસે પૈસા નથી. He has no money. (હી હૅઝ નો મની)

તમારી પાસે કાંઇ પૈસા છે? Have you any money? (હૅવ યુ ઍની મની?)

મારી પાસે થોડા પૈસા છે. I have some money. (આઈ હૅવ સમ મની)

મારી પાસે દશ રૂપીઆ છે. I have ten rupees. (આઈ હૅવ ટેન રૂપિઝ)

મને ત્રણ ચાર રૂપીઆ આપો. Give me three or four rupees. (ગીવ મી થ્રી ઑર ફોર રૂપિઝ)
મારી પાસે પૈસા નથી. I have no money. (આઇ હૅવ નો મની)
મને એ શું કામનું? Of what use it is to me? (ઑફ્ ઉવૉટ યુસ ઇટ ઇઝ ટુ મી?)
મારી પાસે ઘણાં છે. I have plenty. (આઇ હૅવ પ્લૅન્ટી)
આ મને કામનું છે. This is useful to me. (ધિસ ઇઝ યુસફુલ ટુ મી)
મોટેથી બોલો કે હું તમને સાંભળી શકું. Speak loudly that I may hear you. (સ્પીક લાઉડલી ધૅટ આઇ મે હીયર)
મને મારા કામમાં ફાયદો નથી. I have no profit in my business. (આઇ હૅવ નો પ્રૉફીટ ઇન માઇ બીઝનેસ)
મેહેરબાની કરીને ધ્યાંન આપો. Please pay attention. (પ્લીઝ પે ઍટૅનશન)

અભ્યાસપાઠ ૧૮ મો.

શક્તિવાન Able. (એબલ)	કેમ? How. (હાઉ?)
કોણને? To whom? (ટુ હુમ?)	ગયો હતો. Had been. (હૅડબીન)
કેહવાડે છે. Sends word. (સૅન્ડસ ઉવર્ડ)	કદી નહીં. Never. (નૅવર)
હીંમત કરવી. Dare. (ડૅર)	ફરીથી. Again. (અગેન)

શું તે કરવા હું શક્તિવાન થઇશ? Will I be able to do it? (વીલ આઇ બી એબલ ટુ ડુ ઇટ?)
તમો શું કરો છો? What are you doing? (ઉવૉટ આર યુ ડુઇંગ?)
હું કોણને કહું? Whom shall I say? (હુમ શૅલ આઇ સે?)
હું શું કહું છું? What do I say? (ઉવૉટ ડુ આઇ સે?)
શું મારે જવું?, Am I to go? (ઍમ આઇ ટુ ગો?)

શું મારે આવવું કે? Am I to come? (ઍમ આઇ ટુ કમ?)
શું તમે બાહેર જાઓ છો? Do you go out? (ડુ યુ ગો આઉટ?)
હા, હું બાહેર જાઉં છું. Yes, I go out. (યસ, આઇ ગો આઉટ)
હું હજી બોલતો નથી. I do not speak yet. (આઇ ડુ નૉટ સ્પીક યટ)
તેણે મને ખબર આપી. He informed me. (હી ઇનફૉર્મ્ડ મી)
હું ત્યાં જવાને બીધો. I was afraid to go there.
(આઇ ઉવૉઝ અફ્રેડ ટુ ગો ધેર)
હુ ત્યાં જવાને હીમત કરૂં છું. I dare go there.
(આઇ ડૅર ગો ધૅર)
હુ તે કરવાને હીંમત કરૂં છું. I dare to do it. (આઇ ડૅર ટુ ડુ ઇટ)
હું કરીશ. I will do. (આઇ ઉવીલ ડુ)
હું તે કરી શકીશ. I can do it. (આઇ કૅન ડુ ઇટ)
તે કેમ કરવું તે હું જાણું છું. I know how to do it.
(આઇ નો હાઉ ટુ ડુ ઇટ)
હું ત્યાં ગયો હતો. I had been there. (આઇ હૅડ બીન ધૅર)
હું ત્યાં ગયો નહીં હતો. I had not been there.
(આઇ હૅડ નૉટ બીન ધૅર)
શું તમે ત્યાં ગયા હતા? Had you been there? [હૅડ યુ બીન ધૅર]
શું તે ત્યાં ગયો હતો? Had he been there? [હૅડ હી બીન ધૅર]
તે ત્યાં ગયો હતો. He had been there. [હી હૅડ બીન ધૅર]
હું ત્યાં હજી ગયો નથી. I have not yet been there.
[આઇ હૅવ નૉટ યટ બીન ધૅર]
તે ફરીથી ગયો છે. He has gone again. [હી હૅઝ ગૉન અગેન]

અભ્યાસપાઠ ૧૯ મો.

કાંઈ નહીં Nothing. (નથીંગ)
સારી પેઠે Well. (ઉવૅલ)
કઠણુ, અઘરૂં Difficult. (ડીફીકલ્ટ)
ખરાબ કીધું. Spoilt. (સ્પૉઇલ્ટ)
અડકવું, હાથ લગાડવો. Touch. (ટચ)
વસ્તુ. ચીજ. Things. (થીંગ્સ)
મૂર્ખ. Foolish. (ફુલીશ)
ખુબસુરત Beautiful. (બ્યુટિફુલ)
સાંભળવું Hear. (હીયર)
નામ. Name (નામ)
"કાવસજી" નામ છે. Cawasjee. [કાવસજી]
બાપનું. Father's. [ફાધર્સ]
અટક, ઓળખ, Surname. [સરનેમ]
જન્મેલું Born. [બૉર્ન]
મુંબઈ. Bombay. [બૉમ્બે]
ઉંમર Age. [એજ]
વરસ. Years. [ઇયર્સ]
ધંધો. Occupaon. [ઑક્યુપેશન]
વેપારી. Merchant. [મરચન્ટ]

તેણે શું કીધું? What did he do? [ઉવૅાટ ડિડ હી ડુ?]
તેણે કાંઈ કીધું નહીં. He did nothing. [હી ડિડ નથીંગ]
તે કામ સારી પેઠે કરો. Do that work well. [ડુ ધૅટ ઉવર્ક ઉવૅલ]
આ બહુ કઠણુ કામ છે. This is a very difficult work. [ધિસ ઇઝ આ વૅરી ડીફીકલ્ટ ઉવર્ક]
આ કોણે કીધું? Who did this? [હુ ડિડ ધિસ?]
મેં કીધું, સાહેબ. I did it, Sir. [આઈ ડિડ ઇટ, સર.]
તમને તે કરવા કહ્યું કોણે? Who told you to do that? [હુ ટોલ્ડ યુ ટુ ડુ ધૅટ?]
તે તમારૂં કામ નહીં હતું. It was not your work. [ઇટ વૉઝ નૉટ યૉર ઉવર્ક]
તમે આ બધું ખરાબ કીધું. You have spoilt all this. [યુ હૅવ સ્પૉઇલ્ટ ઑલ ધિસ]
મારી ચોપડીઓને તમારે હાથ લગાડવો નહીં જોઇએ. You must not touch my books. [યુ મસ્ટ નૉટ ટચ માઇ બુક્સ.]

તમે કેટલા ભલા છો? How good you are? [હાઉ ગૂડ યુ આર?]
તે કેવો મૂર્ખ છે! How foolish he is! [હાઉ ફુલિશ હી ઇઝ?]
તેણી કેવી ખુબસુરત છે? How beautiful she is?
[હાઉ બ્યુટીફુલ શી ઇઝ?]
તેણી સાંભળશે. She will hear it. [શી ઉવીલ હિયર ઇટ]
તેણી આપણને સાંભળે છે. She hears us. [શી હીયર્સ અસ]
તમારૂં નામ શું? What is your name? [ઉવૉટ ઇઝ યૉર નેમ]
મારૂં નામ કાવસજી છે. My name is Cawasjee.
[માઇ નેમ ઇઝ કાવસજી]
તમારા પિતાનું નામ શું? What is your father's name?
[ઉવૅાટ ઇઝ યૉર ફાધર્સ નેમ?]
તમારી અટક શું? What is your surname?
[ઉવૅાટ ઇઝ યૉર સરનેમ?]
તમારો જન્મ કયાં થયો? Where were you born?
[ઉવ્હૅર ઉવર યુ બૉર્ન?]
હું મુંબઇમાં જનમ્યો. I was born in Bombay.
[આઇ ઉવૉઝ બૉર્ન ઇન બૉમ્બે]
તમારી ઉમ્મર કેટલી છે? How old are you? [હાઉ ઓલ્ડ આર યુ]
તમારી ઉમ્મર શું? What is your age? [ઉવૅાટ ઇઝ યૉર એજ?]
મારી ઉમ્મર ત્રીસ વર્ષની છે. I am thirty years of age.
[આઇ એમ થર્ટી ઇયર્સ ઑફ એજ]
તમારા પિતા શું ધંધો કરે છે? What is your father's occupation
[ઉવૅાટ ઇઝ યૉર ફાધર્સ ઑક્યુપેશન?]
તે એક વેપારી છે He is a merchant. [હી ઇઝ આ મરચન્ટ]
તમે શું ધંધો કરો છો? What is your occupation?
[ઉવૅાટ ઇઝ યૉર ઑક્યુપેશન?]

તમે શું ધંધો કરવાના છો ? What are you going to be?
[ઉવૅાટ આર યુ ગોઇંગ ટુ બી ?]

હું વેપારી થવા ઇચ્છું છું. I wish to be a merchant.
[આઈ ઉવિશ ટુ બી આ મરચન્ટ]

અભ્યાસપાઠ ૨૦ મો.

દેખાડો. Show. [શો]
મને. To me. [ટુ મી]
ગમવું, પસંદ પડવું. Like. [લાઇક]
ઘણું. Much. [મચ]
ભાઇ. Brother. [બ્રધર]
વધારે. More. [મૅાર]
કોઈ, જે. Whichever. [ઉવીચઍવર]
પુરતું. Enough. [ઇનફ]
થોડું. Little. [લીટલ]
નોકર. Servant. [સરવન્ટ]
ખોટી કરવું. Dolay. [ડીલે]
વિશ્વાસ. Trust. [ટ્રસ્ટ]
વિચારવું. Think. [થિંક]
પસંદ કરતો નથી. Don't like. [ડોન્ટ લાઇક]
બીલકુલ. At all. [ઍટ ઑાલ]
આળસુ માણસ. Lazy fellow. (લેઝી ફૅલો)
કાઢી મુકયો. Dischrged. [ડીસચાર્જ્ડ]
ચાકરીએ રાખવું. To engage. [ટુ ઍન્ગેજ.]
દેખાવું. To appear. [ટુ ઍપીયર]
ચાલાક, હુશીઆર. Sharp. [શાર્પ]

આ શું છે What is this? [ઉવૅાટ ઇઝ ધિસ ?]
તે શું છે. What is that? [ઉવૅાટ ઇઝ ધૅટ ?]
મને તે દેખાડો. Show it to me. [શો ઇટ ટુ મી]
તમે મને તે આપશો? Will you give it to me?
[ઉવીલ યુ ગીવ ઇટ ટુ મી ?]
તમને આ ગમે છે? Do you like this? [ડુ યુ લાઇક ધિસ ?]
હા, તે મને ઘણું ગમે છે. Yes, I like it much. [યસ, આઇ લાઇક ઇટ મચ]

મને આ પસંદ નથી. I do not like this. [આઈ ડુ નૉટ લાઇક ધીસ]
મને પેલું ગમે છે. I like that. [આઈ લાઈક ધૅટ.]
તમારે ગમે તે લેવો. Take what you like. [ટેક વૉટ યુ લાઈક.]
આ સારૂં છે. This is good. [ધિસ ઇઝ ગુડ]
પેલું ખરાબ છે. That is bad. [ધૅટ ઇઝ બૅડ.]
ફીકર નહી. Never mind. [નૅવર માઇન્ડ]
તેને એમ કહેજો. Tell him so. [ટૅલ હીમ સો]
તે મારો ભાઈ છે. He is my brother. [હી ઈઝ માઈ બ્રધર]
હું તેનો ભાઈ છું. I am his brother. [આઇ ઍમ હીઝ બ્રધર]
શું આ પુરતું નથી? Is this not enough [ઈઝ ધિસ નૉટ ઈનફ]
આ જોઇયે તે કરતાં ઘણું છે. This is more than enough.
[ધિસ ઈઝ મૉર ધૅન ઈનફ]
આ ઘણું નાનું છે. This is very small [ધિસ ઈઝ વૅરી સ્મૉલ]
તમે કોણુના નોકર છો? Whose servant are you? [હુઝ સરવન્ટ આર યુ]
એક ચાકરને ત્યાં મોકલો. Send a servant there [સૅન્ડ એ સરવન્ટ ધૅર]
તમારા ચાકરને બોલાવો. Call your servant. [કૅાલ યૅાર સરવન્ટ.]
મારો ચાકર બાહેર ગયો છે. My servant has gone out.
[માઈ સરવન્ટ હૅઝ ગૉન આઉટ.]
તમે તે ચાકરનો વિશ્વાસ કરો છો? Do you trust that servant?
[ડુ યુ ટ્રસ્ટ ધૅટ સરવંટ?]
તે મારો નિમકહલાલ ચાકર છે. He is my faithful servant.
[હી ઇઝ માઈ ફેઇથફુલ સરવંટ.]
હું તેનો ભરોસો કરૂછું. I trust him. [આઈ ટ્રસ્ટ હીમ.]
તેને માટે મારૂં મત સારૂં છે. I think well of him.
[આઇ થીંક ઉવૅલ ઑફ હીમ.]

હું તેને બીલકુલ પસંદ કરતો નથી. I don't like him at all.
(આઈ ડોન્ટ લાઈક હીમ ઍટ ઑલ.)

તે આળસુ માણસ હતો. He was a lazy fellow. [હી ઉવૉઝ આ લેઝી ફેલો]

મેં તેને કાઢી મુકયો છે. I have discharged him. [આઈ હૅવ ડિસચાર્જ્ડ હીમ.]

શું તમે આ માણુસને ચાકરીએ રાખો છો? Do you engage this man?
[ડુ યુ એન્ગેજ ધિસ મૅન?]

તે હુશીયાર દેખાતો નથી. He does not appear to be sharp.
[હી ડઝ નૉટ ઍપીયર ટુ બી શાર્પ]

અભ્યાસપાઠ ૨૧ મો.

ઉપકાર માનવો. To thank. [ટુ થૅંક]	જતુ રહ્યું. Went away [ઉવૅન્ટ અઉવે]
ખોદા. God. [ગૉડ]	ઉભા રહેવું. To stop. [ટુ સ્ટૉપ]
બંદગી કરવી. To pray. [ટુ પ્રે]	થોભવું. To wait. [ટુ ઉવેટ]
દેવળ. Church. [ચર્ચ]	મરજી. Please. [પ્લીઝ]
ચેહરો. Face. [ફેસ]	ઉપયોગી. Useful. [યુસફુલ]
ધોવું. To wash. [ટુ ઉવૉશ]	ઉપયોગ કરવો, વાપરવું. Use. [યુસ]
મેલું. Dirty. [ડર્ટી]	

ખોદાનો ઉપકાર માનો. Thank God. [થૅન્ક ગૉડ]

તમે બંદગી કરો છો? Do you pray? [ડુ યુ પ્રે]

હા, હું (બંદગી) કરૂં છું. Yes, I do. [યસ આઈ ડુ]

હું દેવળમાં જાઉં છું. I go to church. [આઈ ગો ટુ ચર્ચ.]

તેનાં મોઢાં તરફ જુઓ Look at his face. [લુક ઍટ હીઝ ફેસ]

તમારૂં મોઢું ધુવો. Wash your face. [વૉશ યૉર ફેસ]
તે મેલું છે. It is dirty. [ઇટ ઇઝ ડર્ટી]
જઇને જુઓ. Go and see. [ગો એન્ડ સી]
ત્યાં કોણ છે? Who is there. [હુ ઇઝ ધૅર?]
તેનું નામ શું? What is his name? [ઉવૉટ ઇઝ હીઝ નેમ?]
તેનું નામ કાનજી છે. His name is Kanjee. [હીઝ નેમ ઇઝ કાનજી]
તે ક્યાં છે? Where is he? [ઉવ્હેર ઇઝ હી?]
તે ત્યાં છે. He is there. [હી ઇઝ ધૅર]
તેને અહિયાં બોલાવો. Call him here. [કૉલ હીમ હીયર]
તેને પાછો બોલાવો. Call him back. [કૉલ હીમ બૅક]
તે જતો રહ્યો. He went away. [હિ ઉવૅન્ટ અઉવે]
તેણી જતી રહી. She went away. [શી ઉવૅન્ટ અઉવે]
તેણીને જવા દો. Let her go. [લેટ હર ગો]
તેને ઉભો રાખો. Stop him. [સ્ટૉપ હીમ]
તે માણસ જાય છે. That man is going. [ધૅટ મૅન ઇઝ ગોઇંગ]
તેને થોભવા કહો. Tell him to wait. [ટેલ હીમ ટુ ઉવેટ]
આ તેને આપો. Give this to him [ગીવ ધિસ ટુ હીમ]
તેને તે પાછું આપો. Give it back to him. [ગીવ ઇટ બૅક ટુ હીમ]
જેવી તમારી મરજી. As you please. [ઍઝ યુ પ્લીઝ]
તમને ગમે તો લેવો. You may take it. [યુ મે ટેક ઇટ]
તે લઇ ગયો. He took it away. [હી ટૂક ઇટ અઉવે]
આ કામનું છે. This is useful. [ધિસ ઇઝ યુસફુલ]
તે શું કામનું છે. Of what use is that? [ઑફ઼ ઉવૉટ યુસ ઇઝ ધૅટ]
તે કાંઇ કામનું નથી. It is good for nothing. [ઇટ ઇઝ ગુડ ફૉર નથીંગ]

અભ્યાસપાઠ ૨૨ મો.

ઉધ્યોગી. Diligent. (ડીલીજેન્ટ)	જવાબ. Answer. (આનસર)
કહ્યું. Said. (સેડ)	સવાલ. Question. (કવૅશચન)
એમ. So. (સો)	બીહે છે. Fears. (ફીઅર્સ)
પુછવું. Ask. (આસ્ક)	બીધું. Afraid. (અફ્રેડ)
અલબત. Of course. (ઑફ કૅાર્સ)	સાંભળો. Hark. (હાર્ક)
માણસ. Person. (પરસન)	બોલાવ્યા. Called. (કૅાલ્ડ)
ગેરહાજર. Absent. (ઍબસન્ટ)	હમણાંજ. Just. (જસ્ત)
માંદો. Ill. (ઇલ)	ત્યારે. Then. (ધૅન)
વિચારવું. Think. (થીંક)	

તે ઉધ્યોગી છે. He is diligent. (હી ઇઝ ડીલીજેન્ટ)
તમે આળસુ છો. You are lazy. (યુ આર લેઝી)
એમ કોણ કહે છે? Who says so? (હુ સેઝ સો?)
તેણે એમ કહ્યું. He said so. (હી સેડ સો)
તેણીએ એમ કહ્યું. She said so (શી સેડ સો)
હું તેણીને પુછીશ. I will ask her. (આઇ ઉવીલ આસ્ક હર)
તમે તેને પુછશો? Will you ask him? (ઉવીલ યુ આસ્ક હીમ?)
અલબત. Certainly. (સરટનલી)
આ મારે માટે કરો. Do this for me (ડુ ધિસ ફૅાર મી)
ઘણું સારૂં. Very well. (વેરી ઉવૅલ)
તે ગયો કે? Is he gone? (ઇઝ હી ગૅાન?)
તે અહીયાં છે, સાહેબ. He is here, Sir, (હી ઇઝ હીયર, સર)
એજ માણસ. The same person. (ધી સેમ પરસન)
તે ગેરહાજર છે. He is absent. (હી ઇઝ ઍબસેન્ટ)
તે આજારી હશે. He must be ill. (હી મસ્ટ બી ઇલ)

હું એમ ધારૂં છું. I think so. (આઇ થીંક સો)
તમે એમ ધારો છો? Do you think so? (ડુ યુ થીંક સો)
હું એમ નથી ધારતો. I do not think so. (આઈ ડુ નૉટ થીંક સો)
મારા સવાલનો જવાબ આપો. Answer my question
(આનસર માઈ કવૅશચન)
તે બીહે છે. He is afraid. (હી ઇઝ અફ્રેડ.)
બીહતા ના. Don't be afraid. (ડોન્ટ બી અફ્રેડ)
કોણ બીધું છે? Who is afraid? (હુ ઇઝ અફ્રેડ?)
તેણી ઘણી બીધી છે. She is much afraid. (શી ઇઝ મચ અફ્રેડ)
હું અંદર આઉં? May I come in? (મે આઇ કમ ઇન?)
અંદર આવો, સાહેબ. Walk in, Sir. (ઉવૉક ઇન, સર)
હું બાહેર જાઉં? May I go out? (મે આઈ ગો આઉટ?)
સાંભળો, તેઓ તમને બોલાવે છે. Hark, they call you.
(હાર્ક, ધે કૉલ યુ)
તેઓએ આપણને બોલાવ્યા. They called us. (ધે કૉલ્ડ અસ)
હું હમણાંજ આવ્યો. I have just come. (આઈ હૅવ જસ્ટ કમ)
ત્યારે ગમે તો તમે જાઓ. You may go then. (યુ મે ગો ધૅન)

અભ્યાસપાઠ ૨૩ મો.

ઘર. House. (હાઉસ)
પાસે, જોડે. Next. (નૅક્સ્ટ)
વિષે. About. (અબાઉટ)
કોઇ. Any one. (ઍની વન)
શેઠ. Mister. (મીસ્ટર)
ટૉમ નામ છે. Tom. (ટૉમ)
મળવું To see. (ટુ સી)
રોકાયલો Engaged. (ઍનગેજડ)
માલ ઉપર. Upstairs. (અપસ્ટૅર્સ)
માંથી From. (ફ્રૉમ)
પેઢી Office. (ઑફિસ)
મોકલ્યું Sent. (સૅન્ટ)
રહેવું Live. (લીવ)
સીધું Directly. (ડિરેક્ટલી)
જ્યારે, ક્યારે When. (ઉવ્હેન)
મળવું Find. (ફાઇન્ડ)

તેનું ઘર મારાં ઘરની જોડે છે. His house is next to mine.
(હીઝ હાઉસ ઇઝ નૅક્સ્ટ ટુ માઇન)

તેને એ વિષે જણાવજો. Let him know about this.
(લૅટ હીમ નો અબાઉટ ધિસ)

હું જઇને તેને કહીશ. I will go and tell him.
(આઈ ઉવીલ ગો ઍન્ડ ટૅલ હીમ)

ત્યાં કોઈ છે કે? Is any one there? (ઇઝ એની વન ધૅર?)

તમે કોણ છો? Who are you? (હુ આર યુ?)

મી૦ ટૉમસન ઘરમાં છે કે? Is Mr. Tomson at home?
(ઇઝ મી૦ ટૉમસન ઍટ હોમ?)

મારે તેમને મળવું છે. I want to see him. (આઈ ઉવૉન્ટ ટુ સી હીમ)

તેવણ રોકાયલા છે. He is engaged. (હી ઇઝ ઍનગેજડ)

મેહેરબાની કરીને બેસો. Please take a seat (પ્લીઝ ટેક આ સીટ.)

તેઓ માલ ઉપર છે. He is upstairs. (હી ઇઝ અપસ્ટૅર્સ)

તમને માલ ઉપર બોલાવે છે. You are called upstairs.
(યુ આર કૉલ્ડ અપસ્ટૅર્સ)

જૉન ક્યાં છે? Where is John? (ઉવ્હેર ઇઝ જૉન)

તે ફરવા ગયો છે. He has gone out for a walk?
(હી હૅઝ ગાન આઉટ ફૉર આ ઉવૉક)

તે પાછો ક્યારે આવશે? When will he return? (ઉવ્હેન ઉવીલ હી રીટર્ન?)

હું તેને મળવા માગું છું. I wish to see him. (આઇ ઉવીશ ટુ સી હીમ)

તે હમણાંજ બાહેર ગયો છે. He has just gone out. (હી હૅઝ જસ્ટ ગૅાન આઉટ)

તમે ક્યાંથી આવ્યા છો? Where have you come from?
(ઉવ્હૅર હૅવ યુ કમ ફ્રૅામ?)

આફીસમાંથી From the office. (ફ્રૅામ ધી ઑફીસ)

તમને કોણે મોકલ્યા? Who sent you? (હુ સૅન્ટ યુ?)
તમે કયાં રહો છો? Where do you reside? (ઉવ્હૅર ડુ યુ રીસાઇડ?)
તે આવતો હશે. He must be coming. (હી મસ્ટ બી કમીંગ)
મને ઘરમાં તે કયે વખતે મળશે? At what time can I find him at home. (ઍટ વૉટ ટાઇમ કૅન આઇ ફાઇન્ડ હીમ ઍટ હોમ?)
સાત વાગતે. At sevon o'clock. (ઍટ સૅવન ઓ'ક્લૉક)

અભ્યાસપાઠ ૨૪ મો.

ગયા હતા. Had been. (હૅડબીન)	ઇરાદો રાખવો. Intend. (ઇનટૅન્ડ)
સક્કારે. Early. (અર્લી)	ગાડી. Carriage. (કૅરેજ)
ફરીથી. Again. (અગેન)	ભવિષ્યકાળની નિશાની Shall. (શૅલ)
ચુકવું. Fail. (ફેલ)	મેળવવું. Get. (ગૅટ)
ખચીત. Positively (પૉઝીટીવલી)	

મને તમારું નામ આપો. Give me your name. (ગીવ મી યૉર નેમ)
આ મારો (નામનો) કાર્ડ છે. Here is my card. (હિયર ઇઝ માઇ કાર્ડ)
તે તેને આપજો. Give it to him. (ગીવ ઇટ ટુ હીમ)
તમે ત્યાં ગયા હતા? Had you been there? (હૅડ યુ બીન ધૅર?)
તમે ત્યાં જશો કે? Will you go there? (ઉવીલ યુ ગો ધૅર?)
હું કાલે જઇશ. I will go to-morrow. (આઇ ઉવીલ ગો ટુ-મૉરો)
સહવારે વેહેલા જજો. Go early in the morning (ગો અર્લી ઇન ધી મૉર્નીંગ)
ત્યાં ખચીત ફરીથી જજો. Go there again positively. (ગો ધૅર અગેન પૉઝિટીવલી)
ત્યાં જવાને ચુકતા ના. Do not fail to go there. (ડુ નૉટ ફેલ ટુ ગો ધૅર)

હું ખચીત જઇશ. I shall positively go. (આઇ શૅલ પૉઝિટીવલી ગો)
હું જઇશ નહીં. I shall not go. (આઇ શૅલ નૅાટ ગો)
તમે કેમ જતા નથી? Why don't you go? (ઉવાહે ડોન્ટ યુ ગો?)
હું ત્યાં જતો નથી. I am not going there. (આ ઍમ નૅાટ ગોઇંગ ધૅર)
તમારે ગમે તો તમે જાઓ. You may go, if you like. (યુ મે ગો, ઇફ યુ લાઇક)
આજે મારો જવાનો ઇરાદો છે. I intend to go to-day. (આઇ ઇનટૅન્ડ ટુ ગો ટુ-ડે)
મને એક ગાડી જોઇએ છે. I want a carraige. (આઇ ઉવૅાન્ટ આ કૅરેજ)
તો હું તમારે માટે મંગાઉં? Shall I get it for you? (શૅલ આઇ ગૅટ ઇટ ફૅાર યુ?)
હા, મેહેરબાંની. Yes, thank you. (યસ, થૅન્ક યુ)
તેને મારે ઘરે મોકલજો. Send him to my house. (સૅન્ડ હીમ ટુ માઇ હાઉસ)
તેને કહેશો કે હું તને મળવા માગું છું. Will you tell him that I wish to see him. (વીલ યુ ટૅલ હીમ ધૅટ આઇ ઉવીશ ટુ સી હીમ)
હા, હું તેને કહીશ. Yes, I will tell him. (યસ, આઇ ઉવીલ ટેલ હીમ)

અભ્યાસપાઠ ૧૫ મો.

કોઇ. Any one. (ઍની વન)
કોઇ. Some one. (સમ વન)
હોવું. થવું. Been. (બીન)
કોઇ નહીં. Nobody. (નોબૉડી)
પુછ્યું. Asked. (આસ્કડ)
પુછતાં. Asking. (આસ્કીંગ)
બોલાવવું. Want. (ઉવૅાન્ટ)
ગ્રહસ્થ. Gentleman. (જેન્ટલમૅન)
બોલાવે છે. Calls. (કૉલ્સ)

જઇને. Step over. (સ્ટૅપ ઓવર)
પાછું ફરવું. Returned. (રીટર્ન્ડ)
આજે. To-day. (ટુ-ડે)
એકાએક. Suddenly. (સડનલી)
માંદો પડી ગયો. Taken ill (ટેકન ઇલ)

આ વખતે. This time. (ધીસ ટાઇમ)
આવતી કાલે. To-morrow. (ટુ-મૉરો)
હંમેશની માફક. As usual. (ઍઝ યુઝવલ)

મારે માટે કોઇ પુછતું હતું? Was any one asking for me? (ઉવૉઝ ઍની વન આસકીંગ ફૉર મી?)

હા, તમને કોઇ પુછતું હતું. Yes, some one was asking for you. (યસ, સમવન ઉવૉઝ આસ્કીંગ ફૉર યુ)

તે પાછો અહિંયાં આવ્યો હતો કે? Had he been here again? (હૅડ હી બીન હિયર અગેન)

હા, તે આવ્યો હતો. Yes, he had been. (યસ, હી હૅડ બીન)

અહિંયાં કોઇ આવ્યું નથી. Nobody has been here. (નોબૉડી હૅઝ બીન હિયર)

મને મળવા કોણ આવ્યું હતું? Who had come to see me? (હુ હૅડ કમ ટુ સી મી?)

મારે માટે કોણે પુછ્યું? Who asked for me? (હુ આસ્કડ ફૉર મી?)

પી. તમને પુછતા હતા. P. was asking for you. (પી. વૉઝ આસકીંગ ફૉર યુ)

તમે તેને શું કહયું? What did you tell him? (ઉવૉટ ડિડ યુ ટૅલ હીમ?)

મેં તેને કહયું કે તમે ઘરમાં નહીં હતા. I told him that you were not at home. (આઇ ટોલ્ડ હીમ ધૅટ યુ ઉવર નૉટ ઍટ હોમ

તમે મને બોલાવ્યો કે? Did you call me? (ડિડ યુ કૉલ મી?)

તમને મારૂં કામ છે? Do you want me? (ડુ યુ ઉવૉન્ટ મી?)

નહીં, જૉનને બોલાવું છું. No, I want John.
(નો, આઇ ઉવૉન્ટ જૉન)

તે ત્યાં હશે. He must be there. (હી મસ્ટ બી ધૅર)

તેને હું બોલાઉં? May I call him? (મે આઇ કૉલ હીમ?)

હા, ઉપકાર થયો. Yes, thank you. (યસ, થૅન્ક યુ)

તે ગ્રહસ્થ તમને બોલાવે છે. That gentleman calls you.
(ધૅટ જેન્ટલમૅન કૉલ્સ યુ)

તે મને શા માટે બોલાવે છે? Why does he call me?
(વ્હાય ડઝ હી કૉલ મી?)

જરા જઇને તેને પુછી આવો. Step over and ask him.
(સ્ટૅપ ઓવર ઍન્ડ આસ્ક હી)

તે આવ્યો હશે. He must have come. (હી મસ્ટ હૅવ કમ)

તે હજી પાછો આવ્યો નથી. He has not returned yet.
(હી હૅઝ નૉટ રીટર્ન્ડ યટ)

તે આજે પાછો આવશે નહીં. He will not return to-day.
(હી ઉવીલ નૉટ રીટર્ન ટુ-ડે)

તે એકાએક માંદો પડી ગયો. He was taken ill suddenly.
(હી ઉવૉઝ ટેકન ઇલ સડનલી)

હું ક્યારે આઉં? When shall I come? (ઉવ્હૅન શૅલ આઇ કમ?)

કાલે અહીં આ વખતે આવજો. Come here this time to-morrow. (કમ હીયર ધીસ ટાઇમ ટુ-મૉરો)

કાલે હંમેશની માફક આવજો. Come to-morrow as usual.
(કમ ટુ-મૉરો ઍઝ યુઝવલ)

અભ્યાસપાઠ ૨૬ મો.

આવતું. Next. (નૅક્સ્ટ)	ખચીત. Surely. (શ્યૉરલી)
અઠવાડિયું. Week. (ઉવીક)	ખોટી કરતાં. Waiting. (ઉવેટીંગ)
સોમવાર. Monday. (મનડે)	ઘણો વખત. Long. (લૉંગ)
મળતા જજો. Give a call (ગીવ આ કૉલ)	ઉભો રહેતાં. Standing (સ્ટૅન્ડીંગ)
	રાહ જોવી. Expect. (ઍક્સ્પૅક્ટ)
બંગલો. Bungalow. (બંગલો.)	કોઇ. Some. (સમ)
રહેવું. Stay. (સ્ટે)	મિત્ર. Friend. (ફ્રૅન્ડ)
આવજો. Call at. (કૉલ ઍટ)	કદાચ. Perhaps. (પરહૅપ્સ)

આવતે અઠવાડિયે આવજો. Come next week. (કમ નૅક્સ્ટ વીક)
આવતે સોમવારે આવજો. Come next Monday. (કમ નૅક્સ્ટ મનડે)
પાછા આવો ત્યારે મને મળતા જજો. See me when you return. (સી મી વ્હૅન યુ રીટર્ન)
તમારે ગમે ત્યારે આવજો. You may come when you like. (યુ મે કમ વ્હૅન યુ લાઇક)
કાલે મારે બંગલે આવજો. Come to my bungalow to-morrow. (કમ ટુ માઇ બંગલો ટુ-મૉરો.)
મારે ઘરે આવજો. Call at my house. (કૉલ ઍટ માઇ હાઉસ)
હું ખચીત આવીશ. I will surely come. (આઇ ઉવીલ શ્યૉરલી કમ)
તમે અહિયાં રહેશો? Will you stay here? (ઉવીલ યુ સ્ટે હીયર?)
હા, હું અહિંયાં રહીશ. Yes, I will stay here. (યસ, આઇ ઉવીલ સ્ટે હીયર.)
હું ઘરમાં રહીશ. I shall stay at home. (આઇ શૅલ સ્ટે ઍટ હોમ)
હું મારા એક મિત્રને મળવા જાવું છું I am going to see a friend of mine? (આઇ ઍમ ગોઇંગ ટુ સી એ ફ્રૅન્ડ ઑફ માઇન.)
મને ઘણો વખત ખોટી કરતા ના. Don't keep me waiting long. (ડોન્ટ કીપ મી ઉવેટીંગ લૉન્ગ.)

તમે જઇને મારા મિત્રને તેડી લાવશો? Will you go and call my friend? (ઉવીલ યુ ગો ઍન્ડ કૉલ માઇ ફ્રૅન્ડ?)

તમારો મિત્ર કયાં છે? Where is your friend? (ઉવ્હૅર ઇઝ યૅાર ફ્રૅન્ડ?)

તે ત્યાં ખોટી થાય છે? He is waiting there. (હી ઇઝ વેટીંગ ધૅર)

તમે કોણની રાહ જુઓ છો? For whom are you waiting? (ફૉર હુમ આર યુ ઉવેટીંગ?)

શું તમે કોઇ મિત્રોની વાટ જુઓ છો? Do you expect some friends? (ડુ યુ ઍકસપૅકટ સમ ફ્રૅન્ડઝ?)

હું મારા મિત્ર માટે ખોટી થાઉં છું. I am waiting for my friend. (આઇ ઍમ ઉવેટીગ ફૉર માઇ ફ્રૅન્ડ)

મારો મિત્ર મારે માટે ખોટી થાય છે. My friend is waiting for me. (માઇ ફ્રેન્ડ ઇઝ ઉવેટીંગ ફૉર મી)

તમે તેને આવવાને કહ્યું હતુ કે? Did you tell him to come? (ડિડ યુ ટૅલ હીમ ટુ કમ?)

કદાચ તે આવશે. Perhaps he will come. (પરહૅપ્સ હી ઉવીલ કમ)

અભ્યાસપાઠ ૨૭ મો.

વખતસર. In time (ઇન ટાઇમ)
ખોટી થવું. Wait. (ઉવેટ)
તેને માટે. For him. (ફૉર હીમ)
ચોકસ. Certain. (સરટન)
આવી પુગવું. Arrive. (અરાઇવ)
ખુશીથી. Willingly. (ઉવીલીંગલી)
કબુલ થયો. Promised. (પ્રૉમીસ્ડ)
બોલાવે છે. Wants. (ઉવૉન્ટસ)
હમણાં. Just (જસ્ટ)
ખોટી થતાં. Waiting. (ઉવેટીંગ)
તરફ. Towards. (ટૉઅર્ડ્ઝ)
કેટલો વખત થયો? How long? (હાઉ લૅાગ?)
ઓળખાણ. Acquaintance. (ઍકવેનટન્સ)
સારી પેઠે. Very well. (વૅરી ઉવૅલ)
કહેતાં. Saying. (સેઇંગ)
મહેનત. Trouble. (ટ્રૂબલ)
બીધો. Afraid. (અફ્રૅડ)
શરમાયો. Ashamed. (ઍશેમ્ડ.)

તે વખતસર આવી પહોંચશે. He will arrive in time.
(હી ઉવીલ અરાઇવ ઇન ટાઇમ)

તમે જાણો છો કે તે આવશે? Do you know that he is going to come? (ડુ યુ નો ધૅટ હી ઇઝ ગોઇંગ ટુ કમ?)

આપણને તેને માટે થોભવું જોઇએ. We must wait for him.
(ઉવી મસ્ટ ઉવેટ ફૅાર હીમ)

તે કયારે આવશે તે નક્કી નથી. It is not certain when he will arrive. (ઇટ ઇઝ નૅાટ સરટન ઉવ્હેન હી ઉવીલ અરાઇવ)

મહેરબાની કરી જઇને તેને બોલાવો. Please go and call him.
(પ્લીઝ ગો ઍન્ડ કૅાલ હીમ)

મોટી ખુશીથી. Very willingly. (વૅરી ઉવીલીંગલી)

હું હમણાં જાઉં છું. I am going just now. (આઇ ઍમ ગોઇંગ જસ્ટ નાઉ)

તે આવવાને કબુલ થયો છે. He has promised to come.
(હી હૅઝ પ્રૅામીસ્ડ ટુ કમ)

મી૦ થોમસન તમને બોલાવે છે. Mr. Thomson wants you.
(મી૦ થોમસન ઉવૅાન્ટસ યુ)

તેને કહો કે હું હમણાં આવું છું. Tell him, I am just coming.
(ટૅલ હીમ, આઇ ઍમ જસ્ટ કમીંગ.)

મારી સાથે આવો. Come with me. (કમ ઉવીથ મી)

જઇને તમારા દોસ્તને મળો. Go and see your friend.
(ગો ઍન્ડ સી યૅાર ફ્રેન્ડ)

તે ત્યાં ખોટી થાય છે. He is waiting there. (હી ઇઝ ઉવેટીંગ ધૅર)

તે આપણી તરફ આવે છે. He comes towards us.
(હી કમ્સ ટોઅર્ડ્સ અસ.)

તે વખતસર આવ્યો. He came in time. (હી કેમ ઇન ટાઇમ)

આ તે દોસ્ત છે, જેને હું ચાહું છું. This is the friend I love. (ધિસ ઇઝ ધી ફ્રેન્ડ આઇ લવ)

તમે કેટલો વખત થયાં અહિયાં છો? How long have you been here? (હાઉ લૅાંગ હૅવ યુ બીન હીયર?)

હું હમણાંજ આવ્યો છું I have just come. (આઇ હૅવ જસ્ટ કમ)

અહિયાં કોણ આવ્યું હતું? Who had been here? (હુ હૅડ બીન હીયર)

તમારો મીત્ર. Your friend. (યૅાર ફ્રેન્ડ.)

કયો મીત્ર? What friend? (ઉવૅાટ ફ્રેન્ડ.)

મી. કાવસજી, Mr. Cawasjee. (મીસ્ટર કાવશજી.)

મને તેની સાથે કાંઇ કામ નથી. I have nothing to do with him. (આઇ હૅવ નથીંગ ટુ ડુ ઉવીથ હીમ)

તમને તેની સાથે ઓળખાણ છે કે? Have you any acquaintance with him? (હૅવ યુ ઍની ઍકવેનટન્સ ઉવીથ હીમ)

હું તેને સારી પેઠે ઓળખું છું. I know him very well. (આઇ નો હીમ વૅરી ઉવૅલ.)

તેણે મને ઘણી મેહેનત આપી. He gave me much trouble. (હી ગેવ મી મચ ટ્રબલ.)

તમે બોલતાં બીહો છો કે? Are you afraid to speak? (આર યુ અફ્રેડ ટુ સ્પીક?)

હું કહેતાં શરમાઉં છું. I am ashamed to say. (આઇ ઍમ અશેમ્ડ ટુ સે)

તમારે શરમાવું જોઇએ નહીં. You ought not to be ashamed. (યુ ઑાટ નૅાટ ટુ બી અશેમ્ડ.)

અભ્યાસપાઠ ૨૮ મો.

શીખેલો, Educated. (ઍજ્યુકેટેડ)	છત્રી. Umbrella. (અમબ્રેલા.)
નથી. Is not. (ઇઝ નૉટ.)	બાળક. Child. (ચાઇલ્ડ.)
લજવાવું. Ashamed. (અશેમ્ડ.)	કુત્રો. Dog. (ડૉગ.)
માયાળુ. Kind. (કાઇન્ડ.)	મરી ગએલો. Dead. (ડેડ.)

તે શીખેલો છે ? Is he educated ? (ઇઝ હી એજ્યુકેટેડ ?)
હા, તે હુશીઆર છે. Yes, he is clever. (યસ, હી ઇઝ કલેવર.)
તે નથી. He is not. (હી ઇઝ નૉટ.)
હું નહીં જાણતો. I do not know. (આઇ ડુ નૉટ નો.)
મને કોણ બોલાવે છે ? Who calls me ? (હુ કૉલ્સ મી ?)
તમારા પિતા તમને બોલાવે છે. Your father calls you.
(યૉર ફાધર કૉલ્સ યુ.)
તમે તે માણસને બોલાવ્યો ? Have you called that man ?
(હૅવ યુ કૉલ્ડ ધૅટ મૅન ?)
હા, મેં તેને બોલાવ્યો છે. Yes, I called him. (યસ, આઇ કૉલ્ડ હીમ)
તેણે તે તમને કહયું કે ? Has he told you that? (હૅઝ હી ટોલ્ડ યુ ધૅટ)
હા, તેણે મને કહ્યું છે. Yes, he has told me. (યસ, હી હૅઝ ટોલ્ડ મી.)
મેં તે માટે તમને કહયું કે ? Have I told you about that ?
(હૅવ આઇ ટોલ્ડ યુ અબાઉટ ધૅટ ?)
હા, તમે તે મને કહયું. Yes, you told me that. (યસ, યુ ટોલ્ડ મી ધૅટ)
મેં તે તમને કહયું છે. I have told it to you. (આઇ હૅવ ટોલ્ડ ઇટ ટુ યુ)
મેં તમને કહયું નથી. I have not told you.
(આઇ હૅવ નૉટ ટોલ્ડ યુ.)

મેં તે તેને કહ્યું છે. I have told it to him. (આઈ હૅવ ટોલ્ડ ઇટ ટુ હીમ.)

તમે તેને શા માટે કહ્યું Why did you tell him? (વ્હાય ડિડ યુ ટૅલ હીમ?)

તેને અથવા તેણીને કહેતા ના. Do not tell him (or her.) (ડુ નૉટ ટેલ હીમ ઑર હર)

તેણી લજવાશે. She will be ashamed. (શી ઉવીલ બી ઍશેમ્ડ)

તેણી માયાળુ હતી નહિ. She was not kind. (શી ઉવૉઝ નૉટ કાઇન્ડ)

પેલી જુવાન બાઇ તરફ જુવો. Look at that young lady. (લુક ઍટ ધૅટ યંગ લેડી.)

તેણીની પાસે છત્રી નથી. She has no umbrella. (શી હૅઝ ના અમબ્રેલા)

આ કોણનું બાળક છે. Whose child is this? (હુઝ ચાઇલ્ડ ઇઝ ધીસ)

તમે ઉતાવળ કેમ કરતા નથી? Why don't you make haste? (ઉવાહે ડોન્ટ યુ મેક હેસ્ટ)

તે તમારે માટે ખોટી થાય છે. He is waiting for you. (હી ઇઝ ઉવેટીંગ ફૉર યુ)

તમે મને ખોટી કરો છો. You keep me waiting. (યુ કીપ મી ઉવેટીંગ)

મારો કુતરો મરી ગયો છે. My dog is dead. (માઈ ડૉગ ઇઝ ડૅડ)

અભ્યાસપાઠ ૨૯ મો.

તજવીજ કરવી. Try. (ટ્રાઇ)	કેમ How. (હાઉ)
વાંચવું. Read. (રીડ)	શીખું છું. Learn. (લર્ન)
લખે છે. Writes. (રાઇટ્સ)	લખતાં. To write. (ટુ રાઇટ)
વધારે સારૂં. Better. (બૅટર)	જલદી. Faster. (ફાસ્ટર)
કરતાં Than. (ધૅન)	ચીઠ્ઠી. Note. (નોટ)
વાંચી જાણે છે. Reads. (રીડઝ)	ઠીક, સારૂં. Better. (બૅટર)

તમારો વખત ના ખોવો. Don't waste your time.
(ડોન્ટ વેસ્ટ યૉર ટાઇમ)
હું તે વાંચવાની તજવીજ કરૂં છું. I try to read it.
(આઇ ટ્રાઈ ટુ રીડ ઇટ)
તેણે ઘણું વાંચ્યું. He read much. (હી રૅડ મચ)
મારી ચોપડી પેલા ઓરડામાં છે. My book is in that room. (માઈ બુક ઇઝ ઇન ધૅટ રૂમ.)
તેણે તે ચોપડી લીધી. He took that book. (હી ટુક ધૅટ બુક)
તે મારા હાથમાં છે. It is in my hand. (ઇટ ઇઝ ઇન માઈ હૅન્ડ)
તે મારા કરતાં સારૂં લખે છે. He writes better than I.
(હી રાઇટસ બેટર ધૅન આઈ.)
તે સારૂં લખી વાંચી જાણે છે. He reads and writes well.
(હી રીડઝ ઍન્ડ રાઈટસ ઉવૅલ)
કેમ લખવું તે હું જાણું છું. I know how to write.
(આઈ નો હાઉ ટુ રાઇટ)
હું લખતાં શીખું છું. I learn how to write.(આઈ લર્ન હાઉ ટુ રાઇટ.)
તમે વાંચતાં શીખો છો કે? Do you learn how to read?
(ડુ યુ લર્ન હાઉ ટુ રીડ?)
હું તમારા કરતાં જલદી વાંચું છું. I can read faster than you.
(આઇ કૅન રીડ ફાસ્ટર ધૅન યુ)
તમારે શું કરવું છે? What have you to do?
(ઉવૉટ હૅવ યુ ટુ ડુ?)
મારે કશું કરવું નથી I have nothing to do.
(આઇ હૅવ નથીંગ ટુ ડુ)
તમારે કાંઇ કરવાનું છે કે? Have you anything to do?
(હૅવ યુ ઍનીથીંગ ટુ ડુ?)

મારે આ ચીઠ્ઠીનો જવાબ લખવો છે. I have to answer this note. (આઇ હૅવ ટુ આનસર ધીસ નોટ.)
તમે મારી ચીઠ્ઠીનો જવાબ આપશો? Will you answer my note? (ઉવીલ યુ આનસર માઇ નોટ?)
હું તેનો જવાબ આપીશ. I will answer it. (આઇ ઉવીલ આનસર ઇટ)
તમે તેને પુછી જુઓ તો ઠીક. You had better ask him. (યુ હૅડ બૅટર આસ્ક હીમ.)
તેને અહિંયાં બોલાવો. Call him here. (કૅાલ હીમ હીયર.)

અભ્યાસપાઠ ૩૦ મો.

શકયું Could. (કુડ)
મોઢું ચઢાવે છે. Makes a long face. (મેકસ આ લૅાંગ ફેસ)
હીંમત. Spirits. (સ્પીરીટસ)
તુટી જાય છે. Sinks. (સીંક્સ)
જાણી જોઇને On purpose. (ઑાન પરપઝ)
ધીરજ. Patience. (પેશન્સ)
ખરાબ. Ill (ઇલ)
મીજાજ. Temper. (ટેમ્પર)
મોટો. Great. (ગ્રેટ)
દરકાર. Care. (કૅર)
ધીરજ. Good heart. (ગૂડ હાર્ટ)
તરફ. Part. (પાર્ટ)
મત. Opinion. (ઓપીનિયન)
પુરું પાડવું. Supply. (સપ્લાઇ)
ગરજ છે. Wants. (ઉવૅાન્ટસ)
જુદાઇ નહીં ગણવી. Make free. (મેક ફ્રી)
ખરાં દીલથી. With all heart. (ઉવીથ ઑાલ હાર્ટ)
યાદ આપી. Put in mind. (પુટ ઇન માઇન્ડ)
યાદદાસ્ત. Memory. (મૅમરી)
ઓછી. Weak. (ઉવીક)
મરજી. Pleasure. (પ્લેઝર)

તે બનીજ કેમ શકે? How could that be! (હાઉ કુડ ધૅટ બી?)
તે મોઢું ચઢાવે છે. He makes a long face. (હી મેકસ આ લૅાંગ ફેસ)

તે જાણી જોઇને કરે છે. He does it on purpose.
(હી ડઝ ઇટ ઑન પરપઝ)

તે તદન અધીરો થઇ ગયો. He lost all patience.
(હી લૉસ્ટ ઑલ પેશન્સ)

તે મારે માટે ખરાબ બોલે છે. He speaks ill of me.
(હી સ્પીક્સ ઇલ ઑફ મી)

તેણે મીજાજ ખોહી દીધો. He lost his temper.
(હી લૉસ્ટ હીઝ ટેમ્પર)

તે મોટો મુરખ છે. He is a great fool. (હી ઇઝ આ ગ્રેટ ફુલ)

તે મારી દરકાર કરતો નથી. He does not care for me.
(હી ડઝ નૉટ કૅર ફૉર મી)

તમારે ધીરજ રાખવી જોઇએ. You must observe patience.
(યુ મસ્ટ ઑબઝર્વ પેશન્સ.)

તમે મારી તરફથી બોલશો ? Will you take my part ?
(ઉવીલ યુ ટેક માઇ પાર્ટ ?)

તે તમારી તરફ બોલ્યો. He took your part. (હી ટુક યૉર પાર્ટ)

તેઓ બધા એકમત હતા. They were all of the same opinion.
(ધે ઉવેર ઑલ ઑફ ધી સેમ ઓપીનિયન)

તે તમારી જાણમાં કેમ આવ્યું ? How did you come to know about it. (હાઉ ડીડ યુ કમ ટુ નો અબાઉટ ઇટ ?)

હું તમારી સર્વ ગરજ સારીશ. I will supply all your wants.
(અ ઇ ઉવીલ સપલાઇ ઑલ યૉર વૉન્ટસ)

હું તમારી સાથે જુદાઇ ગણુતો નથી. I make very free with you ?
(આઇ મેક વૅરી ફ્રી ઉવીથ યુ)

તે હું મારા ખરાં દીલથી કરીશ. I will do it with all my heart.
(આઇ ઉવીલ ડુ ઇટ ઉવીથ ઑલ માઇ હાર્ટ)

તેણે મને યાદ આપી. He put me in mind of it.
(હી પુટ મી ઇન માઇન્ડ ઑફ ઇટ)

તમારી યાદદાસ્ત ઓછી છે. Your memory is weak.
(યૉર મૅમરી ઇઝ ઉવીક)

તમારી મરજી પ્રમાણે કરજો. Do as you please. (ડુ ઍઝ યુ પ્લીઝ)

અભ્યાસપાઠ ૩૧ મો.

મળવું. Find. (ફાઇન્ડ)
વહેલા. Early. (અર્લી)
આખો દહાડો. All day. (ઑલ ડે)
ઠીક પડવું. To suit. (ટુ સુટ)
ઉત્તમ. Best. (બૅસ્ટ)
કામ વિનાનો. Disengaged. (ડીસઍનગેજડ)
સાંજ. Evening. (ઇવનીંગ)
ફુરસદ. Leisure. (લીઝર)
દિલગીર. Sorry. (સૉરી)
ગેરહાજરી. Absence. (ઍબસન્સ)
હાજરી. Attendance. (ઍટૅનડન્સ)
જોઇએ. Required. (રીકવાયર્ડ)
વગર. Without. (ઉવીધાઉટ)

તે મને ઘરમાં મળશે. I will find him at home.
(આઇ વીલ ફાઇન્ડ હીમ ઍટ હોમ)

તે ઘરમાં છે કે? Is he at home? (ઇઝ હી ઍટ હોમ)

તે ઘરમાં નથી. He is not at home. (હી ઇઝ નૉટ ઍટ હોમ)

તમારા પિતા ઘરમાં છે કે? Is your father at home?
(ઇઝ યૉર ફાધર ઍટ હોમ?)

તમારા પિતા બાહેર ક્યારે જાય છે? When does your father go out? (ઉવ્હેન ડઝ યૉર ફાધર ગો આઉટ?)

તે વહેલા બાહેર જાય છે. He goes out early. (હી ગોઝ આઉટ અર્લી)

આખો દહાડો હું બાહેર હતો. I was out all day.
(આઇ ઇવૉઝ આઉટ ઑલ ડે)

હું વેહેલો ઘરે આવીશ. I shall be home early.
(આઇ શૅલ બી હોમ અર્લી)

તમને કયો વખત ઠીક પડશે? Which time will suit you best?
(ઉવીચ ટાઇમ ઉવીલ સુટ યુ બૅસ્ટ?)

સાંજના મને કામ નથી. I shall be disengaged all the evening.
(આઇ શૅલ બી ડિસઍનગેજડ ઑલ ધી ઇવનીંગ)

કાલે મને ફુરસદ મળશે. I shall be at leisure to-morrow.
(આઇ શૅલ બી ઍટ લીઝર ટુ-મૉરો)

હું તમારી ગેરહાજરીથી દલગીર થયો હતો. I was sorry at your absence. (આઇ વૉઝ સૉરી ઍટ યૉર ઍબસન્સ)

તમારી હાજરી જરૂરની છે. Your attendance is necessary.
(યૉર ઍટેનડન્સ ઇઝ નેસેસરી)

તેઓને મારા વગર ચાલતું નથી. They could not do without me.
(ધે કુડ નૉટ ડુ ઉવીધાઉટ મી)

જો મને વખત મળશે તો હું ત્યાં જઇશ. I will go there if I find time.
(આઇ ઉવીલ ગો ધૅર ઇફ આઇ ફાઇન્ડ ટાઇમ)

અભ્યાસપાઠ ૩૨ મો.

રેહેવું. Remain. (રીમેન)
ઉપડી જવું. Start. (સ્ટાર્ટ)
એકદમ. At once. (ઍટ વન્સ)
કલાક. Hour. (અવર)
કીધું. Done. (ડન)
તજવીજ કીધી. Tried. (ટ્રાઇડ)
ફતેહ પામ્યો. Succeeded. (સકસીડેડ)

ભુલી ગયો. Forgot. (ફરગૉટ)
ચુકી જવું. Mistaken. (મીસ્ટેકન)
કામ. Work. (ઉવર્ક)
કોઇ. Any one. (ઍની વન)
મંગળવાર. Tuesday. (ટ્યુસડે)
ઇરાદો છે. Intend. (ઇનટૅન્ડ)
તૈયાર. Ready. (રૅડી)
નિકળવું. Set out. (સૅટ આઉટ)

હું અહિંયા રહેવા માગું છું. I wish to remain here.
(આઇ ઉવીશ ટુ રીમેન હીયર)
નહીં, મારે ખચીત એકદમ ઉપડી જવું. No, you must start at once. (નો, યુ મસ્ટ સ્ટાર્ટ ઍટ વન્સ)
શું તમે એકદમ ઉપડી જવા માંગો છો? Do you want to start at once? (ડુ યુ ઉવૉન્ટ ટુ સ્ટાર્ટ ઍટ વન્સ)
હું એકદમ જવા માંગું છું. I wish to go at once.
(આઇ ઉવીશ ટુ ગો ઍટ વન્સ)
હું એક કલાકમાં પાછો આવીશ. I shall return within an hour.
(આઇ શૅલ રીટર્ન વીધીન ઍન અવર)
તમે તેને બોલાવવા મોકલ્યો કે? Have you sent for him?
(હૅવ યુ સૅન્ટ ફૅાર હીમ?)
તે તમે પોતે કરો. Do it yourself. (ડુ ઇટ યૅારસેલ્ફ)
તમે શું કીધું છે? What have you done? (ઉવૅાટ હૅવ યુ ડન?)
મેં કાંઇ કીધું નથી. I have done nothing. (આઇ હૅવ ડન નથીંગ.)
મારે શું કરવું? What am I to do? (ઉવૅાટ ઍમ આઇ ટુ ડુ?)
મારે કામ કરવું છે. I have to work. (આઇ હૅવ ટુ ઉવર્ક)
તમારે કામ કરવુંજ જોઇએ. You must work. (યુ મસ્ટ ઉવર્ક)
તમે તે કરવાને તજવીજ કરશો? Will you try to do that?
(ઉવીલ યુ ટ્રાઇ ટુ ડુ ધૅટ?)
મેં તે કરવાની તજવીજ કીધી. I tried to do it.
(આઇ ટ્રાઇડ ટુ ડુ ઇટ)
હું તેમાં ફતેહ પામ્યો. I succeeded in it. (આઇ સકસીડેડ ઇન ઇટ)
હું તે કરવાને ભુલી ગયો. I forgot to do it. (આઇ ફરગૅાટ ટુ ડુ ઇટ)
તમે ચુકયા છો. You are mistaken. (યુ આર મીસટેકન)
તે ચુકયો છે. He is mistaken. (હી ઇઝ મીસટેકન)

હું કામ ઉપર જાઉં છું. I am going to work.
(આઇ ઍમ ગોઇંગ ટુ ઉવર્ક)

ત્યાં કોઇ છે કે? Is any one there? (ઇઝ ઍની વન ધૅર)
ત્યાં કોઇ નથી. There is no one there. (ધૅર ઇઝ નો વન ધૅર)
તે આવતા મંગળવારે જશે. He will go next Tuesday.
(હી ઉવીલ ગો નૅક્સ્ટ ટયુસડે)

તમે બાહેર કયારે જશો? When will you go out?
(ઉવ્હૅન ઉવીલ યુ ગો આઉટ)

હું જલદી જઇશ. I will go soon. (આઇ ઉવીલ ગો સુન)
તે જલદી બાહેર જશે. He will go out soon.
(હી ઉવીલ ગો આઉટ સુન)

મારો ત્યાં જવાનો ઇરાદો છે. I intend to go there.
(આઇ ઇનટૅન્ડ ટુ ગો ધૅર)

હું બાહેર નિકળવાને તૈયાર છું. I am ready to set out.
(આઇ ઍમ રેડી ટુ સૅટ આઉટ)

અભ્યાસપાઠ ૩૩ મો.

વારંવાર. Often.	તમારી ઉપર. Upon you. (અપૉન યુ)
સમજવું. Understand. (અનડરસ્ટૅન્ડ)	
બરોબર. Well (ઉવૅલ)	
ભરૂસો રાખવો. { Depend. (ડીપૅન્ડ) / Rely. (રીલાઇ) }	મના કરવું. Forbid. (ફરબીડ)
	શક. Doubt. (ડાઉટ)

હું વારંવાર તેને ઘરે જાઉં છું. I go to his house often.
(આઇ ગો ટુ હીઝ હાઉસ ઑફ્ન.)

તેણી તેણીને જોવા ગઇ. She went to see her. (શી ઉવૅન્ટ ટુ સી હર)

તે હું બરોબર સમજું છું. I understand that well.
(આઇ અનડરસ્ટૅન્ડ ધૅટ વૅલ)

તેના ઉપર તે ભરોસો રાખે છે. He depends upon him.
(હી ડીપૅન્ડસ અપૉન હીમ)

હું તમારી ઉપર ભરોસો રાખું છું. I rely upon you.
(આઇ રીલાઇ અપૉન યુ)

તમે તેની ઉપર ભરોસો રાખો. You may rely upon him.
(યુ મે રીલાઇ અપૉન હીમ)

હું તમને તે કરવાની મના કરૂં છું. I forbid you to do that.
(આઇ ફરબીડ યુ ટુ ડુ ધૅટ)

તે માણસ ગયો કે? Has that man gone? (હૅઝ ધૅટ મૅન ગૉન?)

હા, તે જતો રહ્યો છે. Yes, he has gone away. (યસ, હી હૅઝ ગૉન અવે)

તે ગયો છે અને હું તેની પાછળ જઇશ. He has gone and I will follow him. (હી હૅઝ ગૉન ઍન્ડ આઇ ઉવીલ ફૉલો હીમ)

શું તમને તેમાં શક છે? Do you doubt that? (ડુ યુ ડાઉટ ધૅટ)

હા, મને તે માટે શક છે. Yes, I doubt it. (યસ, આઇ ડાઉટ ઇટ)

મને તેમાં શક નથી. I do not doubt it. (આઇ ડુ નૉટ ડાઉટ ઇટ)

તમને શાનો શક છે? What do you doubt about?
(ઉવૉટ ડુ યુ ડાઉટ અબાઉટ?)

તેમાં કાંઇ શક નહીં. There is no doubt about it.
(ધૅર ઇઝ નો ડાઉટ અબાઉટ ઇટ)

અભ્યાસપાઠ ૩૪ મો.

જે. What. (ઉવૉટ)	દેખાડવું. Show. (શો)
જોઇએ છે. Want. (ઉવૉન્ટ)	ચહાવું. Love. (લવ)
ઉપયોગનું. Of use. (ઑફ યુસ)	ઘોડો. Horse. (હૉર્સ)

તમને આ ચોપડી જોઇએ છે? Do you want this book?
(ડુ યુ ઉવૉન્ટ ધિસ બુક?)
હા, મને તે જોઇએ છે. Yes, I want it. (યસ, આઇ ઉવૉન્ટ ઇટ)
મને તેની ગરજ છે. I am in want of it. (આઇ ઍમ ઇન ઉવૉન્ટ ઑફ ઇટ)
મને તેઓની ગરજ નથી. I am not in want of these.
(આઇ ઍમ નૉટ ઇન ઉવૉન્ટ ઑફ ધીઝ.)
મને જે જોઇએ તે મારી પાસે છે. I have what I want.
(આઇ હૅવ ઉવૉટ આઇ ઉવૉન્ટ)
તે તમને કામનું નથી. It is of no use to you.
(ઇટ ઇઝ ઑફ નો યુસ ટુ યુ)
તે તમને શું કામનું છે? Of what use is that to you?
(ઑફ ઉવૉટ યુસ ઇઝ ધૅટ ટુ યુ?)
તે મને કામનું નથી. That is of no use to me.
(ધૅટ ઇઝ ઑફ નો યુસ ટુ મી)
તે હું તમને આજે મોકલીશ. I will forward it to you to-day.
(આઇ ઉવીલ ફૉરવર્ડ ઇટ ટુ યુ ટુ-ડે)
તે હું તમને કાલે દેખાડીશ. I will show it to you to-morrow.
(આઇ ઉવીલ શો ઇટ ટુ યુ ટુ-મૅરો)
તેને માટે હું તમારો ઉપકાર માનું છું. I thank you for it.
(આઇ થૅન્ક યુ ફૉર ઇટ)
તમે કોણને ચહાવો છો? Whom do you love? (હુમ ડુ યુ લવ?)
હું મારા પિતાજીને ચહાવું છું. I love my father. (આઇ લવ માઇ ફાધર)
મારા પિતા તે જાણે છે. My father knows it. (માઇ ફાધર નોઝ ઇટ)
તમે મારી સાઇકલ વાપરો છો કે? Do you use my cycle?
(ડુ યુ યુસ માઇ સાઇકલ?)
હા, હું તે વાપરૂં છું. Yes, I use it. (યસ, આઇ યુસ ઇટ)
મારા ઘોડાની સંભાળ લેજો. Take care of my horse.
(ટેક કૅર ઑફ માઇ હૉર્સ)

અભ્યાસપાઠ ૩૫ મો.

આપ્યા. Paid. (પેડ)
સો. Hundred. (હનડ્રેડ)
ખરૂં નથી. Not true. (નૉટ ટ્રુ)
ખાત્રીવાળું. Sure. (શ્યૉર)
ખબર કહાડવી Inquire. (ઇનિક્વાયર)
કામ કરે છે. Is working. (ઇઝ વર્કીન્ગ.)
ફાયદો થયો. Benifitted? (બૅનીફીટેડ)
તપાસે છે. Watches. (ઉવૉચીસ)
કલાક કલાકે. Hourly. (અવરલી)
અંગ્રેજી English. (ઇંગ્લિશ)
વાંધો લેવો. Object. (ઑબજેક્ટ)
બીડીપીવાને. Smoking. (સ્મોકીંગ)

મે તેને સો રૂપીઆ આપ્યા. I paid him one hundred rupees. (આઇ પેડ હીમ વન હનડરેડ રૂપિઝ.)

તેણે મને જે કહ્યું તે ખરૂં નથી. What he told me is not true. (ઉવૉટ હી ટોલ્ડ મી ઇઝ નૉટ ટ્રુ)

શું કરવું તે હું જાણતો નથી. I do not know what to do. (આઈ ડુ નૉટ નો ઉવૉટ ટુ ડુ)

તે માટે મારી ખાત્રી છે. I am sure of that. (આઈ ઍમ શ્યોર ઑફ ધૅટ)

મારે ક્યાં ખબર કહાડવી? Where am I to inquire? (ઉવ્હેર ઍમ આઇ ટુ ઇનિકવાયર?)

તે શા માટે આવ્યો છે? Why has he come? (ઉવાહૅ હૅઝ હી કમ?)

તે મને મળવા આવ્યો છે. He has come to see me. (હી હૅઝ કમ ટુ સી મી)

તે કામ કરે છે. He is working. (હી ઇઝ ઉવર્કીંગ.)

મને ફાયદો થાય છે. I am benefitted. (આઈ ઍમ બૅનીફીટેડ.)

તમારી પાસે શું છે? What have you got? (ઉવૉટ હૅવ યુ ગૅાટ?)

મારી પાસે કાંઇ નથી. I have got nothing. (આઈ હૅવ ગૅાટ નથીંગ)
તમે સમજ્યા કે? Did you understand? (ડિડ યુ અનડરસ્ટૅન્ડ?)
હું સમજતો નથી. I do not understand. (આઇ ડુ નૅાટ અનડરસ્ટૅન્ડ)
જરા ધ્યાનથી સાંભળશો? Will you listen? (વીલ યુ લીસન?)
તે અંગ્રેજી બોલે છે કે? Does he speak English? (ડઝ હી સ્પીક ઇંગ્લિશ?)
હું બીડી પીવા માટે વાંધો લઉં છું. I object to smoking. (આઇ ઑાબજૅક્ટ ટુ સ્મોકીંગ)

અભ્યાસપાઠ ૩૬ મો.

બાપની. Father's. (ફાધર્સ)
મીલકત. Property. (પ્રૅાપરટી)
કદી નહીં. Never. (નૅવર)
પણ But. (બટ)
ઘણાં. Many. (મૅની)
તે માહેલાં. Of them. (ઑાફ ધૅમ)
ગરજ. Want. (ઉવૅાનટ)
સાથે. With. (ઉવીથ).
રહે છે. Resides. (રીસાઇડિસ.)
ખબર. Information. (ઇનફરમેશન.)
સાચી. True. (ટ્રુ)
ઘણી દલગીર થવા જેવી. Very sad. (વૅરી સૅડ)
વાત. Story. (સ્ટોરી)
નિવેડો લાવવો To decide. (ટુ ડીસાઇડ)
બાબદ. Matter. (મૅટર)
કબુલ થવું. Agree. (ઍગ્રી)
કોણના? Whose. (હુઝ)
હુકમ. Order. (ઑારડર)
કારણ Cause. (કૅાઝ)

તે મારા બાપની મીલકત છે. It is my father's property. (ઇટ ઇઝ માઇ ફાધર્સ પ્રૅાપરટી)
તે કહે છે પણ કદી લાવતો નથી. He says but never brings. (હી સૅઝ બટ નેવર બ્રીંગસ)
હું નહીં ધારતો કે ત્યાં કોઇ હોય. I do not think there is any one there. (આઈ ડુ નૅાટ થીન્ક ધૅર ઇઝ ઍનીવન ધૅર.)

ત્યાં તે માહેલાં ઘણું છે. There are many of them there. (ધૅર આર મૅની ઑફ ધૅમ ધૅર)

મને કશાંની ગરજ નથી. I am in want of nothing. (આઇ ઍમ ઇન ઉવૅાન્ટ ઑફ નથીંગ)

તેને કેટલા જોઇએ છે? How much does he want? (હાઉ મચ ડઝ હી ઉવૅાન્ટ?)

તેને ઘણાં જોઇતાં નથી. He does not want much. (હી ડઝ નૅાટ ઉવૅાન્ટ મચ)

તે તમારી સાથે રહે છે? Does he reside with you? (ડઝ હી રીસાઇડ ઉવીથ યુ?)

હા, તે અમારી સાથે રહે છે. Yes, he resides with us. (યસ, હી રીસાઇડસ ઉવીથ અસ)

બી. કયાં કહે છે? Where does B. reside? (ઉવ્હેર ડઝ બી. રીસાઇડ?)

તે બધાંને હું ઓળખું છું. I know them all. (આઇ નો ધૅમ ઑલ)

આ ખબર સાચી છે, એમ હું માનું છું, I believe this information to be true. (આઇ બીલીવ ધિસ ઇનફરમેશન ટુ બી ટ્રુ)

એ ઘણી દીલગીર થવા જેવી વાત છે. This is a very sad story. (ધિસ ઇઝ આ વેરી સૅડ સ્ટોરી)

ચાલો આપણે એ બાબતનો નિવેડો લાવ્યે. Let us decide this matter. (લૅટ અસ ડિસાઇડ ધિસ મૅટર)

હું જે કહું છું તે તમો કબુલ કરો છો? Do you agree to what I say? (ડુ યુ ઍગ્રી ટુ ઉવૅાટ આઇ સે?)

તમે આ કોણુના હુકમથી કરો છો? By whose order do you do this? (બાઈ હુઝ ઑારડર ડુ યુ ડુ ધિસ?)

હવે કાંઇ બીહવાનું કારણ નથી. There is no reason to be afraid now. (ધૅર ઇઝ નો રીઝન ટુ બી અફ્રેડ નાઉ)

અભ્યાસપાઠ ૩૭ મો.

ઠગ્યા Cheated (ચીટેડ)
માનવું Believe (બીલીવ)
જે What (ઉવૉટ)
સાચું Truth (ટ્રુથ)
ખાતરીવાળું Sure (શ્યૉર)
ખાતરી થઇ Satisfied.
મશ્કેરી કરે છે Is joking. (ઇઝ જોકીંગ)
મશ્કેરી કરવી To joke. (ટુ જોક.)
ઠેકડી કરે છે. Is mocking. (ઇઝ મૉકીંગ)
તરફ. At (ઍટ)
હસવું. To laugh (ટુ લાફ)
હસ્યા. Laughed. (લાફ્ડ)
હસે છે. Laughs (લાફ્સ)
દરેકને Everybody. (ઍવરી બૉડી)
કરતાં Making. (મેકીંગ)
મશ્કેરી. Fun. (ફન)

કોઇએ તમને ઠગ્યા છે. Some one has cheated you. (સમ વન હૅઝ ચીટેડ યુ)

તમે તે માનો છો? Do you believe it? (ડુ યુ બીલીવ ઇટ?)

તે માનતા ના. Don't believe that. (ડોન્ટ બીલીવ ધૅટ)

તે જે કહે તે માનતા ના? Do not believe what he says? (ડુ નૉટ બીલીવ ઉવૉટ હી સેઝ?)

હું તે નથી માનતો. I do not believe it. (આઇ ડુ નૉટ બીલીવ ઇટ)

મેં તે માન્યું નહીં. I did not believe it. (આઇ ડિડ નૉટ બીલીવ ઇટ)

હું તમારું માનું છું. I believe you. (આઇ બીલીવ યુ)

તે સાચું છે. That is the truth. (ધૅટ ઇઝ ધી ટ્રુથ)

મારી ખાતરી છે. I am sure of that. (આઇ ઍમ શ્યૉર ઑફ ધૅટ.)

તમારી તે માટે ખાતરી છે? Are you sure of it?
(આર યુ શ્યોર ઑફ઼ ઇટ?)
તમારી ખાતરી થઈ કે? Are you satisfied? (આર યુ સૅટીસફાઇડ?)
તે મશ્કેરી કરે છે. He is joking. (હી ઇઝ જોકીંગ)
તમે મશ્કરી કરો છો. You are joking. (યુ આર જોકીંગ.)
હું ખરેખરું કહું છું, મશ્કરી કરતો નથી. I am not joking, but am quite serious. (આઇ ઍમ નૉટ જોકીંગ બટ ઍમ કવાઇટ સીરીયસ.)
ખોદાને ખાતર. For God's sake. (ફૉર ગૉડસ સેક.)
મારી મશ્કરી ના કરો. Don't trifle with me. (ડોન્ટ ટ્રાઇફલ ઉવીથ મી.)
હું મશ્કરી કરતો નથી. I am not joking. (આઇ અમ નૉટ જોકીંગ.)
તેણી મારી ઠેકડી કરે છે. She is mocking me. (શી ઇઝ મોકીંગ મી.)
હું તેપર હસું છું. I laugh at it. (આઈ લાફ઼ ઍટ ઇટ.)
તમે તેપર હસો છો? Do you laugh at that? (ડુ યુ લાફ઼ ઍટ ધૅટ?)
તેઓ શા માટે હસે છે? What do they laugh at? (ઉવાટ ડુ ધે લાફ઼ ઍટ?)
અમે તેનાં મોઢાંપર હસ્યા. We laughed at his face.
(ઉવી લાફ્ડ ઍટ હીઝ ફ઼ેસ.)
તમે અમને હસ્યા કે? Did you laugh at us? (ડિડ યુ લાફ઼ ઍટ અસ?)
અમે તમને નથી હસ્યા. We did not laugh at you.
(ઉવી ડિડ નૉટ લાફ઼ ઍટ યુ.)
અમે કોઇને કદી હસતા નથી. We never laugh at anybody
(ઉવી નૅવર લાફ઼ ઍટ ઍનીબૉડી.)
તે દરેક જણ તરફ઼ હસે છે. He laughs at everybody.
(હી લાફ્સ ઍટ ઍવરીબૉડી.)
હું તેની મશ્કરી કરતો હતો. I was making a fun of him.
(આઈ ઉવૉઝ મેકીંગ આ ફ઼ન ઑફ઼ હીમ.)

અભ્યાસપાઠ ૩૮ મો.

ઓળખવું. To know. (ડુ નો.)
નજરથી. By sight. (બાઇ સાઇટ)
સારી રીતે Very well. (વૅરી ઉવૅલ.)
ઓળખાણ વાળો. Acquainted. (ઍકવેનટેડ.)
ગ્રહસ્થ Gentleman. (જૅન્ટલમૅન)
વરશો. Years. (યયર્સ.)
મોટું મંડળ. Large circle. (લાર્જ સરકલ.)
ઓળખાણ. Acquaintance. (ઍકવેનટન્સ.)
પૈસાદાર. Rich. (રીચ.)
સુખી. Happy. (હૅપી.)
રાજા. King. (કીગ.)
જાડી. Fat. (ફૅટ.)

તમે આ માણસને ઓળખો છો? Do you know this man? (ડુ યુ નો ધિસ મૅન ?)

હા, હું એને ઓળખું છું. Yes, I know him. (યસ, આઇ નો હીમ.)

તમે તે માણસને ઓળખો છો ? Do you know that man? (ડુ યુ નો ધૅટ મૅન ?)

હું તેને નજરથી ઓળખું છું. I know him by sight. (આઈ નો હીમ બાઇ સાઇટ)

તમને તેની સાથે ઓળખાણ છે ? Are you acquainted with him? (આર યુ ઍકવેનટેડ ઉવીથ હીમ.)

મને તેની સાથે ઓળખાણ છે. I am acquainted with him. (આઇ ઍમ ઍકવેનટેડ ઉવીથ હીમ.)

આ ગ્રહસ્થ કોણ છે? Who is this gentleman? (હુ ઇઝ ધિસ જૅન્ટલમન?)

અમે તેને ઓળખતા નથી. We do not know him.
(ઉવી ડુ નૉટ નો હીમ)

તમે અહીંયાં કોણુને ઓળખો છો? Whom do you know here?
(હુમ ડુ યુ નો હીયર?)

અમે કોઇને ઓળખતા નથી. We know no one. (ઉવી નો નો વન)

તમે મી૰ ફીશરને ઓળખો છો? Do you know Mr. Fisher?
(ડુ યુ નો મી૰ ફીશર?)

નહીં સાહેબ. હું તેને ઓળખતો નથી. No sir, I don't know him.
(નો સર, આઇ ડોન્ટ નો હીમ)

ઘણાં વરશ થયાં હું એને ઓળખું છું. I know him for many years
(આઇ નો હીમ ફૉર મૅની ઇયર્સ)

તેનું ઓળખાણનું મંડળ મોટું છે. He has a large circle of acquaintance. (હી હૅઝ આ લાર્જ સરકલ ઑફ ઍકવેનટેન્સ)

તે માણુસ કેવો પૈસાદાર છે? How rich that man is?
(હાઉ રીચ ધૅટ મૅન ઇઝ?)

તમે કેટલા બધા સુખી છો? How happy you are?
(હાઉ હૅપી યુ આર?)

તમે એક રાજાની માફક રેહો છો. You live like a king.
(યુ લીવ લાઇક આ કીંગ)

તે સ્ત્રી બહુ જાડી છે. That woman is very fat.
(ધૅટ ઉવુમન ઇઝ વૅરી ફૅટ)

તે છોકરી ડાહી છે. That girl is wise. (ધૅટ ગર્લ ઇઝ ઉવાઇઝ)

અભ્યાસપાઠ ૩૯ મો.

ખચીત. Positively. (પૉઝીટીવલી)	તે તરફ. Thither. (ધીધર)
રજા આપવી. To permit. (ટુ પરમીટ)	આવી પહોંચવું. To arrive. (ટુ અરાઇવ)
ઉતાવળ. Haste. (હેસ્ટ)	અગત. Need. (નીડ)
અઠવાડિયું. Week. (ઉવીક)	કારણકે. Because. (બીકૉઝ)

જો તમારી મરજી હોય તો હું જાઉં? I will go if you desire? (આઇ ઉવીલ ગો ઇફ યુ ડીઝાયર?)

હું જલદી પાછો આવીશ. I shall return soon. (આઇ શૅલ રીટર્ન સુન)

તમે કેથે જવા માંગો છો? Do you wish to go anywhere? (ડુ યુ ઉવીશ ટુ ગો ઍનીઉવ્હેર?)

હું કયાંક જવા માગું છું. I wish to go somewhere! (આઇ ઉવીશ ટુ ગો સમઉવ્હેર)

હું કયાં જવા માંગતો નથી. I do not wish to go anywhere. (આઇ ડુ નોટ ઉવીશ ટુ ગો ઍનીઉવ્હેર)

આપણે કાલે જઇશું. We shall go to-morrow. (ઉવી શૅલ ગો ટુ-મૉરો)

હું નહી આવીશ. I will not come. (આઇ ઉવીલ નૅાટ કમ)

તમે ત્યાં કયારે જાઓ છો? When do you go there? (ઉવ્હેન ડુ યુ ગો ધૅર?)

હું ત્યાં રોજ સાંજનાં જાઉં છું. I go there every evening. (આઇ ગો ધૅર ઍવરી ઇવનીંગ)

તે રોજ સવારે આવે છે. He comes every morning. (હી કમ્ઝ ઍવરી મૉર્નીન્ગ)

ત્યાં હું પોતે ખચીત જઇશ. I will positively go there myself. (આઇ ઉવીલ પૉઝીટીવલી ગો ધૅર માઇસૅલ્ફ)

હું તમને ત્યાં જવાની રજા આપું છું. I permit you to go there. (આઇ પરમીટ યુ ટુ ગો ધૅર)

ઉતાવળ કરો અને જલદી પાછા આવો. Make haste and return soon. (મેક હેસ્ટ ઍન્ડ રીટર્ન સુન)

હું તે તરફ જઇ શકતો નથી. I cannot go thither. (આઇ કૅનનૉટ ગો ધીધર)

હું એક અઠવાડિયામાં પાછો આવીશ. I will return within a week. (આઈ ઉવીલ રીટર્ન વીધીન આ ઉવીક)

તે એક અઠવાડિયામાં આવી પહોંચશે. He will arrive within a week. (હી ઉવીલ અરાઇવ વીધીન આ ઉવીક)

મારે ત્યાં જવાની અગત નથી. There is no need of my going there. (ધૅર ઇઝ નો નીડ ઑાફ માઈગોઇંગ ધૅર)

તે માણસ શા માટે નાસી ગયો? Why did that man run away? (ઉવાહૅ ડીડ ધૅટ મૅન રન અઉવે?)

તે નાસી ગયો, કારણ કે તે બીધો. He ran away, because he was afraid. (હી રૅન અઉવે, બીકૉઝ હી ઉવૉઝ અફ્રેડ)

હું પણ ત્યાં હતો. I was also there. (આઈ ઉવૉઝ ઑાલસો ધૅર.)

અભ્યાસપાઠ ૪૦ મો.

મદદ. Help. (હૅલ્પ)
મારું. Mine.
દોસ્તદારનું Friend's. (ફ્રેન્ડઝ)
બીજું. Else. (ઍલ્સ)
મુકવું. Put. (પુટ)
કલમ. Pen. (પૅન)
હમેશાં. Always. (ઑાલઉવેઝ)
ના પાડવું. To refuse. (ટુરીફ્યુઝ)
ઠીક. Better. (બૅટર)

ખુશીથી. With pleasure. (ઉવીથ પ્લેઝર)

ગરીબ. Poor. (પૂઅર)

વકીલ. Solicitor. (સોલીસીટર)

કુળ. વકીલનું ઘરાક Client. (ક્લાયન્ટ)

હાજર. Prosent. (પ્રેઝન્ટ)

થવું. Bocome. (બીકમ)

દંડ થવો. To be fined. (ટુ બી ફાઇન્ડ)

તમે મને મદદ કરશો? Will you help me? (ઉવીલ યુ હૅલ્પ મી?)
હું તમને મદદ કરીશ. I will help you. (આઇ ઉવીલ હૅલ્પ યુ)
મને આ આપો. Give this to me. (ગીવ ધિસ ટુ મી)
તે મારૂં નથી. It is not mine. (ઇટ ઈઝ નૉટ માઇન)
તે મારા મિત્રનું છે. It is my friend's. (ઈટ ઈઝ માઇ ફ્રેન્ડઝ)
મારી પાસે બીજું કાંઈ નથી. I have nothing else. (આઇ હૅવ નથીંગ ઍલ્સ)
આ લઇ જાઓ. Take this away. (ટેક ધિસ અઉવે)
તે હું કયાં મુકું? Where shall I place it? (ઉવ્હેર શૅલ આઈ પ્લેસ ઇટ?)
તે મને આપો. Give it to me. (ગીવ ઇટ ટુ મી)
આ કલમ તેણીને આપો. Give her this pen. (ગીવ હર ધિસ પેન)
તમે હમેશાં એમ કહો છો. You always say so. (યુ ઑલઉવેઝ સે સો)
મેં કદી ના પાડી નથી. I have never refused. (આઇ હૅવ નૅવર રીફ્યુઝડ)
તમે એને પુછી જુઓ તો ઠીક. You better ask him. (યુ બૅટર આસ્ક હીમ)
તમે આવશો? Will you come? (ઉવીલ યુ કમ?)
ખુશીથી, પણ ક્યારે? With pleasure, but when? (ઉવીથ પ્લેઝર, બટ ઉવહૅન?)

આ માણસ ગરીબ છે. This man is poor. (ધિસ મૅન ઇઝ પૂઅર)
હું ઘણો દલગીર છું. I am very sorry. (આઇ ઍમ વૅરી સૉરી)
દલગીર ના થાઓ. Don't be sorry. (ડૉન્ટ બી સૉરી)
તમારો વકીલ કોણ છે? Who is your Solicitor?
(હુ ઇઝ યૉર સોલીસીટર)
તમારો કુળ હાજર છે? Is your client present?
(ઇઝ યૉર ક્લાયનટ પ્રેઝન્ટ?)
તેનું શું થયું? What has become of him?
(ઉવૉટ હૅઝ બીકમ ઑફ હીમ?)
તેને પાંચ રૂપીઆ દંડ થયો. He was fined five Rupees.
(હી ઉવૉઝ ફાઇન્ડ ફાઇવ રૂપિઝ)
તેને જામીન ઉપર છોડવામાં આવ્યો. He was released on bail.
(હી ઉવૉઝ રીલીઝડ ઑન બેલ)

અભ્યાસપાઠ ૪૧ મો.

જોયું. Seen. (સીન)	દરેક. Everybody. (એવરીબૉડી)
ચેતવણી. Hint. (હીન્ટ)	પૈસા. Money. (મની)
વિષે. About. (અબાઉટ)	લીધા છે. Taken. (ટેકન)
ખોટી થયો. Waited. (ઉવેટેડ)	રડે છે. Crying. (ક્રાઇંગ)
બજાર. Market. (મારકેટ)	કાંઇ. Something. (સમથીંગ)
ગુસ્સે. Angry. (ઍનગ્રી)	ખાવાને. To eat. (ટુ ઇટ)

મારે ઘણું કામ હતું. I had much to do.
(આઇ હૅડ મચ ટુ ડુ)
તે હું કેમ જાણું? How can I know that? (હાઉ કૅન આઇ નો ધૅટ?)
તમે તેનું ઘર જોયું છે? Have you seen his house?
(હૅવ યુ સીન હીઝ હાઉસ?)
એ વિષે તેને ચેતવજો. Give him a hint about this.
(ગીવ હીમ એ હીન્ટ અબાઉટ ધિસ)

ઘરમાં કોઇ હતું નહીં. There was no one in the house.
(ધૅર ઉવૉઝ નો વન ઇન ધી હાઉસ)

હું તેને માટે એક કલાક ખોટી થયો. I waited for him an hour.
(આઇ ઉવેટેડ ફૉર હીમ ઍન અવર)

તે બજારમાં ગયો હતો. He had gone to the market.
(હી હૅડ ગૅાન ટુ ધી મારકેટ)

તમે ત્યાં કેટલા વાગતે ગયા હતા? At what time you went there?
(ઍટ ઉવૅાટ ટાઇમ યુ વૅન્ટ ધૅર?)

આજે સવારે સાત વાગતે. This morning at seven.
(ધીસ મોર્નીન્ગ ઍટ સૅવન)

તે ઘણો ગુસ્સે થયો. He was very angry.
(હી વૉઝ વૅરી એનગ્રી)

તે મારી સાથે ગુસ્સે છે. He is angry with me.
(હી ઇઝ ઍનગ્રી ઉવીથ મી)

દરેક જણ જાણે છે. Everybody knows that.
(ઍવરીબૉડી નોઝ ધૅટ)

મારા પૈસા ક્યાં છે? Where is my money? (ઉવ્હેર ઇઝ માઇ મની?)

તમે તમારા પૈસા લીધા છે? Have you taken your money?
(હૅવ યુ ટેકન યૅાર મની?)

તે શા માટે રડે છે? What is he crying about?
(ઉવૅાટ ઇઝ હી ક્રાઇંગ અબાઉટ?)

તે માણસ ભુખ્યો છે? Is the man hungry? (ઇઝ ધી મૅન હંગ્રી?)

તેને કાંઇ ખાવાનું આપો. Give him something to eat.
(ગીવ હીમ સમથીંગ ટુ ઇટ)

તે થોડા પૈસા માંગે છે. He asks for some money.
(હી આસ્કસ ફૅાર સમ મની)

અભ્યાસપાઠ ૪૨ મો.

દેવું. Owe. (ઓ)
બોલનો. Of word. (ઑફ ઉવર્ડ)
નસીબવાળા. Fortunate. (ફૉરચ્યુનેટ)
લખું છું. Am writing. (ઍમ રાઇટીંગ)
ભાઇ. Brother. (બ્રધર)
એવો, એવી, એવું. Such.
પુરૂં કરવું. Finish. (ફીનીશ)
ઠપકો આપવો. Blame. (બ્લેમ)
તપાસ કરવી. Inquire. (ઇનક્વાયર)
તે વિષે. About it. (અબાઉત ઇટ)
ફરીથી. Again. (અગેન)
શિવાય. Without. (ઉવીધાઉટ)

મારે તમને શું દેવું છે? What do I owe you?
(ઉવૅાટ ડુ આઇ ઓ યુ?)

મેહરબાની કરીને સોમવાર સુધી થોભી શકશો. Will you kindly wait till Monday? (વીલ યુ કાઇન્ડલી ઉવેટ ટીલ મનડે)

તે પોતાના બોલનો માણુસ છે. He is a man of his word.
(હી ઇઝ આ મૅન ઑફ હીઝ ઉવર્ડ)

તમે ઘણા નસીબવાળા છો. You are very fortunate.
(યુ આર વૅરી ફૅારચ્યુનેટ)

હું મારા ભાઇને લખું છું. I am writing to my brother.
(આઇ ઍમ રાઇટીંગ ટુ માઇ બ્રધર)

તે એક નિમકહલાલ માણુસ છે. He is a faithful man.
(હી ઇઝ આ ફેથફુલ મૅન)

મેં એવું માણુસ કદી જોયું નથી. I never saw such a man.
(આઇ નૅવર સૅા સચ આ મૅન)

તમને કંઇ કામ કરવાનું નથી કે? Have you nothing to do?
(હૅવ યુ નથીંગ ટુ ડુ?)

તમે તમારૂં કામ પુરૂં કીધું કે? Have you finished your work?
(હૅવ યુ ફીનીશ્ડ યૅાર ઉવર્ક)

તમે તે કયારે પુરૂં કરશો? When will you finish it?
(ઉવ્હૅન ઉવીલ યુ ફીનીશ ઇટ?)

તમે મને શા માટે ઠપકો આપો છો? Why do you blame me?
(ઉવાહે ડુ યુ બ્લેમ મી?)

તે હું કરીશ. I shall do it. (આઇ શૅલ ડુ ઇટ)

હું તમારી ઉપર ભરોસો રાખું છું. I rely upon you.
(આઇ રીલાઇ અપૉન યુ)

તે હું ખુશીથી કરીશ. I shall do it with pleasure.
(આઇ શૅલ ડુ ઇટ ઉવીથ પ્લેઝર)

જઇને તપાસ કરો. Go and inqure. (ગો ઍન્ડ ઇનક્વાયર)

તમે તે વિષે તપાસ કરશો? Will you inqure about it?
(ઉવીલ યુ ઇનક્વાયર અબાઉટ ઇટ)

હા, તે વિષે હું તપાસ કરીશ. Yes, I will inquire about it.
(યસ, આઈ ઉવીલ ઇનક્વાયર અબાઉટ ઇટ)

હું ત્યાં ફરીથી જઇશ. I shall go there again
(આઇ શૅલ ગો ધૅર અગેન)

હું તમારા વગર જઇશ નહી. I will not go without you.
(આઇ ઉવીલ નૅાટ ગો ઉવીધાઉટ યુ)

અભ્યાસપાઠ ૪૩ મો.

કામ. Business. (બીઝનેસ)
દમ વગરની. Bosh. (બૅાશ)
અર્થ વગરનું. Humbug (હમ્બગ)
દરેકને. Everyone. (ઍવરીવન)
માનવું. Believe. (બીલીવ)
ઉંધું વાળવું. Upset. (અપસૅટ)
ગોઠવણ. Arrangements. (અરેન્જમેન્ટસ)
યાદ રાખવું. Remember. (રીમૅમ્બર)
પુરતું. Enough. (ઇનફ)
ખરીદવું. Buy. (બાઇ)
લાકડી. Stick. (સ્ટીક)
દહાડા. Days. (ડેઝ)
પછવાડે આવતાં. Following. (ફૅાલોઇંગ)

તમે વેહેલા આવો છો કે નહીં? Are you coming quickly or not? (આર યુ કમીંગ ક્વીકલી ઑર નૉટ?)

તે કામ માટે આવ્યો છે. He has come on business. (હી હૅઝ કમ ઑન બીઝનેસ)

તમે કેવી દમ વગરની વાત કરો છો! What nonsense you talk! (ઉવૉટ નોનસેન્સ યુ ટૉક!)

તમે દરેકની સાથે અર્થ વગરનું બોલો છો. You humbug every one. (યુ હમ્બગ ઍવરી વન)

તે જે કહે છે હું માનતો નથી. I don't believe what he says. (આઇ ડોન્ટ બીલીવ ઉવૉટ હી સેઝ)

તમે મારી બધી ગોઠવણુ ઉંધી વાળી છે. You have upset all my arrangements. (યુ હૅવ અપસૅટ ઑલ માઇ અરેન્જમૅન્ટસ.)

એમ કહ્યું તે મને યાદ નથી. I don't remember having said so. (આઈ ડોન્ટ રીમેમબર હૅવીગ સેડ સો)

તેઓએ શું કહ્યું? What did they say? (ઉવૉટ ડીટ ધે સે?)

તેઓએ કાંઈ કહ્યું નહીં. They said nothing. (ધે સેડ નથીગ)

હું તેને તે મોકલીશ. I will send it to him. (આઈ ઉવીલ સૅન્ડ ઇટ ટુ હીમ.)

તમે તેને તે કયારે મોકલશો? When will you send it to him? (ઉન્હૅન ઉવીલ યુ સૅન્ડ ઇટ ટુ હીમ?)

હું તેને તે કાલે મોકલીશ. I will send it to him to-morrow (આઈ ઉવીલ સૅન્ડ ઈટ ટુ હીમ ટુ-મૉરો)

હું બજારમાં જાઉં છું I am going to the market. (આઈ ઍમ ગોઇંગ ટુ ધી મારકેટ)

મારે માટે એક લાકડી લાવજો. Buy me a stick. (બાઈ મી આ સ્ટીક)

મારી પાસે પુરતી રોકડ નથી. I have'nt got enough cash.
(આઈ હૅવન્ટ ગૅાટ ઇનફ કૅશ.)

મેં તેને થોડા દહાડા ઉપર જોયો. I saw him a few days ago.
(આઈ સૅા હીમ આ ફ્યુ ડેઝ અગો.)

કાલે તમે ત્યાં જશો કે? Will you go there to-morrow?
(ઉવીલ યુ ગો ધૅર ટુ-મૅારો?)

તેઓ ક્યાં છે. Where are they? (ઉબ્હૅર આર ધે?)

તેઓ આપણી પછવાડે આવતા હતા. They were following us.
(ધે ઉવર ફૅાલોઇંગ અસ)

અભ્યાસપાઠ ૪૪ મો.

પગે. On foot. (ઑન ફુટ)	જણાવવું. Inform. (ઇનફૅાર્મ)
ગાડી Carriage (કૅરેજ)	સંદેશો. Message. (મૅસેજ)
ઘોડાવાલો. Coachman. (કોચમેન)	મેહેનત. Trouble. (ટ્રબલ)
આવી પહોંચ્યું. Arrive (અરાઇવ)	મોટું Great. (ગ્રેટ)
મેહેરબાની Favour. (ફેવર)	આભાર. Kindness. (કાઇન્ડનેસ)
બાબદ. Matter. (મૅટર)	ગેરહાજર. Absent. (ઍબસન્ટ)
એકમત થવું. Agree. (ઍગ્રી)	ગલત. Nonsense. (નૅાનસૅન્સ)

હું તેની સાથે આવ્યો છું. I have come with him.
(આઈ હૅવ કમ ઉવીથ હીમ)

તમે ગાડીમાં આવ્યા કે? Did you come in a carrige.
(ડીડ યુ કમ ઇન આ કેરેજ?)

નહીં, હું ચાલતો આવ્યો. No, I came on foot.
(નૅા, આઇ કેમ ઑન ફુટ)

ઘોડાવાલો ક્યાં છે? Where is the coachman?
(ઉબ્હૅર ઇઝ ધી કોચમૅન?)

ગાડી આવી કે? Has the carriage arrived? (હૅઝ ધી કૅરેજ અરાઇવ્ડ?)
ગાડી હજુ આવી નથી. The carriage has not yet arrived.
(ધી કૅરેજ હૅઝ નૉટ યટ અરાઇવ્ડ.)
મારી ઉપર એટલી મેહેરબાની કરો. Do me this favonr.
(ડુ મી ધિસ ફેવર.)
તે સેહેલી બાબદ છે. It is an easy matter. (ઇટ ઇઝ ઍન ઇઝી મેટર.)
હું તે નથી કરવા માંગતો. I do not wish to do it.
(આઇ ડુ નૉટ ઉવીશ ટુ ડુ ઇટ.)
તમારી મરજી માફક કરો. Do as you please. (ડુ ઍઝ યુ પ્લીઝ.)
હું તમારી સાથે એકમત થતો નથી. I do not agree with you.
(આઇ ડુ નૉટ ઍગ્રી ઉવીથ યુ.)
તે તમારી સાથે એકમત થશે. He will agree with you.
(હી ઉવીલ ઍગ્રી ઉવીથ યુ.)
હું તમારી સાથે એકમત થાઉં છું, I agree with you.
(આઇ ઍગ્રી ઉવીથ યુ.)
તે વિષે મને જણાવજે. Inform me about it.(ઇનર્ફૉર્મ મી અબાઉટ ઇટ.)
હુ તમને જણાવીશ. I will let you know. (આઇ ઉવીલ લેટ યુ નો.)
હું તમને સંદેસો મોકલીશ. I will send you a message.
(આઈ ઉવીલ સૅન્ડ યુ આ મૅસેજ.)
તેણે મને ઘણી મેહનત આપી. He gave me much trouble.
(હી ગેવ મી મચ ટ્રબલ.)
તમે મારી ઉપર મોટો ઉપકાર કીધો. You did me a great kindess.
(યુ ડિડ મી આ ગ્રેટ કાઇન્ડનેસ.)
હુ દશ દીવસ ગેરહાજર હતો. I was absent for ten days.
(આઇ ઉવૉઝ ઍબસન્ટ ફૅાર ટૅન ડેઝ.)
એમ કહેવું તદ્દન ગલત છે. It is absurd to say so.
(ઇટ ઇઝ ઍબસર્ડ ટુ સે સો.)

અભ્યાસપાઠ ૪૫ મો.

ભાડે કરવી. To hire. (હાયર.)	સલાહ આપવી. To advise. (ટુ ઍડવાઇસ.)
ખાનગી. Private. (પ્રાઇવેટ.)	વિચારવું. Think over. (થીંક ઓવર.)
સલાહ Advice. (ઍડવાઇસ.)	કાંઇ. Something. (સમથીંગ.)

ચાલો આપણે ગાડીમાં જઇએ. Let us go in a carriage. (લૅટ અસ ગો ઇન આ કૅરેજ.)

એક ગાડી જલદી મંગાવો. Send for a carriage quickly (સૅન્ડ ફૉર આ કૅરેજ કવીકલી.)

હું એક ગાડી ભાડે કરવા માગું છું. I wish to hire a carriage. (આઈ ઉવીશ ટુ હાયર આ કૅરેજ.)

તમે શું કામ આવ્યા છો? Why have you come? (વ્હાય હૅવ યુ કમ?)

તમારે મને કાંઇ કહેવું છે? Have you anything to tell me? (હૅવ યુ ઍનીથીંગ ટુ ટેલ મી?)

મારી સાથે વાત કરવા માંગો છો? Do you wish to speak to me. (ડુ યુ ઉવીશ ટુ સ્પીક ટુ મી?)

હા, હું તમને કાંઇ કહેવા માંગું છું. Yes, I wish to tell you something. (યસ, આઇ ઉવીશ ટુ ટેલ યુ સમથીંગ.)

તે કાંઇક ખાનગી છે. It is something private. (ઇટ ઇઝ સમથીંગ પ્રાઇવેટ.)

તમારી સલાહ શું છે? What is your advice? (ઉવૉટ ઇઝ યૉર એડવાઇસ?)

તમે તે વિષે શું ધારો છો? What do you think about it? (ઉવૉટ ડુ યુ થીંક અબાઉટ ઇટ)

તમારે શું કરવું છે? What have you to do? (ઉવૅાટ હૅવ યુ ટુ ડુ?)

હું કાંઈ કરી શકતો નથી. I can't do anything. (આઇ કાન્ટ ડુ ઍનીથીંગ)

શું કરવું તે હું જાણતો નથી. I do not know what to do. (આઇ ડુ નૉટ નો ઉવૅાટ ટુ ડુ)

તમારે ગમે તેમ કરો. Do as you please. (ડુ ઍઝ યુ પ્લીઝ)

તમે એ માટે વિચાર કરજો. You think over it. (યુ થીંક ઓવર ઇટ)

હું ધારૂં છું કે એમ કરવું ઠીક પડશે. I think it is the best thing to do. (આઇ થીંક ઇટ ઇઝ ધી બૅસ્ટ થીંગ ટુ ડુ)

અભ્યાસપાઠ ૪૯ મો.

ઉઘાડો. Open. (ઓપન)
બારી. Window. (ઉવીન્ડો)
રાખવું. Keep. (કીપ)
બંધ કરવું. Shut. (શટ)
તાળું મારવું. Look. (લૉક)
બારણું. Door. (ડૉર)
વધારે લાંબા. Longer. (લૉન્ગર)
રૂતુ. Weather. (ઉવૅધર)
સારી. Fine. (ફાઇન)
ગરમી. Warm. (ઉવૅાર્મ)

ટાઢ ઠંડી. Cold. (કોલ્ડ)
ગઈ કાલે. Yesterday. (યસટરડે)
પવનવાળું. Windy. (ઉવીન્ડી)
લાગવું. Feel. (ફીલ)
તુફાન Storm. (સ્ટૉર્મ)
વરસાદ વરસે છે. Rains. (રેન્સ)
વરસાદ પડે છે. Is raining. (ઇઝ રેનીંગ)
છત્રી Umbrella (અમબ્રેલા)
સખત. Hard. (હાર્ડ)

બારી ઉઘાડો. Open the window. (ઓપન ધી વીન્ડો)

હમેશ ઉઘાડી રાખો. Keep it always open. (કીપ ઇટ ઑલઉવેઝ ઓપન)

બારણું બંધ કરો. Shut the door. (શટ ધી ડૅાર)
તમે બારણું બંધ કીધું કે? Have you shut the door?
(હૅવ યુ શટ ધી ડૅાર?)
બારણાંને તાળું દો. Lock the door. (લૅાક ધી ડૅાર)
દહાડા લાંબા થતા જાય છે. The days are getting longer.
(ધી ડેઝ આર ગૅટીંગ લૅાન્ગર)
આજે રૂતુ કેવી છે? How is the weather to-day?
(હાઉ ઇઝ ધી ઉવેધર ટુ-ડે?)
સારી છે. It is fine. (ઇટ ઇઝ ફાઇન)
આજે ઘણી ગરમી છે. It is very warm to-day.
(ઇટ ઇઝ વૅરી ઉવૅાર્મ ટુ ડે)
કાલે બહુ ઠંડક હતી. It was very cold yesterday.
(ઇટ ઉવૅાઝ વેરી કોલ્ડ યસ્ટરડે)
આજે ઘણો પવન ફુંકે છે. It is very windy to-day.
(ઇટ ઇઝ વૅરી ઉવીન્ડી ટુ ડે)
આજે ઠંડી છે. It is cold to-day. (ઇટ ઇઝ કોલ્ડ ટુ-ડે)
તમને ઠંડી લાગે છે? Do you feel cold? (ડુ યુ ફીલ કોલ્ડ?)
કેવું મોટું તોફાન? What a great storm? (ઉવોટ આ ગ્રેટ સ્ટોર્મ?)
વરસાદ આવે છે. It rains. (ઇટ રેન્સ)
શું વરસાદ આવે છે? Is it raining? (ઇઝ ઇટ રેનીંગ?)
છત્રી ઉઘાડો. Open the umbrella. (ઓપન ધી અમબ્રેલા)
જબરો વરસાદ આવે છે. It is raining very hard.
(ઇટ ઇઝ રેનીન્ગ વૅરી હાર્ડ)
ચાલો આપણે ઉભા રહીએ. Let us stop there. (લૅટ અસ સ્ટૅાપ ધૅર)
હા, ચાલો. Yes, come along. (યસ, કમ અલૅાંગ)
વરસાદ જલદી રહી જશે. The rain will soon stop.
(ધી રેન ઉવીલ સુન સ્ટૅાપ)

અભ્યાસપાઠ ૪૭ મો.

ફક્ત. Only. (ઓનલી)	બાઇ. Lady. (લેડી)
ઝાપટું. Shower. (શાવર)	દેખાય છે. Appears. (ઍપીયર્સ)
ભીંજાવું. Wet. (ઉવૅટ)	એકલા. Alone. (અલોન)
બદલવું. Change. (ચેન્જ)	મીજાજ. Temper. (ટેમ્પર)
કપડાં Clothes. (કલોધ્ઝ)	કજીઓ કીધો. Fell out. (ફૅલ આઉટ)
સુકવો. Dry. (ડ્રાઇ)	
સુરજ, તડકો. Sun. (સન)	પાઠ. Lesson. (લૅસન)
ચંદ્ર. Moon. (મૂન)	શિખું છું. Learning. (લર્નીંગ)
પ્રકાશે છે. Shines. (શાઇન્સ)	અભ્યાસ કરવો. Study. (સ્ટડી)
ચાંદરાત. New moon. (ન્યુ મુન)	હુશીયાર. Intelligent. (ઇનટૅલીજન્ટ)
દેખાવું. Appear. (ઍપીઅર)	
બેહેન. Sister. (સીસ્ટર)	મરજી. Desire. (ડીઝાયર)
ગુસ્સે. Angry. (ઍન્ગ્રી)	ઇનામ. Reward. (રીવૉર્ડ)

તે ફક્ત એક ઝાપટું છે. It is only a shower. (ઇટ ઇઝ ઓનલી આ શાવર)

તમે ભીંજાઇ જશો. You will get wet? (યુ ઉવીલ ગૅટ ઉવૅટ)

શું તમે બીનાઇ ગયા? Did you get wet? (ડિડ યુ ગૅટ ઉવૅટ?)

હું ભીનાઇ ગયો છું. I have got wet. (આઇ હૅવ ગૉટ ઉવૅટ.)

તમારાં કપડાં બદલો. Change your clothes. (ચેન્જ યૉર કલોધઝ)

આ કપડાં સુકવો. Dry these clothes. (ડ્રાઇ ધીઝ કલોધ્ઝ)

તડકું પડવા માંડયું છે. The sun is coming out. (ધી સન ઇઝ કમીંગ આઉટ)

ચંદ્ર પ્રકાશે છે. The moon shines. (ધી મૂન શાઇન્સ)

ચાંદરાત ક્યારે? When will the new moon appear? (ઉવ્હેન ઉવીલ ધી ન્યૂ મૂન ઍપીયર.)

તે બાઇ કોણ છે? Who is that lady? (હુ ઇટ ધૅટ લેડી ?)

તેણી મારી બ્હેન છે. She is my sister. (શી ઇઝ માઇ સીસટર)

તેણીને જઇને પુછો. Go and ask her. (ગો ઍન્ડ આસ્ક હર)

તેણી મારી સાથે ગુસ્સે છે. She is angry with me.
(શી ઇઝ ઍનગ્રી ઉવીથ મી)

તેણી તમારી સાથે શા માટે ગુસ્સે છે? Why is she angry with you?
(વ્હાય ઇઝ શી ઍનગ્રી ઉવીથ યુ ?)

આજે ફરામજી શેઠ ઘણા ગુસ્સે દેખાય છે. Mr. Framji apperas to be very angry to-day. (મી૰ ફરામજી ઍપીયર્સ ટુ બી વેરી ઍનગ્રી ટુ-ડે)

એને છેડતા ના, એનો મીજાજ ગયલો છે. Let him alone, he has lost his temper. (લૅટ હીમ અલોન, હી હૅઝ લૉસ્ટ હીઝ ટેમ્પર)

તેણીએ તેની સાથે કજીઓ કીધો. She quarrelled with him.
(શી કવૉરલ્ડ ઉવીથ હીમ)

તમારે મારી સાથે ગુસ્સે થવું નહીં જોઇએ. You should not be angry with me. (યુ શુડ નૉટ બી ઍનગ્રી ઉવીથ મી)

તે મારી સાથે ગુસ્સે હતો. He was angry with me.
(હી ઉવૉઝ ઍન્ગ્રી ઉવીથ મી)

તમે શા માટે ગુસ્સે છો? What are you angry about?
(ઉવૅાટ આર યુ ઍન્ગ્રી અબાઉટ ?)

સોરાબજી, અહિયાં આવો. Come here, Sorabji. (કમ હીયર, સોરાબજી)

તમે ત્યાં શું કરો છો? What are you doing there?
(ઉવૅાટ આર યુ ડુઇંગ ધૅર ?)

હું મારો પાઠ કરૂં છું. I am learning my lessons.
(આઇ એમ લર્નીન્ગ માઈ લૅસન્સ.)

તેને વધુ અભ્યાસ કરવા ગમે છે. He likes to study further.
(હી લાઇક્સ ટુ સ્ટડી ફરધર)

તે ઘણો હુશીઆર છે. He is very intelligent.
(હી ઇઝ વૅરી ઇનટૅલીજન્ટ)

તેની શિખવાની મરજી ગણી છે. His desire for learning is great.
(હીઝ ડીઝાયર ફૅાર લર્નીંગ ઇઝ ગ્રેટ.)

મેં તેને કાંઈ ઇનામ આપવાનો ઇરાદો કીધો. I intended to give him some reward. (આઇ ઇનટેન્ડેડ ટુ ગીવ હીમ સમ રીવૉર્ડ.)

અભ્યાસપાઠ ૪૮ મો.

બન્યું, થયું. Happened. (હૅપન્ડ.)
અકસમાત. Accident. (ઍકસીડન્ટ.)
હાથો. Hands. (હૅન્ડસ.)
સંભાળ. Care. (કેર.)
થંડુ. Cold. (કોલ્ડ.)
વખત. Time. (ટાઇમ)
પા. Quarter. (ક્વારટર.)
થઇ ગયો. Past. (પાસ્ટ.)
અરધો. Half. (હાફ.)
મીનીટ. Minutes. (મીનીટસ.)
તોપ. Gun. (ગન.)
ફુટી Fired. (ફાયર્ડ.)
નવ. Nine. (નાઇન.)

કાંઇ બન્યું છે. Somehing has happened. (સમથીંગ હૅઝ હૅપન્ડ.)
કાંઇ બન્યું નથી. Nothing has happened. (નથીંગ હૅઝ હૅપન્ડ.)
શું બન્યું છે? What has happened? (ઉવૉટ હૅઝ હૅપન્ડ ?)
એ કયારે બન્યું? When did this happen? (ઉવ્હેન ડિડ ધિસ હૅપન?)

તેણીને શું થયું છે? What has happened to her?
(ઉવૉટ હૅઝ હૅપન્ડ ટુ હર ?)

તેણીને અકસમાત થયો છે. She had an accident.
(શી હૅડ ઍન ઍકસીડન્ટ.)

તેણીના હાથ ઠંડા છે. Her hands are cold. (હર હૅન્ડસ આર કોલ્ડ.)

હું તેણીની સંભાળ લઇશ. I will take care of her.
(આઇ ઉવીલ ટેક કૅર ઑાફ હર.)

તેણી મારી ઓળખીતી છે. She is one of my acquaintances.
(શી ઇઝ વન ઑફ માઇ ઍકવેનટનસીસ.)
તમે શું કહો છો ? What do you say ? (ઉવૉટ ડુ યુ સે ?)
કેટલા વાગ્યા ? What time is it ? (વૉટ ટાઇમ ઇઝ ઇટ ?)
સવા ૭. Quarter past six. (કવાર્ટર પાસ્ટ સિકસ.)
સાડા ૭. Half past six. (હાફ પાસ્ટ સિકસ.)
પોણા સાત. Quarter to seven. (કવાર્ટર ટુ સૅવન.)
સાત. Seven o'clock. (સૅવન ઓ'ક્લૉક.)
સાતને પાંચ મીનીટ Five minutes past seven.
(ફાઇવ મિનીટસ પાસ્ટ સૅવન.)
આઠમાં દશ મિનીટ કમ. Ten minutes to eight.
(ટૅન મિનીટસ ટુ એઇટ.)
હજી આઠ વાગ્યા નથી. It is not eight yet. (ઇટ ઇઝ નૉટ એઇટ યટ.)
તોપ ફુટી કે ? Is the gun fired ? (ઇઝ ધી ગન ફાયર્ડ ?)
હજી પડી નથી. It is not yet fired ! (ઇટ ઇઝ નૉટ યટ ફાયર્ડ.)
કેટલે વાગતે તોપ પડે છે ? At what hour is the gun fired ?
(ઍટ ઉવૉટ અવર ઇઝ ધી ગન ફાયર્ડ ?)
નવ વાગતે. At nine o'clock. (ઍટ નાઇન ઓ'ક્લૉક.)

અભ્યાસપાઠ ૪૯ મો.

ઘડિયાળ. Clock. (ક્લૉક.)	ભુલી ગયો. Forgot. (ફરગૉટ.)
ઘણું આગળ. Too fast. (ટુ ફાસ્ટ)	કુંચી આપવી. Wind. (ઉવાઇન્ડ.)
ઘણું પાછળ. Too slow. (ટુ સ્લો)	બંધ પડયું. Stopped. (સ્ટૉપ્ડ.)
બગડેલું Out of order. (આઉટ ઑફ ઑરડર.)	માંડવું. Set. (સૅટ.)
	બરોબર. Right. (રાઇટ.)

ઓરડો. Room. (રૂમ)
કુંચી. Key. (કી)
દીવો. Lamp. (લૅમ્પ)
બતી. Light. (લાઇટ)
બુજાઇ ગઇ. Extinguished. (ઍક્સટીંગ્વીશડ)
બુજવી નાખવી. Put out (પુટ આઉટ)
તેલ. Oil. (ઑઇલ)
બીછાણું. Bed. (બેડ)
વખત Time. (ટાઇમ)
ઉઠવું. Rise. (રાઇઝ)
સકારે. Early. (અર્લી)
સુરજ ઉગતાં. At sun-rise. (ઍટ સન-રાઇઝ)
જગાડવું. Wake. (ઉવેક)
સુધી. Till. (ટીલ)
ઉઠવું. Get up. (ગૅટ અપ)

તમારૂં ઘડિયાલ ઘણું વધારે છે. Your clock is very fast. (યૅાર કલૅાક ઇઝ વૅરી ફાસ્ટ)

તમારૂં ઘડિયાલ ઘણું ઓછું છે. Your clock is too slow. (યૅાર કલૅાક ઇઝ ટુ સ્લો)

મારૂં ઘડિયાલ બગડેલું છે. My clock is out of order. (માઇ કલૅાક ઇઝ આઉટ ઑફ ઑરડર)

હું તેને કુંચી આપવાને ભુલી ગયો. I forgot to wind it up. (આઇ ફરગૅાટ ટુ ઉવાઇન્ડ ઇટ અપ)

મારૂં ઘડિયાલ બંધ પડયું છે. My clock has stopped. (માઇ કલૅાક હૅઝ સ્ટૅાપ્ડ)

ઘડિયાલને કુંચી આપો. Wind up the clock. (ઉવૅાઇન્ડ અપ ધી કલૅાક)

ઘડિયાલ બરોબર માંડો. Set the clock right. (સૅટ ધી કલૅાક રાઇટ)

મને મારા ઓરડાની કુંચી આપો. Give me the key of my room. (ગીવ મી ધી કી ઑફ માઈ રૂમ)

તમારી પાસે કુંચી છે? Have you got the key? (હૅવ યુ ગૅાટ ધી કી?)

હા, મારી પાસે તે કુંચી છે? Yes, I have that key.
(યસ, આઇ હૅવ ધૅટ કી)

અમારા ઓરડામાં દીવો નથી. We have no lamp in our room.
(ઉવી હૅવ નો લૅમ્પ ઇન અવર રૂમ)

બતી બુજાઇ ગઇ છે. The light is extinguished.
(ધી લાઇટ ઇઝ એકસટીંગવીશ્ડ)

દીવો લાવો. Bring a lamp (બ્રીંગ આ લૅમ્પ)

બતી સળગાવો. Light the lamp. (લાઇટ ધી લૅમ્પ)

બત્તી બુઝાવી નાખો. Put out the light. (પુટ આઉટ ધી લાઇટ)

દબામાં તેલ નથી. There is no oil in the lamp.
(ધૅર ઇઝ નો ઑઇલ ઇન ધી લૅમ્પ)

અમે સુવા જઇએ છીએ. We are going to bed. (ઉવી આર ગોઇંગ બેડ)

હજુ સુવાનો વખત થયો નથી. It is not yet time to go to bed.
(ઇટ ઇઝ નૉટ યટ ટાઇમ ટુ ગો ટુ બેડ)

તમે વહેલા ઉઠો છો કે? Do you get up early? (ડુ યુ ગૅટ અપ અર્લી?)

સુરજ ઉગતા હું ઉઠું છું. I get up with the sun.
(આઇ ગૅટ અપ વીથ ધી સન)

મને કાલે સકારે ઉઠાડજો. Wake me up early to-morrow morning. (વેક મી અપ અર્લી ટુ-મૉરો મૉર્નીન્ગ.)

મને આંઠ વાગયા સુધી ઉઠાડતા ના. Do not wake me up till eight o'clock. (ડુ નોટ વેક મી અપ ટીલ એઇટ ઓ'કલૉક)

ઉઠવાનો વખત થયો? Is it time to get up? (ઇઝ ઇટ ટાઇમ ટુ ગૅટ અપ?)

કેટલા વાગયા છે? What's the time? (ઉવૉટ્સ ધી ટાઇમ?)

સાડાઆંઠ થયા છે. It is half past eight. (ઇટ ઇઝ હાફ પાસ્ટ એઇટ)

અભ્યાસપાઠ ૫૦ મો.

કપડાં પહેરવાં. Dress. [ડ્રેસ]
ઉંઘ. Sleep. [સ્લીપ]
ઉઠવું. To get up. [ટુ ગૅટ અપ]
મોડું. Late. [લેટ]
લાગવું. Feel. [ફીલ]
દરમ્યાન. During. [ડયુરીંગ]
જાગ્યો. Awoke. [અવોક]
રાતે. Night. [નાઇટ]
ઉંઘતાં. Sleeping. [સ્લીપીંગ]
શેઠ. Master. [માસ્ટર]
જાજરૂ. Water-closet. [ઉવૉટર–કલોઝૅટ]
નાહવાની જગ્યા. Bath-room. [બાથ–રૂમ]
નાહવું. To bathe. [ટુ બેધ]
બોલાવવા મોકલવું. To send for. [ટુ સૅન્ડ ફોર]
હજામ. Barber. [બારબર]
ગરમ. Hot. [હૉટ]
પાણી. Water [ઉવૉટર]

ઉઠો ને કપડાં પેહેરો. Get up and dress yourself. [ગૅટ અપ ઍન્ડ ડ્રેસ યૉરસેલ્ફ]

તમને ઉંઘ કેવી આવી? How did you sleep? [હાઉ ડિડ યુ સ્લીપ?]

તમે એટલા મોડા કેમ ઉઠો છો? Why do you get up so late? [વ્હાય ડુ યુ ગૅટ અપ સો લેટ?]

હું ઘણો મોડો સુતો. I went to bed very late. [આઇ ઉવૅન્ટ ટુ બૅડ વૅરી લેટ]

મને ઉંઘ આવે છે. I feel sleepy. [આઇ ફીલ સ્લીપી]

દીવસ દરમ્યાન સુવું સારૂં નથી. It is not good to sleep during the day. [ઇટ ઇઝ નૉટ ગુડ ટુ સ્લીપ ડયુરીન્ગ ધી ડે]

હું ચાર વાગતે જાગ્યો. I awoke at four o'clock. [આઇ અવોક ઍટ ફોર ઓ'કલૉક]

હું આખી રાત સુતો નથી. I had been up all night.
[આઈ હૅડ બીન અપ ઑલ નાઇટ]

આજે સહવારે હું વહેલો ઉઠ્યો. I got up early this morning.
[આઇ ગૅાટ અપ અર્લી ધિસ મોર્નીન્ગ]

તે ઉઠ્યો છે કે? Has he got up? [હૅઝ હી ગૅાટ અપ?]

તે ઉંઘે છે. He is sleeping. [હી ઇઝ સ્લીપીંગ]

તેને ઉઠાડો. Wake him up. [ઉવેક હીમ અપ]

તમારા શેઠ ઉઠ્યા કે? Has your master got up?
[હૅઝ યૅાર માસ્ટર ગૅાટ અપ?]

જઇને તેઓને ઉઠાડો. Go and wake them up.
[ગો ઍન્ડ ઉવેક ધૅમ અપ]

જાજરૂ કયાં છે? Where is the water-closet.
[ઉવ્હૅર ઇઝ ધી ઉવૅાટર કલૅાઝેટ ?]

નાહવાની જગ્યા કયાં છે? Where is the bath-room?
[ઉવ્હૅર ઇઝ ધી બાથ–રૂમ?]

તમે નહાવા માંગો છો? Do you want a bath?
[ડુ યુ વૅાન્ટ આ બાથ?]

હા, હું નહાવા ઇચ્છું છું. Yes, I wish to have a bath.
[યસ, આઈ ઉવીશ ટુ હૅવ આ બાથ]

તમે એક હજામને બોલાવા મોકલશો? Will you send for a barber?
[ઉવીલ યુ સેન્ડ ફૅાર આ બારબર?]

થોડું ગરમ પાણી લાવો. Bring me some hot water.
[બ્રીંગ મી સમ હૅાટ ઉવૅાટર]

નહાવા જાઉં છું. I am going for a bath.
[આઇ ઍમ ગોઇંગ ફૅાર આ બાથ.]

અભ્યાસપાઠ ૫૧ મો.

સાબુ. Soap. [સોપ]
મુકવું Put. [પુટ]
નાનો ટુવાલ. Napkin. [નૅપકીન]
હોળવું. Comb. [કોમ્બ]
વાળ. Hair. [હેર]
બરશ. Brush. [બ્રશ]
નીખિયો. Comb. [કોમ્બ]
રેહેવું. Reside. [રીસાઇડ]

ઉભા રહેવું. Stay. [સ્ટે]
થોડા. Few. [ફ્યુ]
સગાં. Relatives. [રેલેટીવ્ઝ]
તરફ. At. [ઍટ]
લઇ જવું. Take. [ટેક]
હવા ફેર બદલ Change of air. [ચેન્જ ઑફ ઍર]
પાછા ફરવું. Return. [રીટર્ન]

મને પેલો સાબુ આપશો? Will you give me that soap? [ઉવીલ યુ ગીવ મી ધૅટ સોપ?]

તમે ટુવાલ મુકયો કે? Have you placed the napkin? [હૅવ યુ પ્લેસ્ડ ધી નૅપકીન?]

હું મારા વાળ હોળવા માંગું છું. I wish to comb my hair. [આઇ ઉવીશ ટુ કોમ્બ માઇ હેર]

મને બરશ અને નીખિયો આપો. Give me a brush and a comb. [ગીવ મી આ બ્રશ ઍન્ડ આ કોમ્બ]

તે શા માટે જાય છે? What is he going about? [ઉવૉટ ઇઝ હી ગોઇંગ અબાઉટ?]

શું તેઓ પુણે જાય છે? Are they going to Poona? [આર ધે ગોઇંગ ટુ પુના]

ના, તેઓ નથી જતાં. No, they are not going. [નો, ધે આર નૅાટ ગોઇંગ]

તમે પુણે જાઓ છો? Are you going to Poona? [આર યુ ગોઇંગ ટુ પુના]

તમે ત્યાં રહેવા જાઓ છો? Are you going to reside there? [આર યુ ગોઇંગ ટુ રીસાઇડ ધૅર?]

ના, પુણામાં હું ફક્ત થોડા દહાડા રહીશ. No, I shall stay at Poona for a few days only. [નો, આઇ શૅલ સ્ટે ઍટ પુના ફૉર આ ફ્યુ ડેઝ ઓનલી]

પુણામાં તમારાં કોઇ સગાં છે? Have you any relatives at Poona? [હૅવ યુ ઍની રેલેટીવ્ઝ ઍટ પુના?]

મારા પિતાજી હમણાં પુણામાં છે. My father is at Poona now. [માઇ ફાધર ઇઝ ઍટ પુના નાઉ]

તમે પુણે શા માટે જાઓ છો? What takes you to Poona? [ઉવૉટ ટેક્સ યુ ટુ પુના?]

હું ત્યાં કામને માટે જાઉં છું. I am going there on business. [આઇ એમ ગોઇંગ ધૅર ઑન બિઝનેસ]

હું ત્યાં હવા ફેર બદલ કરવા જાઉં છું. I am going there on a change of air. [આઇ એમ ગોઇંગ ધૅર ઑન આ ચેન્જ ઑફ એર]

તમે પાછા ક્યારે આવશો? When will you return? [ઉવ્હેન ઉવીલ યુ રીટર્ન?]

હું થોડા દહાડામાં પાછો આવીશ. I shall be back in a few days. [આઇ શૅલ બી બૅક ઇન આ ફ્યુ ડેઝ]

અભ્યાસપાઠ ૫૨ મો.

ખુશ. Happy. [હૅપી]	મહીનો. Month. [મન્થ]
મુસાફરી. Journey. [જરની]	બી, વળી. Too. [ટૂ]
મળ્યું. Received. [રીસીવ્ડ]	જુવાન. Young. [યંગ]
શેહેર. Town. [ટાઉન]	છોકરી. Miss. [મીસ]
ચોક્સ. Certain. [સરટન]	તેણી પોતે. Herself. [હરસેલ્ફ]
આવતું. Next. [નૅક્સ્ટ]	બુઢી. Old. [ઓલ્ડ]

હું તમને ખુશ મુસાફરી ઇચ્છું છું. I wish you a happy journey.
[આઈ ઉવીશ યુ આ હૅપી જરની]

તે પુણે ગયો છે. He has gone to Poona. [હી હૅઝ ગૉન ટુ પુના]

તે પાછો કયારે આવશે? When will he return? [ઉવ્હૅન ઉવીલ હી રીટર્ન]

તે આ અઠવાડિયાંમાં પાછો આવશે. He will return this week.
[હી ઉવીલ રીટર્ન ધીસ ઉવીક]

તમે તે કેમ જાણ્યું? How did you know that? [હાઉ ડિડ યુ નો ધૅટ?]

મને કાગળ મલ્યું છે. I have received a letter.
[આઈ હૅવ રીસીવ્ડ આ લૅટર]

તમેને પુણું કેવું લાગે છે? How do you find Poona?
[હાઉ ડુ યુ ફાઇન્ડ પુના?]

મને તે શેહેર ઘણુ ગમે છે. I like that city very much.
[આઈ લાઇક ધૅટ સીટી વૅરી મચ]

તમે પુણે પાછા કયારે જશો? When will you go back to Poona?
[ઉવ્હૅન ઉવીલ યુ ગો બૅક ટુ પુના]

તે ચોક્કસ નથી. That's not certain. [ધૅટસ નૉટ સરટન]

આવતે મહીને હું પુણે જઇશ. Next month I shall go to Poona.
[નૅકસ્ત મન્થ આઈ શૅલ ગો ટુ પુના]

હું પણ તમારી સાથે આવીશ. I too will join you.
[આઇ ટૂ ઉવીલ જૉઇન યુ]

પેલી જુવાન બાઈ કોણ છે? Who is that young lady?
[હુ ઇઝ ધૅટ યંગ લેડી?]

ફરામજીની છોકરી. Miss Framji. [મીસ ફરામજી]

તે તેણી નથી. It is not she. [ઇટ ઇઝ નૉટ શી]

તે તેણી પોતે છે. It is she herself. [ઇટ ઇઝ શી હરસેલ્ફ]

પેલાં વૃદ્ધ બાઈ કોણ છે? Who is that old lady?
[હુ ઇઝ ધૅટ ઑલ્ડ લેડી?]

હું તેણીને ઓળખતો નથી. I don't know her. [આઇ ડોન્ટ નો હર]

અભ્યાસપાઠ ૫૩ મો.

વડો છોકરો. Elder son. [ઍલડર સન]

મોટું. Large. [લાર્જ]

કુટુંબ. Family. [ફૅમીલી]

માણસો. Men. [મેન]

પરણેલો. Married. [મૅરીડ]

છડો. Single. [સીંગલ]

કુવારો. Bachelor. [બૅચેલર]

હજી. Still. [સ્ટિલ]

તોડયું. Broke off [બ્રોક ઑફ]

કારજ. Match. [મૅચ]

પોતાની બાઇડી. Wife. [ઉવાઇફ]

રંડાયલી. Widow. [ઉવીડો]

શખ્સ. Fellow. [ફૅલો]

રંડાયલો Widower. [ઉવીડોઅર]

અને પેલો જુવાન શખ્સ? And that young man?
[ઍન્ડ ધૅટ યંગ મેન?]

ફરામજીનો છોકરો. Master Framji. [માસ્તર ફરામજી]

તેનું કુટુંબ મોટું છે. He has a large family.[હી હૅઝ આ લાર્જ ફૅમીલી]

તેઓ સારાં માણસ છે. They are good people. [ધે આર ગુડ પીપલ]

તમે પરણેલા છો કે છડા? Are you married or single?
[આર યુ મૅરીડ ઑર સીંગલ?]

તમે પરણ્યા છો કે? Are you married? [આર યુ મૅરીડ?]

નહીં, હું કુવારો છું. No, I am a bachelor.
[નો, આઇ ઍમ આ બૅચેલર]

તમે ક્યારે લગ્ન કરવાના છો? When are you going to be married?
[ઉહૅન આર યુ ગોઇંગ ટુ બી મૅરીડ ?]

હમણાં હું પરણવા માંગતો નથી. I don't like to marry now.
[આઇ ડોન્ટ લાઇક ટુ મૅરી નાઉ]

એમ કેમ? Why so? [ઉવાહે સો?]

કારણ હું ઘણો નાનો છું. Because I am too young.
[બીકૅાઝ આઇ ઍમ ટુ યંગ]

તમારો ભાઇ પરણેલો છે કે? Is your brother married?
[ઇઝ યૅાર બ્રધર મૅરીડ?]

ના, તે હજી કુંવારો છે. No, he is still a bachelor.
[નો, હી ઇઝ સ્ટિલ આ બૅચેલર?]

તે હજી કુંવારો છે? Is he still a bachelor?
[ઇઝ હી સ્ટિલ આ બૅચેલર?]

તેણે કારજ તોડયું. He broke off the match. [હી બ્રોક ઑાફ ધી મૅચ]

તેણે બાયડી કીધી. He took a wife. [હી ટુક આ ઉવાઇફ]

તેણી પરણેલી છે કે? Is she married? [ઇઝ શી મૅરીડ?]

તેણી રંડાયલી છે. She is a widow. [શી ઇઝ આ ઉવીડો]

અને પેલો? And that man. [ઍન્ડ ધૅટ મૅન]

તે પણ રંડાયલો છે. He is also a widower.
[હી ઇઝ ઑાલસો આ ઉવીડોઅર]

અભ્યાસપાઠ ૫૪ મો.

જાય છે. Is passing. [ઇઝ પાસીંગ]

બાહેર નિકળ્યા. Set out. [સૅટ આઉટ]

સાથે. Together. [ટુગૅધર]

દરજી. Tailor. [ટેલર]

સુથાર Carpenter. [કારપેનટર

પેહેરવું. Put on. [પુટ ઑાન]

પાઘડી. Turban. [ટરબન]

ઉંચાઇ. Height. [હાઇટ]

આશા રાખવી. To hope. [ટુ હોપ]
ફત્તેહ પામવું. To succeed. [ટુ સકસીડ]
શકતો નથી. Can not. [કૅન નૉટ]
ખોટ પુરી. Made up loss. [મેડ અપ લૉસ]
ઉપકારી. Thankful. [થૅન્કફુલ]

તે પોતે અહિયાં છે. He himself is here. [હી હીમસૅલ્ફ ઇઝ હીયર]
તેઓ સાથે નિકળ્યા. They set out together. [ધે સૅટ આઉટ ટુગૅધર]
તે ઘરે પાછો આવ્યો. He returned home. [હી રીટર્ન્ડ હોમ]
શું તે દરજી છે? Is he a tailor? [ઇઝ હી આ ટેલર ?]
નહીં, તે સુથાર છે. No, he is a carpenter. [નો, હી ઇઝ આ કારપેન્ટર]
તેઓ કપડાં પેહેરે છે. They are putting on their dress [ધે આર પુટીંગ ઑન ધૅર ડ્રૅસ.]
હું મારી પાઘડી પેહેરું છું. I am putting on my turban. [આઈ ઍમ પુટીંગ ઑન માઇ ટર્બન]
તમે તેની ઉંમર શું ધારો છો? What do you think his age to be? [ઉવૉટ ડુ યુ થિન્ક હીઝ એજ ટુ બી?]
તે મારા જેટલો ઉંચો છે. He is about my height. [હી ઇઝ અબાઉટ માઇ હાઇટ]
તેણી તેમાં ફત્તેહ પામી છે. She has been succesful in it. [શી હૅઝ બીન સકસૅસફુલ ઇન ઇટ]
હું તેમાં ફત્તેહ પામવાની આશા રાખું છું. I hope to succeed in it. [આઇ હોપ ટુ સકસીડ ઇનિ ઇટ]
મારી ખાતરી છે કે તમારાથી થશે નહીં. I am sure you cannot do that. [આઈ ઍમ શ્યૉર યુ કૅન નૉટ ડુ ધૅટ]
તેણે ખોટ પુરી. He made up his loss. [હી મેડ અપ હીઝ લૉસ]

હું તેનો ઉપકારી છું. I am thankful to him.
[આઇ ઍમ થૅન્કફુલ ટુ હીમ]

તે સારૂં માણસ છે. He is a good man. [હી ઇઝ આ ગુડ મૅન]

હું એમ કહી શકતો નથી. I cannot say so. [આઇ કૅનનૅાટ સે સો]

હું તમને કહી શકતો નથી. I cannot tell you. [આઇ કૅનનૅાટ ટૅલ યુ]

હું પાછો આવું ત્યાં સુધી થોભજો. Wait till I return.
[ઉવેટ ટિલ આઇ રીટર્ન]

અભ્યાસપાઠ ૫૫ મો.

ઉપકારી. Obliged. [ઓબ્લાઇજડ]
સરખું. Same. [સેમ]
મને. To me. [ટુ મી]
તજવીજ કરવી. Try. [ટ્રાઇ]
સૌથી સરસ. Best. [બૅસ્ટ]
મેહેરબાની. Favour. [ફેવર]
નાઉમેદ કરવું. To disappoint. [ટુ ડીસઅપૅાઇન્ટ]
અરજ કીધી. Requested. [રીકવૅસ્ટેડ]
યાદ કરવું. Remember. [રીમેમ્બર]
કાંઇ નહી. Nothing. [નથીંગ]

હું તમારો મોટો ઉપકાર માનું છું. I thank you very much.
[આ થૅન્ક યુ વેરી મચ]

હું તમારો ઘણો ઉપકારી છું. I am much obliged to you.
[આઇ ઍમ મચ ઓબ્લાઇજડ ટુ યુ]

તેનું કાંઇ નહીં. It does not matter. [ઇટ ડઝ નૅાટ મેટર]

મારે બધું સરખું છે. It is all the same to me.
[ઇટ ઇઝ ઑાલ ધી સેમ ટુ મી]

મારેથી બનશે એટલી તમારે માટે કોશેશ કરીશ. I will try my best for you. [આઇ ઉવીલ ટ્રાઇ માઇ બૅસ્ટ ફૅાર યુ]

તમે મારી ઉપર એક મેહેરબાની કરશો? Will you do me a favour ? [ઉવીલ યુ ડુ મી આ ફેવર ?]

મને નાઉમેદ કરતા ના. Do not disappint me. [ડુ નૉટ ડીસઍપૉઇન્ટ મી]

મેં તેને અરજ કીધી. I requested him. [આઇ રીકવૅસ્ટેડ હીમ]

હું તમને અરજ કરૂં છું. I request you. [આઇ રીકવૅસ્ટ યુ]

તમારો મોટો ઉપકાર થયો. Many thanks. [મૅની થૅન્કસ]

તમને તે યાદ છે? Do you remember that? [ડુ યુ રીમેમ્બર ધૅટ ?]

મને તે યાદ છે? I remember it? [આઇ રીમૅમ્બર ઇટ ?]

તમને શું યાદ છે? What do you remember? [ઉવૅાટ ડુ યુ રીમૅમ્બર?]

મને કાંઇ યાદ નથી. I remember nothing. [આઇ રીમૅમ્બર નથીંગ]

તમે પેલી ચોપડી લાવ્યા કે? Did you bring that book? [ડીડ યુ બ્રીંગ ધૅટ બુક]

અભ્યાસપાઠ ૫૬ મો.

ભુલી ગયો. Forgot. [ફરગૉટ]
જરૂર. Positively. [પૉઝીટીવલી]
ચુકવું. Fail. [ફેલ]
યાદ દેવાડવું. Remind. [રીમાઇન્ડ]
અથવા. Either. [ઇધર]
જોયલું. Seen. [સીન]
લીધી. Taken. [ટેકન]
બેદરકાર. Careless. [કૅરલેસ]
ગાવું. Sing. [સીંગ]
ગીત. Song. [સૅાન્ગ]
ગમવું. Like. [લાઇક]
ત્યારે. Then. [ધૅન]
શિખવું. Learn. [લર્ન]
અંગ્રેજી. English. [ઇંગ્લિશ]

હું તે લાવવાને ભુલી ગયો. I forgot to bring it. [આઇ ફરગૉટ ટુ બ્રીંગ ઇટ]

કાલે જરૂર લાવજો. Bring it positively to-morrow. [બ્રીંગ ઇટ પૉઝીટીવલી ટુ-મૉરો]

તે લાવવાને ચુકતા નાં. Don't fail to bring it. [ડોન્ટ ફેલ ટુ બ્રીંગ ઇટ]
મને યાદ દેવડાવજો. Remind me. [રીમાઇન્ડ મી]
હું કદાચ તે પોતે લાવીશ અથવા મોકલીશ. I will either bring it myself or send it. [આઇ ઉવીલ ઇધર બ્રીંગ ઇટ માઇસૅલ્ફ ઑર સૅન્ડ ઇટ]
મને આ ચોપડી જોઇતી નથી. I do not want this **book**. [આઈ ડુ નૉટ ઉવૉન્ટ ધીસ બુક]
આ ચોપડી તમારા ભાઇને આપજો. Give this **book** to your brother. [ગીવ ધીસ બુક ટુ યૉર બ્રધર]
હેઠળ જઇને મારી ચોપડી લાવો. Go downstairs and bring my **book**. [ગો ડાઉન સ્ટૅર્સ ઍન્ડ બ્રીંગ માઇ બુક]
તમે મારી ચોપડી જોઇ નથી કે? Have you not seen my **book**? [હૅવ યુ નૉટ સીન માઇ બુક?]
તેણે કઈ ચોપડી લીધી છે? Which **book** has he taken? [ઉવીચ બુક હૅઝ હી ટેકન?]
તે ઘણો બેદરકાર છે. He is very careless. [હી ઇઝ વૅરી કૅરલેસ]
મી૦ વામન, મહેરબાની કરી એક ગીત ગાઓ. Mr. Vaman, please sing a song. [મી૦ વામન, પ્લીઝ સીંગ આ સૉંગ]
મને ગાવા નથી ગમતું. I don't like to sing. [આઇ ડોન્ટ લાઇક ટુ સીંગ]
ત્યારે તમને શું ગમે છે? What do you like then? [ઉવૉટ ડુ યુ લાઇક ધૅન]
મને અંગ્રેજી શિખવા ગમે છે. I like to learn English. [આઇ લાઇક ટુ લર્ન ઇંગ્લિશ]
તમે "ધી સેલ્ફ ઇંગ્લિશ ટીચર" વાંચો. You study "The Self English Teacher." [યુ સ્ટડી ધી સેલ્ફ ઇંગ્લિશ ટીચર

અભ્યાસપાઠ ૫૭ મો.

ધીમેથી. Slowly. [સ્લોલી.]	ભરૂસો રાખવો. Depend. [ડીપૅન્ડ]
મોટેથી Aloud. [અલાઉડ]	બોલ Word. [ઉવર્ડ]
ઘડિયાળ. Watch. [વૅાચ]	પાળવો. Keep. [કીપ]
જોઇએ. Want. [ઉવૅાન્ટ]	તોડવું. Break. [બ્રેક]
વચન આપવું. Promise. [પ્રૅામીસ]	આશા રાખવી. Hope. [હોપ.]

તેણી ઇંગ્રેજી સારૂં બોલે છે. She speaks English well.
[શી સ્પીકસ ઇંગ્લિશ ઉવૅલ]

તમે શા માટે ધીમું બોલો છો? Why do you speak slowly?
[વ્હાય ડુ યુ સ્પીક સ્લોલી?]

મોટેથી તમે બોલી શકતા નથી? Can't you speak aloud?
[કાંટ યુ સ્પીક અલાઉડ?]

તમે મને તે ઘડિયાળ આપશો? Will you give me that Watch?
[ઉવીલ યુ ગીવ મી ધૅટ ઉવૅાચ?]

તમને તે હમણાં જોઇએ છે? Do you want it now?
[ડુ યુ ઉવૅાન્ટ ઇટ નાઉ?]

હું તમને તે કાલે આપીશ. I will give it to you to-morrow.
[આઇ ઉવીલ ગીવ ઇટ ટુ યુ ટુ-મારો.]

તમે મને તે આપવાનું વચન આપશો? Will you promise to give it to me? [ઉવીલ યુ પ્રૅામીસ ટુ ગીવ ઇટ ટુ મી?]

હું તમને વચન આપી શકતો નથી. I can't promise you.
[આઈ કાન્ટ પ્રૅામીસ યુ]

હું તમારા બોલ ઉપર ભરોશો રાખું છું. I depend upon your word.
[આઈ ડીપૅન્ડ અપૅાન યૅાર ઉવર્ડ]

હું મારો બોલ પાળું છું. I keep my word. [આય કીપ માઈ ઉવર્ડ]

હું વચન તોડું તેવો માણુસ નથી. I am not the man to break a promise. [આઇ ઍમ નૉટ ધી મૅન ટુ બ્રેક આ પ્રૉમીસ]
ત્યારે મારે આશા રાખવી. I may hope then. [આઇ મે હોપ ધૅન]

અભ્યાસપાઠ ૫૮ મો.

આબરૂદાર. Respectable. [રીસ્પૅક્ટેબલ]
ઉછીના લીધા. Borrowed. [બૉરોડ]
ઉછીકું આપવું. Lend. [લૅન્ડ]
ઉછીકું આપ્યું Lent. [લૅન્ટ]
રકમ. Sum. [સમ]

તમે જાણો છો હું કોણ છું? Do you know who I am? [ડુ યુ નો હૂ આઈ ઍમ?]
હું પૈસાદાર નહીં હોઇશ પણ આબરૂદાર તો છું. I may not be rich, but I am respectable. [આઈ મે નૉટ બી રીચ, બટ આઇ ઍમ રીસ્પેક્ટેબલ]
તમે મને પાંચ રૂપીઆ ઉછીકા આપશો? Will you lend me five rupees? [ઉવીલ યુ લૅન્ડ મી ફાઇવ રૂપીઝ?]
મારી પાસે નથી. I haven't got. [આઈ હૅવન્ટ ગૅાટ]
મેં પંદર રૂપીઆ ઉછીકા લીધા. I borrowed fifteen 'rupees. [આઈ બૉરોડ ફીફ્ટીન રૂપીઝ]
હમણાંજ મેં એટલી રકમ તેને આપી છે. I have just now lent him that sum. [આઈ હૅવ જસ્ટ નાઉ લૅન્ટ હીમ ધૅટ સમ]
તે તમારી સાથે રહે છે? Does he stop with you? [ડઝહી સ્ટૅાપ ઉવીથ યુ?]
હા, તે અમારી સાથે રહે છે. Yes he stops with us? [યસ, હી સ્ટૅાપ્સ ઉવીથ અસ]
બી. ક્યાં રહે છે? Where does B. reside? [ઉવ્હેર ડઝ બી. રીસાઇડ?]
બી. ને કહો કે આવે. Tell B. to come. [ટેલ બી. ટુ કમ]

તે અહિયાં આવે છે. He is coming here. [હી ઇઝ કમીંગ હીયર]
તે કોણ છે? Who is he? [હુ ઇઝ હી?]
તેને શું જોઇએ છે? What does he want? [ઉવૉટ ડઝ હી વૉન્ટ?]
તે શા માટે આવ્યો છે? Why has he come? [વ્હાય હૅઝ હી કમ?]

અભ્યાસપાઠ ૫૯ મો.

એટલું મોડું. So late. [સો લેટ]	આંકડો. Bill. [બિલ]
થોભ્યો. Stayed. [સ્ટૅડ]	પૈસા આપવા. Pay. [પે]
ક્યાંથી. Whence. [ઉવ્હૅન્સ]	આદીતવાર. Sunday. [સનડે]

તમને એટલું મોડું કેમ થયું? What made yo so late?
[ઉવૉટ મેડ યુ સો લેટ?]
તે ઘરમાં હતો નહી. He was not at home. [હી ઉવૉઝ નૉટ ઍટ હોમ]
હું ઘણો વાર થોભ્યો. I stayed very long. [આઇ સ્ટેડ વેરી લૉન્ગ.]
તમે તેને ક્યાં જોયો? Where did yo see him?
[ઉવ્હર ડિડ યુ સી હીમ?]
તે ક્યાંથી આવ્યો? Whence has he come? [ઉવ્હૅન્સ હૅઝ હી કમ?]
તેને પુછો તે શું કહેવા માંગે છે. Ask him what he wants to say.
[આસ્ક હીમ ઉવૉટ હી વૉન્ટસ ટુ સે]
તે એક આંકડો લાવ્યો છે. He has brought a bill.
[હી હૅઝ બ્રોટ આ બિલ]
તમે તમારા આંકડાના પૈસા આપશો? Will yo pay your bill.
[ઉવીલ યુ પે યૉર બિલ?]
મારે આ માણુસને દશ રૂપીઆ આપવા છે. I have to pay this man ten rupees. [આઇ હૅવ ટુ પે ધીસ મૅન ટૅન રૂપીઝ]
તમે બાહેર ક્યારે જાઓ છો? When de yo go out?
[ઉવ્હૅન ડુ યુ ગો આઉટ?]

સવારે હું દશ વાગતે બહાર નિકળું છું. I stir out at ten in the morning. [આઇ સ્ટર આઉટ ઍટ ટૅન ઇન ધી મૉર્નિંગ]

આજે સાંજે મને મળજો. See me this evenig. [સી મી ધીસ ઇવનીંગ]

આજે સાંજે મારે ઘેર આવજો. Call at my house this evening. [કૉલ ઍટ માઇ હાઉસ ધીસ ઇવનીંગ]

તમારી મરજી હોય તો હું તમારે ઘરે આવું. If you like, I may call at your house. [ઇફ યુ લાઇક આઇ મે કૉલ ઍટ યૉર હાઉસ]

અભ્યાસપાઠ ૬૦ મો.

ઘર. Home. [હોમ]
ઘર. House. [હાઉસ]
ખચીત. Surely. [સ્યૉરલી]
ભુલવું. Fail [ફેલ]
માફક આવવું. Suit. [સુટ]
ઝડપમાં, જલદી. So fast. [સો ફાસ્ટ]
દોડતાં. Running. [રનીંગ]
ચુકવું. Miss. [મિસ]
આગગાડી. Train. [ટ્રેન]
પૈસા. Money. [મની]
આના. Annas. [ઍનાસ]
બદલવું. Change. [ચેન્જ]

તમારે આજે આવવું જોઇએ. You must come to-day. [યુ મસ્ટ કમ ટુ-ડે]

તમે મને ઘરમાં ક્યારે મળશો? When can you see me at home? [ઉવ્હૅન કેન યુ સી મી ઍટ હોમ?]

હંમેશાં સાંજનાં. Always in the evening. [ઑલઉવેઝ ઇન ધી ઇવનીંગ]

હું ખચીત આવીશ. I will surely come. [આઇ ઉવીલ સ્યૉરલી કમ]

ગઇ કાલે હું તમારે ઘેર ગયો હતો. I was at your house yesterday. [આઇ ઉવૉઝ ઍટ યૉર હાઉસ યસ્ટરડે]

કાલે મને મળજો. See me to-morrow. [સી મી ટુ-મૉરો]

કાલે આવવાને ભુલતા ના. Don't fail to come to-morrow.
[ડોન્ટ ફેલ ટુ કમ ટુ-મૉરો]

સાંજનાં તમારાથી બનશે કે? Will the evening suit you?
[ઉવીલ ધી ઇવનીંગ સુટ યુ?]

મારે સઘળો વખત સરખો છે. Any time will suit me.
[ઍની ટાઇમ ઉવીલ સુટ મી]

હું તમને તમારા ઘરે મળીશ. I shall see you at your house.
[આઇ શૅલ સી યુ ઍટ યૉર હાઉસ]

તમે એટલા ઝડપમાં કયાં જાઓ છો? Where are you going so fast?
[ઉ‌ંહેર આર યુ ગોઇંગ સો ફાસ્ટ?]

તમે એટલા જલદી શું કરવા દોડો છો? Why are you running so fast? [ઉવ્હાય આર યુ રનીંગ સો ફાસ્ટ?]

હું આગગાડી ચુકીશ. I shall miss the train. [આઇ શૅલ મીસ ધી ટ્રેન]

ત્રામમાં જાઓ. Go by tram. [ગો બાઇ ટ્રામ]

મારી પાસે ત્રામના પૈસા નથી. I have no money for the tram fare.
[આઇ હૅવ નો મની ફૉર ધી ટ્રામ ફેર]

આ બે આના લેઓ. Take these two annas. [ટેક ધીઝ ટુ ઍનાઝ]

ત્રામ ઉભી રાખો. Stop the train. [સ્ટૉપ ધી ટ્રામ]

તે પરેલ જાય છે. It is going to parel. [ઇટ ઇઝ ગોઇંગ ટુ પરેલ]

આપણને તે બદલવી પડશે. We shall have to change it.
[ઉવી શૅલ હૅવ ટુ ચેન્જ ઇટ]

ના, તે પરબારી જશે. No, it will go direct.
[નો, ઇટ ઉવીલ ગો ડીરેક્ટ]

અભ્યાસપાઠ ૬૧ મો.

રસ્તો. Road. (રોડ)	તરફ. To. (ટુ)
માર્ગ, રસ્તો. Way. (ઉવે)	જરા. Rather. (રાધર)
સીધા. Straight. (સ્ટ્રેટ)	બંધ. Shut. (શટ)
આગળ. On. (ઑન)	બેવાર. Twice. (ટવાઇસ)
વળવું. Turn. (ટર્ન)	ખોટી થતાં. Waiting. (ઉવેટીંગ)
જમણું, ખરૂં. Right. (રાઇટ)	હમણાંજ. Just now.(જસ્ટ નાઉ)
ડાબું. Left. (લૅફ્ટ)	થયો. Became. (બીકેમ)
દુર. Far. (ફાર)	ના પાડે છે. Denies. (ડીનાઇઝ)
જગ્યા. Place. (પ્લેસ)	બોલ્યો. Spoken. (સ્પોકન)
આશરે. About. (અબાઉટ)	તરફેણ. Favour. (ફેવર)
અરધો. Half. (હાફ)	ઇરાદો. Intend. (ઇનટૅન્ડ)
માઇલ. Mile. (માઇલ)	બાંધવું. Build. (બીલ્ડ)
વેચવું. Sell. (સૅલ)	માંગણી. Offer. (ઑફર)
બજાર. Market. (માર્કેટ)	

હું દામોદરને મળવા જાઉં છું. I am going to see Damoder. (આઇ એમ ગોઇંગ ટુ સી દામોદર)

તમે તેઓનું ઘર જોયું છે? Have you seen his house? (હૅવ યુ સીન હીઝ હાઉસ ?)

તમે મને કહેશો કે તે ક્યાં રહે છે? Will you tell me where he resides? (ઉવીલ યુ ટૅલ મી ઉવ્હેર હી રીસાઇડસ?)

શું આ કોલાબે જવાનો રસ્તો છે? Does this road lead to Colaba? (ડઝ ધિસ રોડ લીડ ટુ કોલાબા?)

આ તે રસ્તો નથી. This is not the way. (ધિસ ઇઝ નૉટ ધી ઉવે)

તમે માર્ગ ચુકી ગયા. You have missed the way. (યુ હૅવ મીસ્ડ ધી ઉવે)

સીધા આગળ જાઓ. Go straight on. (ગો સ્ટ્રેટ ઑન)
જમણા હાથ પર વળો. Turn to the right. (ટર્ન ટુ ધી રાઇટ)
ડાબા હાથ પર વળો. Turn to the left. (ટર્ન ટુ ધી લૅફ્ટ)
તે અહિંથી કેટલું દુર છે? How far is it from this place?
(હાઉ ફાર ઇઝ ઇટ ફ્રૅામ ધિસ પ્લેસ?)
આશરે અરધો માઇલ. About half a mile. (અબાઉટ હાફ આ માઇલ)
આ રસ્તેથી કયાં જવાય છે? Where does this road lead to?
(ઉવ્હેર ડઝ ધિસ રોડ લીડ ટુ?)
બજાર તરફ. To the market. (ટુ ધી માર્કેટ)
તમે રસ્તો ના ચુકતા. Don't miss the way. (ડોન્ટ મીસ ધી ઉવે)
તે જરા દુર છે. It is rather far. (ઇટ ઇઝ રાધર ફાર)
શું બારણું બંધ છે? Is the door shut? (ઇઝ ધી ડૅાર શટ?)
તેને હાંક મારો. Call him. (કૅાલ હીમ)
મેં તેને બે વખત હાંક મારી. I called him twice.
(આઇ કૅાલ્ડ હીમ ટવાઇસ)
હું તેની રાહ જોતો હતો. I was waiting for him.
(આઇ ઉવૅાઝ ઉવેટીંગ ફૅાર હીમ)
તે મને હમણાંજ મળ્યો. He met me just now.
(હી મૅટ મી જસ્ટ નાઉ)
તે કયાં ગયો હતો? Where had he been? (ઉવ્હૅર હૅડ હી બીન?)
તે બજારમાં ગયો હતો. He had gone to the market.
(હી હૅડ ગૅાન ટુ ધી માર્કેટ)
તે ઘણો ગુસ્સે થયો. He was very angry. (હી વૅાઝ વેરી ઍન્ગ્રી)
તે ના પાડે છે કે એમ મેં કહ્યું નથી. He denies having said so.
(હી ડીનાઇઝ હૅવીંગ સેડ સો)

તમે શું કહ્યું? What did you say? (ઉવૉટ ડિડ યુ સે?)
મે કાંઈ કહ્યું નહીં. I said nothing. (આઇ સેડ નથીંગ)
તે મારી સાથ ગુસ્સે છે. He is angry with me. (હી ઇઝ ઍન્ગ્રી ઉવીથ મી)
હું તમારી તરફેણમાં બોલ્યો છું. I have spoken in your favour. (આઇ હૅવ સ્પોકન ઇન યૉર ફેવર)
તેઓએ શું કહ્યું છે? What have they said? (ઉવૉટ હૅવ ધે સેડ?)
તેઓએ કાંઇ કહ્યું નથી. They have said nothing. (ધે હૅવ સેડ નથીંગ)
દરેક જણ તે જાણે છે. Everyone knows that. (ઍવરી વન નોઝ ધૅટ)
તેને કહેવાને ભુલતા ના. Don't forget to tell him. (ડોન્ટ ફરગેટ ટુ ટૅલ હીમ)
મારો એક ઘર બાંધવાનો ઇરાદો છે. I intend to build a house. (આઈ ઇનટૅન્ડ ટુ બીલ્ડ આ હાઉસ)
હું મારો બંગળો વેચવા માંગું છું. I want to sell my bungalow. (આઇ વૉન્ટ ટુ સૅલ માઈ બંગલો.)
તમને કેટલા હજાર જોઇશે? How many thousand will you roquire for it? (હાઉ મેની થાઉઝન્ડસ ઉવીલ યુ રીકવાયર ફૅાર ઇટ?)
આગળ મને એની દસ હજારની માંગણી થઇ છે. I have already been offered ten thousand for it. (આઇ હૅવ ઑલરેડી બીન ઑફર્ડ ટેન થાઉઝન્ડ ફૅાર ઇટ)
ઠીક છે, હું જોઇશ. All right, I shall see. (ઑલ રાઇટ, આઈ શૅલ સી)
વારૂં, સાહેબજી. Well, good bye. (ઉવૅલ ગુડ બાઇ)

મુલાકાતને લગતાં વાકયો.

ઠોકે છે. Knocks. (નૉકસ)
ગૃહસ્થ. Gentleman. (જેન્ટલમૅન)
એકલો. Alone. (અલોન)
સુખી. Happy. (હૅપી)
ખુશી. Glad. (ગ્લૅડ)
મળવું. Meet. (મીટ)
પછી. After. (આફ્ટર)
પણ. Also. (ઑલસો)
છોકરો, પોર્યો. Boy. (બૉય)
ખુરસી. Chair. (ચેર)
મેહેનત. Trouble. (ટ્રબલ)
બેઠક. Seat. (સીટ)
બાજુ. Side. (સાઇડ)
પસંદ કરવું. Prefer. (પ્રીફર)
ઉભા રહેવાને. To stand. (ટુ સ્ટૅન્ડ)
બધાં. Whole. (હોલ)
કુટુંબ. Family. (ફેમીલી)
સારી પેઠે. Well. (ઉવૅલ)
કાકો. Uncle. (અંકલ)
દુવા. Kind wishes. (કાઇન્ડ ઉવીશીસ)
ધણીયાણી. Mrs. (મીસીસ)
પોતાનું ગુજરાણ ચલાવે છે. Gets her living. (ગૅટસ હર લીવીંગ)
સીવીને. By sewing. (બાઇ સોઇંગ)

સલામ. Compliments.
ભુલવું. Fail. (ફેલ)
ભોગવવું. Enjoy. (એનજૉય)
તબીએત. Health. (હૅલ્થ)
હવા, રૂતુ. Climate. (કલાઇમેટ)
શેહેર. Country. (કન્ટ્રી)
સહદી. Agree. (ઍગ્રી)
ખબર. News. (ન્યુસ)
એકે નહિ. None. (નન)
પ્યાલું. Cup. (કપ)
ચાહ. Tea. (ટી)
ગલાસ. Glass. (ગ્લાસ)
દારૂ. Wine. (ઉવાઇન)
હોટેલ. વીશી. Hotel. (હોટેલ)
રહેવું. Stay. (સ્ટે)
ઉતરવું. Put up. (પુટ અપ)
રહે છે. Reside. (રીઝાઇડ)
થોડાં. A few. (આ ફ્યુ)
ઠેકાણું. Address. (ઍડ્રેસ)
છુટા પડવું Part. (પાર્ટ)
ઉતાવળ. Hurry. (હરી)
ઘણું કામ Pressing business. (પ્રૅસીંગ બીઝનેસ)
ટુંકી. Short. (શૉર્ટ)
મુલાકાત. Visit. (વીઝીટ)

ફુવા. Respects. (રીસ્પૅક્ટસ)	પડ્યું. Agreed. (ઍગ્રીડ)
કોચમન. Coachman. (કોચમન)	કબુલ કરવું. Accept. (ઍક્સૅપ્ટ)
હાકવું. Drive. (ડ્રાઇવ)	માંગવું. Demand. (ડીમાન્ડ)
આસ્તે. Slow. (સ્લો)	પુરતું. Sufficient. (સફીશયન્ટ)
ભાડું. Hire. (હાયર)	

જુઓ, બારણું કોણ ઠોકે છે? See, who knocks the door ?
(સી, હુ નૅાક્સ ધી ડૅાર ?)

જુઓ, ત્યાં કોણ છે? See, who is there? (સી, હુ ઇઝ ધૅર ?)

કોઇ ગ્રહસ્થ તમને મળવા માંગે છે. A gentleman wishes to see you.
(એ જૅન્ટલમૅન ઉવીશીસ ટુ સી યુ)

તેને કહો કે અંદર આવે. Tell him to come in. (ટૅલ હીમ ટુ કમ ઇન)

હું એકલો છું. I am alone. (આઇ ઍમ અલોન)

ભલે આવ્યા, સાહેબ. Welcome, Sir. (ઉવૅલકમ, સર)

હું તમને મળવાથી ખુશી છું. I am glad to see you.
(આઇ ઍમ ગ્લૅડ ટુ સી યુ)

હું તમને મળવાથી ઘણો ખુશી છું. I am very glad to meet you.
(આઇ ઍમ વેરી ગ્લૅડ ટુ મીટ યુ)

મેં તમને લાંબે વખતે જોયા. I saw you after a long time.
(આઇ સૅા યુ આફ્ટર આ લૅાગ ટાઇમ)

તમે કેમ છો? How are you? (હાઉ આર યુ?)
How do you do? (હાઉ ડુ યુ ડુ?)

સારી પેઠે. Very well. (વેરી ઉવેલ)

સારીપેઠે, સાહેબ. Quite well, Sir. (ક્વાઇટ ઉવૅલ, સર)

હું આશા રાખું છું જે તમે પણ સારી પેઠે હશો. I hope you also are well. (આઇ હોપ યુ ઑલસો આર ઉવેલ)

ઉપકાર થયો. Thank you. (થૅન્ક યુ)
હું તમને જોઇને ઘણો ખુશી છું. I am very glad to see you.
(આઇ ઍમ વેરી ગ્લૅડ ટુ સી યુ)
છોકરા, એક ખુરસી લાવ. Boy, bring a chair. (બૉય, બ્રીંગ આ ચેર)
આ ગ્રહસ્થને ખુરસી આપો. Give a chair to this gentleman.
(ગીવ આ ચેર ટુ ધિસ જેન્ટલમૅન)
તમે મેહેનત ના લેવો. Do not trouble yourself.
(ડુ નૉટ ટ્રબલ યૉરસૅલ્ફ)
ખુરસી લઇને બેસો. Take a chair and sit down.
(ટેક આ ચેર ઍન્ડ સીટ ડાઉન)
મહેરબાની કરીને ત્યાં બેસો. Please take your seat there.
(પ્લીઝ ટેક યૉર સીટ ધૅર)
મહેરબાની કરીને બેસો. Please, sit down. (પ્લીઝ સીટ ડાઉન)
મારી પાસે બેસો. Sit by my side. (સીટ બાઇ માઇ સાઇડ)
હું ઉભો રેહેવાનું પસંદ કરૂં છું. I prefer to stand.
(આઇ પ્રીફર ટુ સ્ટૅન્ડ)
ગઇ કાલે હું તમને મળવા આવ્યો હતો. I had come to see you yesterday. (આઇ હૅડ કમ ટુ સી યુ યસ્ટરડે)
તમે કયારે આવ્યા? When did you arrive? (ઉવ્હેન ડિડ યુ અરાઇવ?)
ગઇ કાલે સાંજનાં. Yesterday evening. (યસ્ટરડે ઇવનીંગ)
તમે એકલાજ આવ્યા કે? Have you come alone?
(હૅવ યુ કમ અલોન?)
તમે કોણની સાથે આવ્યા? With whom did you come?
(ઉવીથ હુમ ડિડ યુ કમ?)
હું મારાં કુટુંબ સાથે આવ્યો છું. I have come with my family.
(આઇ હૅવ કમ ઉવીથ માઇ ફૅમીલી

તમારૂં અહિંયા કેમ આવવું થયું? What has brought you here?
(ઉવૅાટ હૅઝ બ્રૉટ યુ હીયર?)

ઘરમાં બધાં કેમ છે? How are they all at home?
(હાઉ આર ધે ઑલ ઍટ હોમ?)

તમારૂં કુટુંબ કેમ છે? How is your family? (હાઉ ઇઝ યૉર ફૅમીલી?)

બધાં સારી પેઠે છે. All are well. (ઑલ આર ઉવૅલ)

તમારા કાકા કેમ છે? How is your uncle? (હાઉ ઇઝ યૉર અંકલ?)

તે જેમ છે તેમજ છે. He is just the same. (હી ઇઝ જસ્ટ ધી સેમ)

હું તેવણને માટે દલગીર છું. I am sorry for him.
(આઇ ઍમ સૅારી ફૅાર હીમ)

તેણીએ સલામ કહેવડાવી છે. She sends her kind complements.
(શી સૅન્ડઝ હર કાઇન્ડ કૅામપ્લીમૅન્ટસ.)

જૉનનાં ધણીયાણી કયાં છે? Where is Mrs. John?
(ઉવ્હેર ઇઝ મીસીસ જૉન?)

તેણી હમણાંજ બાહેર ગઈ છે. She has just gone out.
(શી હૅઝ જસ્ટ ગૅાન આઉટ)

તેણી સીવીને પોતાનું ગુજરાણ ચલાવે છે. She earns her living by sewing. (શી અર્નસ હર લીવીંગ બાઈ સોઇંગ)

તેણીને મારી સલામ કહેજો. Give her my compliments.
(ગીવ હર માઇ કૅામપ્લીમૅન્ટસ)

તેણીને મારી દુવા કહેજો. Remember me to her.
(રીમૅમ્બર મી ટુ હર)

હું ભુલીશ નહીં. I shall not fail. (આઇ શૅલ નૅાટ ફેલ)

તમે સારી તબીઅત ભોગવો છો? Do you enjoy good health?
(ડુ યુ ઍનજૉય ગુડ હેલ્થ?)

આ શહેરની હવા તમને સડે છે કે? Does the climate of this city agree with you? (ડઝ ધી કલાઇમેટ ઑફ ધિસ સીટી ઍગ્રી ઉવીથ યુ?)

મુંબઇની હવા મને સદતી નથી. The climate of Bombay does not agree with me. (ધી કલાઇમેટ ઑફ બૅામ્બે ડઝ નૉટ ઍગ્રી ઉવીથ મી)

બીજી શું ખબર? What other news? (ઉવૉટ અધર ન્યુઝ?)

કાંઇ જાણવાજોગ નથી. None worth mentioning. (નન ઉવર્થ મૅન્શનીંગ)

એક પ્યાલું ચાહ લેશો? Will you have a cup of tea? (ઉવીલ યુ હૅવ આ કપ ઑફ ટી?)

એક ગલાસ વાઇન પીશો. Will you have a glass of wine? (ઉવીલ યુ હૅવ આ ગ્લાસ ઑફ ઉવાઇન)

નહીં, માફ કરો. No, thank you. (નો, થૅન્ક યુ)

તમે કયાં હોટલમાં રહો છો? In which hotel do you stay? (ઇન ઉવીચ હોટૅલ ડુ યુ સ્ટે?)

તમે કયાં ઉતરેલા છો? Where have you put up? (ઉંહ્વેર હૅવ યુ પુટ અપ?)

મારા મીત્રને ત્યાં. At my friends'. (ઍટ માઇ ફ્રૅન્ડઝ)

તમારો મીત્ર કયાં રહે છે? Where does your friend reside? (ઉંહ્વેર ડઝ યૉર ફ્રૅન્ડ રીસાઇડ?)

થોડા દિવસ અમારે ત્યાં રહો. Stay a few days with us. (સ્ટે આ ફ્યુ ડેઝ ઉવીથ અસ)

તમે મને મી૦ બેરામજીનું ઠેકાણું આપશો? Will you give me address of Mr. Byramji? (વીલ યુ ગીવ મી ઍડ્રેસ ઑફ મી૦ બેરામજી?)

તમે મને કહી શકશો કે તે કયાં રહે છે? Can you tell me where he resides? (કૅન યુ ટેલ મી ઉવ્હેર હી રીસાઇડસ?)

મારી સાથે આવો, તમને ત્યાં લઇ જાઉં. Come with me, I will take you there. (કમ ઉવીથ મી, આઇ ઉવીલ ટેક યુ ધૅર)

માફ કરજો, હું પોતે જઇશ. Thank you, I will go myself. (થૅન્ક યુ, આઈ ઉવીલ ગો માઇસૅલ્ફ)

હવે મારે તમારેથી છુટા પડવું જોઇએ. I must part with you now. (આઇ મસ્ટ પાર્ટ વીથ યુ નાઉ)

તમે ઘણા ઉતાવળમાં છેઓ. You are in a great hurry. (યુ આર ઇન આ ગ્રેટ હરી)

મને કાંઇ અગત્યનું કામ છે. I have some pressing business. (આઈ હૅવ સમ પ્રેસીંગ બીઝનેસ)

પાંચ વાગતે મને રોકાણુ છે. I have an engagement at five o'clock. (આઇ હૅવ ઍન અન્ગેજમેન્ટ ઍટ ફાઇવ ઓ'કલૅાક)

એક ગાડી મંગાવો. Please send for a carriage. (પ્લીઝ, સૅન્ડ ફૅાર આ કૅરેજ)

તે તૈયાર છે. It is ready. (ઇટ ઇઝ રેડી)

આ ચીજો ગાડીમાં રાખો. Put these things in the carriage. (પુટ ધીઝ થીંગ્સ ઇન ધી કૅરેજ)

આ મુલાકાત માટે અમે તમારો ઉપકાર માનીએ છીએ. We thank you for this visit. (ઉવી થૅન્ક યુ ફૅાર ધિસ વીઝિટ)

ઘરમાં બધાંને મારી સલામ કહેજો. Present my compliments to all at home. (પ્રીઝૅન્ટ માઇ કૅામપ્લીમૅન્ટસ ટુ ઑાલ ઍટ હોમ)

તમારાં માતાને મારી દુવા કહેજો. Present my respects to your mother. (પ્રીઝૅન્ટ માઇ રીસ્પૅકટસ ટુ યૅાર મધર)

તમારા પિતાને મારી ઘણી ઘણી સલામ કહેજો. Give my best compliments to your father. (ગીવ માઇ બૅસ્ટ કોમપ્લીમૅન્ટસ ટુ યૅાર ફાધર.)

સાહેબજી, તમારી પોતાની સંભાળ લેજો. Good bye, take care of yourself. (ગુડ બાય, ટેક કૅર ઑફ યૅારસેલ્ફ)
કોચમેન, મને કોલાબે લઇ જા. Coachman, drive me to Colaba. (કોચમન, ડ્રાઇવ મી ટુ કોલાબા.)
જલદી હાંક. Drive fast. (ડ્રાઇવ ફાસ્ટ)
આસ્તે હાંક. Drive slowly. (ડ્રાઇવ સ્લોલી.)
ગાડીમાંથી પેલી વસ્તુઓ લાવો. Bring out those things from the carriage. (બ્રીંગ આઉટ ધોઝ થીંગ્સ ફ્રૅામ ધી કૅરેજ)
તે ઉપર લઈ જાઓ. Take them up-stairs. (ટેક ધૅમ અપ-સ્ટેર્સ)
પેટી સંભાળો. Take care of the trunk. (ટેક કૅર ઑફ ધી ટ્રંક)
ગાડીવાળાને ભાડું આપો. Pay the fare to the driver (પે ધી ફેર ટુ ધી ડ્રાઇવર)
તમે એને શું આપવાનું પટ્યું છે? What have you arranged to pay him. (ઉવૉટ હૅવ યુ અરેનજડ ટુ પે હીમ.)
મેં તેને અરધો રૂપીઓ પટ્યો છે. I have arranged to pay him eight annas. (આઈ હૅવ અરેનજડ ટુ પે હીમ એઇટ આનાસ)
તે નથી લેતો. He does not accept it. (હી ડઝ નૅાટ ઍકસૅપ્ટ ઇટ)
તે શું માગે છે? How much does he demand. (હાઉ મચ ડઝ હી ડીમાન્ડ?)
તે એક રૂપીઓ માગે છે. He demands a rupee. (હી ડીમાન્ડસ એ રૂપી)
નહીં, અરધો રૂપીઓ પુરતો છે. No, half a rupee is quite enough. (નો, હાફ આ રૂપી ઇઝ કવાઇટ ઇનફ.)
એક રૂપીઆનું પરચુટણ લાવો. Bring change for a rupee. (બ્રીંગ ચેન્જ ફોર આ રૂપી)
તેને દશ આના આપો. Pay him ten annas. (પે હીમ ટૅન ઍનઝ)
એને કહો કે જાએ. Tell him to go away. (ટેલ હીમ ટુ ગો અઉવે)

ખાવાપીવાને લગતાં વાક્યો.

પીવું. Drink. (ડ્રીંક)
તડ પડેલી છે. Is cracked. (ઇઝ ક્રૅકડ)
ચાની રકેબી. Saucer. (સૉસર)
ભાંગી. Broke. (બ્રોક)
પ્યાલું. Cup. (કપ)
જલ્લદ. Strong. (સ્ટ્રૉંગ)
વધારે નરમ. Weaker. (ઉવીકર)
દુધ. Milk. (મિલ્ક)
તાજું. Fresh. (ફ્રૅશ)
ખરાબ. Poor. (પૂઅર)
કયારનું. Already. (ઑલરેડી)
પીધું. Drunk. (ડ્રન્ક)
માત્ર, ફકત. Only. (ઓન્લી)
મને આપો. Hand me. (હૅન્ડ મી)
ભેળેલી. Mixed. (મિકસ્ડ)
સ્વાદવાળી. Palatable. (પૅલેટેબલ)
ખાંડ. Sugar. (શુગર)
રહી. Left. (લૅફ્ટ)
તૈયાર કરવું. Prepare. (પ્રીપેર)
વેહેલો. Earlier. (અર્લીઅર)
જોઇશે. Will have. (ઉવીલ હૅવ)
પાંઉં. Bread. (બ્રેડ)
માખણ. Butter. (બટર)
ઇડાં. Eggs. (એગ્ઝ)
મલાઇ. Cream. (ક્રીમ)

જેલી. Jam. (જૅમ)
પનીર. Cheese. (ચીઝ)
ખાવાને. To eat. (ટૂ ઇટ)
લાવવું. Get. (ગૅટ)
ભુખ. Appetite. (ઍપીટાઇટ)
રાતનું ખાણું. Dinner. (ડીનર)
વખત થયો છે. It is time. (ઇટ ઇઝ ટાઇમ)
પાથરવું. Lay. (લે)
સાફ કરવું. To clean. (ટુ કલીન)
ટમબલર. Tumbler. (ટમ્બલર)
ભાંગી નાખ્યું. Broken. (બ્રોકન)
રકાબી. Plate. (પ્લેટ)
વચમાં. Middle. (મિડલ)
ચમચો. Spoon. (સ્પુન)
કાઢયું. Laid on. (લેડ ઑન)
બાટલી. Bottle. (બૉટલ)
કૉર્કસ્ક્રૂ. Cork-skrew. (કૉર્કસ્ક્રુ)
બુચ મારવો. To cork. (ટુ કૉર્ક)
"બીર" એક જાતનો દારૂ. Beer. (બીઅર)
"વ્હીસ્કી" એક જાતનો દારૂ. Whisky. (વ્હીસ્કી)
બરફ. Ice. (આઇસ)
સોડાવૉટર. Soda. (સોડા)
લૅમનેડ. Lemonade. (લૅમોનેડ)
કાતરી. Slice. (સ્લાઇસ)

ચાવલ. Rice. (રાઇસ)
કારી. Curry. (કરી)
તીખી. Pungent. (પન્જન્ટ)
મરઘી. Fowl. (ફાઉલ)
માંસ. Meat. (મીટ)
તરકારી. Vegetables. (વૅજીટેબલ્સ)
શોખીન. Fond. (ફૉન્ડ)
મીઠાઇ. Sweetmeats. (સ્વીટમીટસ)
જાત. Kind. (કાઇન્ડ)
માછલી. Fish (ફીશ)
સરકો. Vinegar. (વિનેગર)
અચાર. Pickles. (પિકલસ)
રાઇ. Mustard. (મસ્ટર્ડ)
બીસકીટ. Biscuits. (બીસ્કીટસ)
કઠણ. Hard. (હાર્ડ)
કેક. Cakes. (કેકસ)
પુડિંગ. Pudding. (પુડીંગ)
ખાવું. Partake. (પારટેક)
મેવો. Fruit. (ફ્રુટ)
કાપવું. Cut. (કટ)
કેરી. Mangoe. (મૅન્ગો)
કાચી. Unripe. (અન રાઇપ)
પાકી. Ripe. (રાઇપ)
જાત. Sort (સૉર્ટ)
મીઠી. Sweet. (સ્વીટ)
નારંગી. Orange. (ઑરેન્જ)
ખાટી. Sour. (સાવર)

બીલકુલ. At all. (ઍટ ઑલ)
ચાખવાને, To taste. (ટુ ટેસ્ટ)
છોલવું. To peel. (પીલ)
કેળું. Plantain. (પ્લૅનટેન)
સફરચંદ. Apples. (ઍપલ્સ)
પાણી. Water. (વૉટર)
માટલું. Earthen pot. (અર્થન પૉટ)
પીવાનું. Drinking. (ડ્રીન્કીંગ)
નાખવું. Pour. (પોર)
બસ કરો. That will do. (ધૅટ ઉવીલ ડુ)
ભરવું. Fill. (ફિલ)
કુંજો. Jug. (જગ)
ખાધું. Eaten. (ઇટન)
પુરતું. Satisfied. (સૅટીસફાઇડ)
પાનસુપારી. Beetle-leaves and nuts. (બીટલ-લીવ્ઝ ઍન્ડ નટસ)
તપકીરની દાબડી. Snuff-box. (સ્નફ-બોકસ)
ચમટી. Pinch. (પીન્ચ)
રાતનું ખાણું. Supper. (સપર)
જમ્યા. (રાતનું) Supped. (સપ્ડ)
જમવા જવું. (રાતનું) To sup. (ટૂ સપ)
આશા રાખવી. Hope. (હોપ)
માફ કરવું. Excuse. (ઍકસક્યુઝ)
રોકાયલો. Engaged. (ઍનગેજડ)
બનવું. To be able. (ટુ બી એબલ)

તમે તમારી ચાહ પીધી કે? Have you had your tea?
(હૅવ યુ હૅડ યૉર ટી?)
હું ચાહ નથી પીતો. I do not drink tea (આઈ ડુ નૉટ ડ્રીંક ટી)
ચાહ તૈયાર છે કે? Is the tea ready? (ઇઝ ધી ટી રેડી?)
તે એક પળમાં તૈયાર થશે. It will be ready in a minute.
(ઇટ ઉવીલ બી રૅડી ઇન એ મીનીટ)
મારે માટે થોડી ચાહ બનાવો. Make some tea for me.
(મેક સમ ટી ફૉર મી)
તેને માટે એક પ્યાલું ચાહ કરો. Make a cup of tea for him.
(મેક આ કપ ઑફ ટી ફૉર હીમ)
પેલાં પ્યાલાંને તડ પડેલી છે. That cup is cracked.
(ધૅટ કપ ઇઝ ક્રૅકડ)
આ પ્યાલાંની રકેબી કયાં છે? Where is the saucer with this cup? (ઉવ્હેર ઇઝ ધી સૉસર વીથ ધિસ કપ?)
આ પ્યાલાંની રકાબી કોણે ભાગી? Who broke the saucer for this cup? (હુ બ્રોક ધી સૉસર ફૉર ધિસ કપ?)
આ ચાહ ઘણી જલ્લદ છે, જરાક નરમ કરો. This tea is very strong; will you make it a little weak. (ધિસ ટી ઇઝ વૅરી સ્ટ્રૉંગ, વીલ યુ મેક ઇટ આ લીટલ ઉવીક?)
તમે નાસ્તાની વખતે કાફી પીશો? Will you have coffee at breakfast? (ઉવીલ યુ હૅવ કૉફી ઍટ બ્રેકફાસ્ટ?)
નહી, હું ચાહ પીવશ. No, I will take tea. (નો, આઈ ઉવીલ ટેક ટી)
તમે થોડું દુધ લેશો? Will you have some milk?
(ઉવીલ યુ હૅવ સમ મીલ્ક?)
મે કયારનું થોડું પીધું છે. I have already taken some.
(આઇ હૅવ ઑલરેડી ટેકન સમ)
આ દુધ સારૂં નથી. This milk is not good.
(ધિસ મિલ્ક ઇઝ નૉટ ગુડ)
આ દુધ તાજું છે કે? Is this milk fresh? (ઇઝ ધિસ મિલ્ક ફ્રૅશ?)

આ દુધ ઘણું હલકું છે. This milk is very poor.
(ધિસ મીલ્ક ઇઝ વૅરી પૂઅર)

તમે એક પ્યાલું ચાહ અથવા કાફી લેશો ? Will you have a cup tea or coffee ? (ઉવીલ યુ હૅવ એ કપ ઑફ ટી ઑર કૉફી ?)

ફક્ત અધું પ્યાલું. Half a cup only. (હાફ એ કપ ઓન્લી)

પેલું પ્યાલું રકાબી આપો. Hand me that cup and saucer.
(હૅન્ડ મી ધૅટ કપ ઍન્ડ સૉસર)

મને દુધની કાફી ગમે છે. I like coffee with milk.
(આઇ લાઇક કૉફી ઉવીથ મિલ્ક)

દુધ વગરની કાફી સ્વાદ લાગતી નથી. Coffee without milk is not palatable. (કૉફી ઉવીધાઉટ મિલ્ક ઇઝ નૉટ પૅલેટેબલ)

મને બીજી ખાંડ આપો. Give me some more sugar.
(ગીવ મી સમ મૉર શુગર)

ખાંડ હવે બાકી રહી નથી. There is no more sugar left.
(ધૅર ઇઝ નો મોર શુગર લેફ્ટ)

આપણે નાસ્તો કયારે કરશું ? When shall we breakfast ?
(ઉવ્હેન શૅલ ઉવી બ્રેકફાસ્ટ ?)

નાસ્તો તૈયાર કરો. Prepare the breakfast. (પ્રીપેર ધી બ્રેકફાસ્ટ)

આજે મને નાસ્તો વહેલો જોઇએ છે. I want my breakfast early this morning. (આઇ ઉવૉન્ટ માઇ બ્રેકફાસ્ટ અર્લી ધિસ મૉર્નીન્ગ)

નાસ્તો હજી તૈયાર કેમ નથી ? Why is not the breakfast ready yet ? (વ્હાય ઇઝ નૉટ ધી બ્રેકરફાસ્ટ રેડી યટ ?)

નાસ્તાને માટે તમને શું જોઇએ છે? What will you have for breakfast ? (ઉવૉટ ઉવીલ યુ હૅવ ફૉર બ્રેકફાસ્ટ ?)

પાંઉ, માખણ, ઇંડા અને કાફી. Bread, butter, eggs and coffee.
(બ્રેડ, બટર, એગ્ઝ ઍન્ડ કૉફી)

તમે થોડી મલાઈ લેશો? Will you have some cream?
(ઉવીલ યુ હેવ સમ ક્રીમ?)

નહીં હું જેલી લઇશ. No, I will have some jam.
(નો, આઈ ઉવીલ હેવ સમ જામ)

મને થોડું માખણ તથા પનીર આપશો? Will you give me some cheese and butter? (વીલ યુ ગીવ મી સમ ચીઝ ઍન્ડ બટર?)

મને કાંઈ ખાવાનું આપો. Give me something to eat.
(ગીવ મી સમથીંગ ટુ ઇટ)

તમે શું માંગો છો? What do you wish? (ઉવૉટ ડુ યુ ઉવીશ ?)

તમારે માટે (ખાવાનું) શું લાવું? What can I bring you?
(ઉવૉટ કૅન આઈ બ્રીન્ગ યુ?)

તમારી પાસે જે તૈયાર હોય તે. Anythiug you may have at hand.
(ઍનીથીંગ યુ મે હૅવ ઍટ હૅન્ડ)

મને ભુખ સારી લાગે છે. I have a good appetite.
(આઈ હૅવ આ ગુડ ઍપીટાઇટ)

મહેરબાની કરી ખાણું તઇયાર કરો. Please get the dinner ready.
(પ્લીઝ ગૅટ ધી ડીનર રૅડી)

બબરચીને પુછશો કે ખાણું તઇયાર છે. Will you ask the cook if the dinner is ready. (વીલ યુ આસ્ક ધી કુક ઇફ ધી ડીનર ઇઝ રૅડી)

ખાણું કયારે તઇયાર થશે? When will the dinner be ready?
(ઉવ્હૅન ઉવીલ ધી ડીનર બી રૅડી?)

જલદી તઇયાર કરો. Get it ready soon. (ગૅટ ઇટ રૅડી સુન.)

હું બહુ ભુખ્યો છું. I am very hungry. (આઇ ઍમ વેરી હંગ્રી)

તમે ભુખ્યા છો? Are you hungry? (આર યુ હંગ્રી?)

તમે ક્યારે જમ્યા? When did you dine? (ઉન્હૅન ડિડ યુ ડાઇન?)
તમે કેટલે વાગતે જમો છો? At what hour do you dine?
(ઍટ ઉવૉટ અવર યુ ડાઇન?)
જમવાનો વખત થયો. It is time for dinner.
(ઇટ ઇઝ ટાઇમ ફૅાર ડીનર)
ટેબલ ઉપર કપડું પાંથરો. Lay the cloth on the table.
(લે ધી કલોથ ઑાન ધી ટેબલ)
આ ટમ્બલર સાફ કરો. Clean this tumbler. (કલીન ધિસ ટમ્બલર)
તેણે ટમ્બલર ભાંગી નાખ્યું? He has broken the tumbler.
(હી હૅઝ બ્રોકન ધી ટમ્બલર)
તેણે કયું ટમ્બલર ભાંગી નાખ્યું? Which tumbler has he broken?
(ઉવીચ ટમ્બલર હૅઝ હી બ્રોકન?)
બીજું ગલાસ લાવો Bring another glass. (બ્રીંગ અનધર ગ્લાસ)
પેલી રકાબી સાફ કરો. Clean the plate. (કલીન ધી પ્લેટ)
એક સાફ રકાબી લાવો. Bring a clean plate. (બ્રીંગ આ કલીન પ્લેટ)
આ વચમાં મુકો. Put this in the middle. (પુટ ધિસ ઇન ધી મીડલ)
પેલો ચમચો અહીં લાવો. Bring that spoon here.
(બ્રીંગ ધૅટ સ્પુન હીયર)
જો ખાણું તૈયાર હોય તો લાવો. Please bring the dinner, if ready. (પ્લીઝ બ્રીન્ગ ધી ડીનર, ઇફ રૅડી)
ખાણું કાઢયું છે. The dinner is laid on the table.
(ધી ડીનર ઇઝ લેડ ઑાન ધી ટેબલ)
આ બાટલી ઉઘાડો. Open this bottle. (ઓપન ધીસ બૉટલ)
કૉર્કસ્ક્રુ કયાં છે? Where is the cork-screw?
(ઉન્હૅર ઇઝ ધી કૉર્ક-સ્ક્રુ?)
બાટલીને બુચ મારો. Cork the bottle. (કૉર્ક ધી બોટલ)

તમને ડચ બીર ગમે છે? Do you like Dutch beer?
(ડુ યુ લાઇક ડચ બીઅર)

આ બીર ઉત્તમ છે. This beer is excellent.
(ધિસ બીઅર ઇઝ ઍકસલન્ટ)

તમે એક ગલાસ બીર લેશો? Will you take a glass of beer?
(ઉવીલ યુ ટેક આ ગલાસ ઑફ બીઅર?)

નહી, મને વીસકી ગમે છે. No, I like whisky.
(નો, આઇ લાઇક વ્હીસકી)

મને પેલો વાઇન આપો. Give me that wine. (ગીવ મી ધૅટ ઉવાઇન)

તે મારે માટે પુરતો છે. It is sufficient for me.
(ઇટ ઇઝ સફિશિઅન્ટ ફૉર મી)

તમારાં માતા પાસે દારૂ નથી Your mother has no wine.
(યૉર મધર હૅઝ નો ઉવાઇન)

મારાં માતા કદી દારૂ પીતાં નથી. My mother never drinks any.
(માઇ મધર નૅવર ડ્રીંકસ ઍની)

તે તેણીને માટે પુરતો થશે It will be sufficient for her.
(ઇટ ઉવીલ બી સફીશીઅન્ટ ફૉર હર)

થોડું બરફ મંગાવો. Send for some ice. (સૅન્ડ ફૉર સમ આઇસ)

તમને શું વધારે ગમે છે, સોડા કે લૅમનેડ? What do you prefer, soda or lemonade? (ઉવૅાટ ડુ યુ પ્રીફર, સોડા ઑાર લૅમનેડ?)

મને લેમોનેડ ગમે છે. I like lemonade. (આઇ લાઇક લૅમનેડ)

જરા બીજો વધારે લેશો? Will you take some more?
(ઉવીલ યુ ટેક સમ મૉર?)

મને પાંઉની એક કાતરી આપશો? Will you give me a slice of bread? (વીલ યુ ગીવ મી આ સ્લાઇસ ઑફ બ્રેડ?)

10

આ પાંઉ ઘણું સારૂં છે. This bread is very good.
(ધીસ બ્રેડ ઇઝ વૅરી ગુડ)

મને બીજા ચાવલ આપશો. Will you give me some more rice.
(વીલ યુ ગીવ મી સમ મૅાર રાઇસ)

આ કારી તીખી છે. This curry is pungent.
(ધીસ કરી ઇઝ પનજન્ટ)

હું માંસનો શોખીન નથી. I am not fond of meat.
(આઈ ઍમ નૅાટ ફૅાન્ડ ઑાફ મીટ)

હું ભાજી તરકારીનો શોખીન છું. I am fond of vegetables.
(આઇ ઍમ ફૅાન્ડ ઑાફ વૅજીટેબલ્સ)

તે મીઠાઇનો શોખીન છે. He is fond of sweetmeats.
(હી ઇઝ ફૅાન્ડ ઑાફ સ્વીટમીટસ)

આ કઇ જાતની માછલી છે? What kind of fish is this?
(ઉવૅાટ કાઇન્ડ ઑાફ ફિશ ઇઝ ધિસ)

તમને સરકો જોઇએ છે? Do you want vinegar?
(ડુ યુ ઉવૅાન્ટ વિનેગર?)

નહીં, મને થોડું અચાર આપો. No, give me some pickles.
(નો, ગીવ મી સમ પીકલસ.)

આ રાઈ સારી છે કે? Is this mustard good?
(ઇઝ ધીસ મસ્ટર્ડ ગૂડ?)

આ બીસકોટ ઘણી કઠણ છે. Those biscuits are very hard.
(ધીઝ બિસકીટસ આર વૅરી હાર્ડ)

આ કેક સારાં નથી. These cakes are not good.
(ધીઝ કેકસ આર નૅાટ ગૂડ)

બાઇ, તમને આ પુડીંગ ગમે છે? Madam, do you like this pudding? (મેડમ, ડુ યુ લાઇક ધિસ પુડીંગ?)

તમે આ પનીર કેમ નહીં ખાતા? Why do you not partake of this cheese? (વ્હાય ડુ યુ નૉટ પારટેક ઑફ ધિસ ચીઝ?)

હું કદી પનીર ખાતો નથી. I never eat cheese. (આઇ નૅવર ઇટ ચીઝ)

સુરતી પનીર ઘણું સારૂં થાય છે. Surat cheese is very good. (સુરત ચીઝ ઇઝ વૅરી ગુડ)

તમને મેવો ગમે છે? Do you like dry fruits. (ડુ યુ લાઇક ડ્રાઇ ફ્રુટસ)

હા, મને તે ઘણો ગમે છે. Yes, I like it very much. (યસ, આઇ લાઇક ઇટ વૅરી મચ)

આ કેરી કાપો. Cut this mangoe. (કટ ધીસ મૅન્ગો)

આ કેરી ઘણી સારી છે. This mangoe is very good. (ધિસ મૅન્ગો ઇઝ વૅરી ગુડ)

તે કાચી છે. It is unripe. (ઇટ ઇઝ અનરાઇપ)

નહીં, તે પાકી છે. No, it is ripe. (નો, ઈટ ઇઝ રાઇપ)

આ કઇ જાતની કેરી છે? What sort of mangoe is this? (ઉવૉટ સૉર્ટ ઑફ મૅન્ગો ઇઝ ધિસ?)

એ ઘણી મીઠી છે. It is very sweet. (ઇટ ઇઝ વૅરી સ્વીટ)

એ નારંગી ખાટી છે. This orange is sour. (ધિસ ઑરેન્જ ઇઝ સાવર)

મને એ ફળ બીલકુલ ગમતું નથી. I don't like that fruit at all. (આઇ ડોન્ટ લાઇક ધૅટ ફ્રુટ ઍટ ઑલ)

મને તેમાંથી થોડી આપશો? Will you give me some of it? (ગીવ મી સમ ઑફ ઇટ?)

આ કેળું છોલો. Peel this plantain. (પીલ ધીસ પ્લૅનટેન)

મને સફરચંદ ગમે છે. I like apples. (આઇ લાઇક ઍપલ્સ)

હું બહુ તરસ્યો છું. I am very thirsty. (આઇ ઍમ વૅરી થર્સ્ટી)
મને થોડું પાણી આપો. Give me some water.
(ગીવ મી સમ ઉવૉટર)
આ માટલામાં પાણી નથી. There is no water in this pot.
(ધૅર ઇઝ નો ઉવૉટર ઇન ધિસ પૉટ)
પીવાનું પાણી અહિંયાં છે. Here is some drinking water.
(હીયર ઇઝ સમ ડ્રીંકીંગ ઉવૉટર)
મેહેરબાની કરીને થોડું પાણી લાવો. Go and get some water, please.
(ગો ઍન્ડ ગૅટ સમ ઉવૉટર, પ્લીઝ)
ટમ્બલરમાં થોડું પાણી નામો. Pour some water in the tumbler.
(પોર સમ ઉવૉટર ઇન ધી ટમ્બલર)
બસ કરો. That will do. (ધૅટ ઉવીલ ડુ)
આ કુજામાં પાણી ભરો. Fill this jug with water.
(ફિલ ધિસ જગ ઉવીથ ઉવૉટર)
તમે જમતા નથી. You are not eating. (યુ આર નૉટ ઇટીંગ)
મેં પુરતું લીધું છે. I have taken enough. (આઇ હૅવ ટેકન ઇનફ)
હવે મારૂં પેટ ભરાઇ ગયું છે. I am quite satisfied now.
(આઇ ઍમ કવાઇટ સૅટીસફાઇડ નાઉ)
મને પાનસોપારી આપો. Give me same beetle-leaves and nuts.
(ગીવ મી સમ બીટલ-લીવ્ઝ ઍન્ડ નટસ)
તપકીરની દાબડી કયાં છે? Where is the snuff box ?
(ઉવ્હૅર ઇઝ ધી સ્નફ બૉકસ ?)
તમે તપકીર સુંઘો છો? Do you take snuft ? (ડુ યુ ટેક સ્નફ?)
મને એક ચપટી આપશો? Will you give me a pinch.
(વીલ યુ ગીવ મી આ પીન્ચ ?)
છોકરા, બધી વસ્તુઓ લઇ જા. Boy, take away all the things.
(બૉય, ટેક અઉવે ઑલ ધી થીંગસ)

તેણે ઘણો દારૂ પીધો છે. He his drunk. (હી ઇઝ ડ્રંક.)

તે જમે છે. (રાતનું) He takes his supper. (હી ટેક્સ હીઝ સપર)

તમે જમ્યા કે? (રાતનું) Have you supped? (હૅવ યુ સપ્ડ?)

હું જમવા જાઉં છું. (રાતનું) I am going to sup.
(આઇ ઍમ ગોઇંગ ટુ સપ)

તે ચાહ પીએ છે. He drinks tea. (હી ડ્રીંક્સ ટી)

હું આશા રાખું છું, કે આજે તમે અમારી સાથે જમશો.
I hope, you will dine with us to-day.
(આઈ હોપ, યુ ઉવીલ ડાઇનિ ઉવીથ અસ ટુ-ડે)

આજે તમે મને માફ કરો. You must excuse me to-day.
(યુ મસ્ટ ઍક્ષકયુસ મી ટુ-ડે)

હું રોકાયલો છું. I am engaged. (આઇ ઍમ ઍનગેજડ)

મારાથી આવવાને બનશે નહીં. I will not be able to come.
(આઇ ઉવીલ નૅાટ બી એબલ ટુ કમ)

આજે રાતે હું બહાર જમવા જવાનો છું. I am dining out to-night.
(આઇ ઍમ ડાઇનીંગ આઉટ ટુ-નાઇટ.)

શું તમારા શેઠ જમી રહ્યા? Has your master finished his dinner? (હૅઝ યૅાર માસ્ટર ફિનિશ્ડ હીઝ ડીનર?)

રીફ્રૅશમેન્ટ તથા હોટલમાં ખાવા પીવા જવાને લગતાં વાકયો.

ખોરાક. Refreshment. (રીફ્રેશમૅન્ટ)

બીજું. Else. (એલ્સ)

ટીપ List. (લીસ્ટ)

ચાલો. Come along. (કમ અલૉગ)
મંગાવીએ. Order out. (ઑારડર આઉટ)
આઇસક્રીમ Ice-cream. (આઇસક્રીમ)
ગેલાબનું શરબત. Rose syrup. (રોઝ સીરપ)
ઠંડુ પીવાનું. Cold-drink. (કોલ્ડ-ડ્રીન્ક)
"ચંપીન" (એક જાતનો દારૂ) Champagne. (શૅમપેન)
થોડું A little. (એ લીટલ)
કીમત બેસવી. Charge. (ચાર્જ)
ખાધા સાથે Including food. (ઇનકલુડીંગ ફુડ)
બાહેર. Out-side. (આઉટ-સાઇડ)
ઇંગ્રેજી મીઠાઈ. Pastry. (પેસ્ટ્રી)
આંકડાની રકમ. Amount. (અમાઉન્ટ)

ચાલો આપણે કાંઈ ખાઇએ? Let us have some refreshment. (લેટ અસ હૅવ સમ રિફ્રૅશમૅન્ટ)
હા, ચાલો, હું તૈયાર છું. Yes, come along, I am ready. (યસ, કમ અલૉન્ગ, આઇ ઍમ રેડી)
આપણે શું મંગાવીએ? What shall we order out? (ઉવૅાટ શૅલ ઉવી ઑારડર આઉટ?)
તમને શું ગમે છે? What do you like? (ઉવૅાટ ડુ યુ લાઇક?)
મને થોડું આઇસક્રીમ ગમે છે. I like some **Ice-cream.** (આઇ લાઇક સમ આઇસક્રીમ)
તમો પીવાનું શું લેશો? What will you have for drink? (ઉવૅાટ ઉવીલ યુ હૅવ ફૅાર ડ્રીંક?)
મેહરબાની કરી મારે માટે કાંઇ મંગાવતા ના. Please order nothing for me (પ્લીઝ ઑારડર નથીંગ ફૅાર મી)
તમે ગેલાબનું શરબત પીશો? Will you drink rose-syrup? (ઉવીલ યુ ડ્રીંક રોઝ સીરપ?)
હું આઇસક્રીમ વધુ પસંદ કરીશ. I will prefer **ice-cream.** (આઈ વીલ પ્રીફર આઇસક્રીમ.)

હા, મોટી ખુશીથી. Yes, very willingly. (યસ, વૅરી ઉવીલીંગલી)

બીજી રકાબી લાવવા કહો. Order out another plate.
(ઑર્ડર આઉટ અનધર પ્લેટ)

તમે બીજું કાંઇ લેશો? Will you take anything else?
(વીલ યુ ટેક ઍનીથીંગ ઍલ્સ?)

નહીં, માફ કરજો. No, thank you. (નો, થૅન્ક યુ)

હું તેને તમારા પૈસા આપીશ. I will pay him for you.
(આઇ વીલ પે હીમ ફૅાર યુ)

મેં તેને પૈસા આપ્યા છે. I have paid him. (આઇ હૅવ પેડ હીમ)

તમારી પાસે તૈયાર શું છે? What have you ready?
(ઉવૅાટ હૅવ યુ રેડી?)

મારી પાસે ખાણુંની ટીપ લાવો. Bring me the 'Bill of fare.'
(બ્રીંગ મી ધી બીલ ઑફ ફૅર)

અમારે માટે એક એક બાટલી ચંપીન બે ગલાસ, અને થોડું આઇસ લાવો.
Bring us a bottle of champagne, two glasses, and some ice. (બ્રીંગ અસ એ બૅાટલ ઑફ શૅમપેન, ટુ ગ્લાસીસ, ઍન્ડ સમ આઇસ.)

તમારી પાસે નાસ્તાનું શું છે? What have you for breakfast?
(ઉવૅાટ હૅવ યુ ફૅાર બ્રેકફાસ્ટ?)

તમારી પાસે બીજું શું છે. What else have you. (ઉવૅાટ ઍલ્સ હૅવ યુ)

તે મારે માટે લાવો. Bring it for me. (બ્રીંગ ઇટ ફૅાર મી)

તમે આ ટીપ પાછી લાવજો. Bring this list back.
(બ્રીંગ ધિસ લીસ્ટ બૅક)

અમને થોડી મીઠાઇ આપો. Give us some pastry.
(ગીવ અસ સમ પેસ્ટ્રી)

તમારા આંકડાની રકમ કેટલી છે? What is the amount of your bill. (વ્હૉટ ઇઝ ધી અમાઉન્ટ ઑફ યૉર બિલ?)

તમારો આંકડો લાવો, હું તમને પૈસા આપું. Bring your bill and I will pay you. (બ્રીંગ યૉર બિલ ઍન્ડ આઈ વીલ પે યુ)

આ તમારો આંકડો છે, સાહેબ. This is your bill, Sir. (ધિસ ઇઝ યૉર બિલ, સર)

ખાધા સાથે કે? Does it include food? (ડઝ ઇટ ઇનક્લુડ ફુડ?)

જુદી જુદી જાતનાં વેચાણ તથા ખરીદીને લગતાં વાકયો.

દુકાન. Shop. (શૉપ)
ખરીદવું. Buy. (બાઇ)
જોડી. Pair. (પેર)
બુટ. Boots. (બૂટ્સ)
કદ. Size. (સાઇઝ)
નંબર. Number. (નંબર)
પગ. Foot. (ફુટ)
ઘણાં. Too. (ટૂ)
નાનાં. Small. (સ્મૉલ)
ડોળ. Shape. (શેપ)
કદાચ. Perhaps. (પરહૅપ્સ)
પસંદ પડવું. Please. (પ્લીઝ)
ડંખે છે. Pinches. (પીન્ચીસ)
ઇજા કરે છે. Hurts. (હર્ટસ)
બરાબર. Exactly. (ઍકઝૅકટલી)
બન્ને. Both. (બોથ)
માલ. Goods. (ગૂડ્ઝ)
મોઘું. Dear. (ડીયર)
વાજબી. Fair. (ફૅર)
કીંમત. Price. (પ્રાઇસ)
કીંમત જેટલું. Worth. (વર્થ)
પટો. Belt. (બૅલ્ટ)
વટાવવું. Change. (ચેન્જ)
વેચવું. Sell. (સૅલ)
કમી કરવું. Deduct. (ડીડક્ટ)
વટાવ. Discount. (ડિસકાઉન્ટ)
નમુનો. Sample. (સૅમપલ)
રતલ. Pound. (પાઉન્ડ)
બાર. Dozen. (ડઝન)
વીંટાળવું. Roll. (રોલ)
બાંધવું. Wrap. (રૅપ)

બંધ કરવું. Close. (ક્લોઝ)	કાળું. Black. (બ્લૅક)
હાથનાં મોજાં. Gloves. (ગ્લવ્ઝ)	ભાવ. Price. (પ્રાઇસ)
રંગ Colour. (કલર)	જેમ. Just. (જસ્ટ)
પીળાં. Yellow. (યલ્લો.)	પૈસા આપવા. Payment. (પેમેન્ટ)
શોભીતો. Beautiful. (બ્યુટીફુલ)	ચીઠ્ઠી. Note. (નોટ)
લાલ. Red. (રૅડ)	ખચીત. By all means. (બાઇ ઑલ મીન્સ)
ફીકકું પડયું. Fade. (ફેડ)	સહી. Ink. (ઇન્ક)
પાકકો. Fast. (ફાસ્ટ)	લખવાની ટેબલ. Desk. (ડૅસ્ક)
પસંદ કરવું. Choose. (ચુઝ)	

તેને શું જોઇએ છે? What does he want? (ઉવૅાટ ડઝ હી ઉવૅાન્ટ?)

જુઓ, પેલા માણસને શું જોઇએ છે. See, what that man wants. (સી, ઉવૅાટ ધૅટ મૅન ઉવૅાન્ટસ)

તમે તેને જવાબ આપી શકશો? Can you answer him? (કૅન યુ ઍનસર હીમ?)

તમને શું જોઇએ છે, સાહેબ? What do you want, Sir? (ઉવૅાટ ડુ યુ ઉવૅાન્ટ, સર?)

આ કોણુની દુકાન છે? Whose shop is this? (હુઝ શૅાપ ઇઝ ધિસ?)

તમારા શેઠ કયાં છે? Where is your master? (ઉવ્હૅર ઇઝ યૅાર માસ્ટર?)

તમે શું ખરીદવા માંગો છો? What do you wish to buy? (ઉવૅાટ ડુ યુ ઉવીશ ટુ બાઇ?)

મને એક બુટની જોડી જોઇએ છે. I want a pair of boots. (આઇ ઉવૅાન્ટ આ પૅર ઑાફ બુટસ)

કોણુને માટે? For whom? (ફૅાર હુમ?)

મારે પોતાને માટે. For myself. (ફૅાર માઇસૅલ્ફ)

કેટલાં મોટા? Of what size? (ઑાફ ઉવૅાટ સાઇઝ?)

તમે નંબર જાણો છો? Do you know the number?
(ડુ યુ નો ધી નંબર?)

મને જોવા દો. Let me see. (લેટ મી સી)

હું ધારૂં છું કે આ તમને આવશે. This will fit you I suppose.
(ધિસ ઉવીલ ફિટ યુ આઇ સપોઝ)

એ તો ઘણાં ન્હાના છે. They are too small. (ધે આર ટુ સ્મૉલ)

તમે આ જોડી તપાસશો? Will you try on this pair?
(ઉવીલ યુ ટ્રાઈ ઑન ધિસ પૅર?)

નહીં, એનું ઘાટ સારૂં નથી. No, its shape is not good.
(નો, ઇટસ શેપ ઇઝ નૉટ ગુડ)

કદાચ આ જોડી તમને પસંદ આવશે. Perhaps you will like this pair. (પરહૅપ્સ યુ ઉવીલ લાઇક ધીસ પૅર)

એ મને દંખે છે. It pinches me. (ઇટ પીનચીસ મી)

એ મને ઇજા કરે છે. It hurts me. (ઇટ હર્ટસ મી)

આ જોડી તપાસો. Try this pair. (ટ્રાઈ ધિસ પૅર)

એ જરા મને મોટાં પડે છે. They are a little big for me.
(ધે આર આ લીટલ બીગ ફૉર મી)

તમારી પાસે બીજાં છે કે? Have you another? (હૅવ યુ અનધર?)

આ એક બીજી જોડી છે. Here is another pair.
(હીઅર ઇઝ અનધર પૅર)

એ તમને દંખશે નહીં. It won't pinch. (ઇટ વોન્ટ પીન્ચ)

આ જોડી મને બરાબર આવે છે. This pair fits me exactly.
(ધિસ પૅર ફિટસ મી ઍકઝૅકટલી)

આ પેરીસનાં બનાવેલાં છે? Are these made in Paris?
(આર ધીઝ મેડ ઇન પૅરીસ?)

મને બીજાં થોડાં દેખાડો. Show me some more.
(શો મી સમ મૉર)

હું આ બન્ને જોડી લઇશ. I will buy both these pairs.
(આઇ ઉવીલ બાઇ બોથ ધીઝ પૅર્સ)

આ જોડીનુ શું? How much for this pair? (હાઉ મચ ફૉર ધિસ પૅર ?)

પાંચ રૂપીઆ, આઠ આના. Five rupees, eight annas.
(ફાઇવ રૂપીઝ, ઍઇટ ઍનાઝ)

તમે ઘણું માંગો છો? You ask too much? (યુ આસ્ક ટુ મચ)

હું એટલું આપીશ નહીં. I won't give you so much.
(આઇ ઉવોન્ટ ગીવ યુ સો મચ)

તમારો માલ ઘણો મોઘો છે. Your stuff is very dear.
(યૉર સ્ટફ ઇઝ વૅરી ડીયર)

એ વાજબી કીંમત છે. That is a fair price. (ધૅટ ઇઝ આ ફૅર પ્રાઇસ)

તમે એનું શું આપશો? What will you pay for it?
(ઉવૉટ ઉવીલ યુ પે ફૉર ઇટ)

હું તમને ચાર રૂપીઆ આપીશ. I shall give you four rupees.
(આઇ શૅલ ગીવ યુ ફૉર રૂપીઝ)

હું પાંચ રૂપીઆ લઇશ. I will take five rupees.
(આઇ ઉવીલ ટેક ફાઇવ રૂપીઝ)

તેની શું કીંમત છે? How much is that worth?
(હાઉ મચ ઇઝ ધૅટ ઉવર્થ ?)

તેની ઘણી કીમત નથી. That is not worth much.
(ધૅટ ઇઝ નૉટ ઉવર્થ મચ)

મને એક પટો જોઇએ છે. I want a belt. (આઈ ઉવૉન્ટ આ બેલ્ટ)

અમે પટા નથી વેચતા. We do not sell belts. (ઉવી ડુ નૉટ સેલ બૅલ્ટસ)

અમે તે નથી રાખતા. We do not stock them.
(ઉવી ડુ નૉટ સ્ટૉક ધેમ)

મારે તમને શું આપવું છે? How much have I to pay you?
(હાઉ મચ હૅવ આઇ ટુ પે યુ?)

મને એક રૂપીઆનું છુટું જોઇએ છે. I want change for a rupee.
(આઈ ઉવૉન્ટ ચેન્જ ફૉર આ રૂપી)

આ રૂપીઆનો ખુરદો લાવો. Bring change for this rupee.
(બ્રીંગ ચેન્જ ફૉર ધિસ રૂપિ)

તે વટાવ લેશે. He will deduct some discount.
(હી ઉવીલ ડીડક્ટ સમ ડિસકાઉન્ટ)

તમારી પાસે સારી ચાહ છે? Have you got some good tea?
(હૅવ યુ ગૅાટ સમ ગુડ ટી?)

મહેરબાની કરી મને નમુનો દેખાડો. Please show me a sample.
(પ્લીઝ શો મી આ સૅમ્પલ)

આ કાંઇ સારો નમુનો નથી. This is not a good sample.
(ધિસ ઇઝ નૅાટ આ ગુડ સૅમ્પલ)

કેમ રતલ? How much per pound? (હાઉ મચ પર પાઉન્ડ?)

એક રૂપીએ રતલ. One rupee per pound. (વન રૂપી પર પાઉન્ડ)

તમને કેટલી જોઇએ છે? How much do you require?
(હાઉ મચ ડુ યુ રીકવાયર?)

મને અરધો રતલ આપો. Give me half a pound.
(ગીવ મી હાફ આ પાઉંડ)

આ કેમ ડઝન? How much for a dozen of these?
(હાઉ મચ ફૉર આ ડઝન ઑફ ધીઝ?)

ત્રણ રૂપીએ ડઝન. Three rupees per dozen. (થ્રી રૂપિઝ પર ડઝન)

મને પા ડજન આપો. Give me a quarter dozen.
(ગીવ મી આ કવાર્ટર ડઝન)

આ કાગળમાં બાંધો. Roll these up in paper.
(રોલ ધીઝ અપ ઇન પેપર)

તમને બીજું કાંઇ જોઇએ છે? Do you require anything else?
(ડુ યુ રીકવાયર ઍનીથીંગ એલ્સ?)

નહીં, મહેરબાની થઈ. No, Thanks. (નો, થૅન્કસ)

તમે આ વસ્તુઓ કાગળમાં બાંધશો? Will you wrap up these in paper? (ઉવીલ યુ રૅપ અપ ધીઝ ઇન પેપર?)

તમે તમારી દુકાન ક્યારે બંધ કરો છો? When do you close your shop? (વ્હૅન ડુ યુ કલોઝ યૉર શૉપ?)

તમે તમારી દુકાન ક્યારે ઉઘાડો છો? When do you open your shop? (વ્હૅન ડુ યુ ઓપન યૉર શૉપ?)

તમે મને થોડાં હાથનાં મોજાં દેખાડશો? Will you show me some gloves? (ઉવીલ યુ શો મી સમ ગ્લવ્ઝ?)

કેવા રંગના? What colour? (ઉવૉટ કલર?)

પીળાં. Yellow. (યલો)

આ રંગ શોભીતો છે. This is a beautiful colour.
(ધિસ ઇઝ આ બ્યુટીફુલ કલર)

તે કયો રંગ છે? What colour is that? (ઉવૉટ કલર ઇઝ ધૅટ?)

તે લાલ છે. It is red. (ઇટ ઇઝ રૅડ)

આ રંગ જલદી ફીકકો પડી જશે. This colour will soon fade.
(ધિસ કલર ઉવીલ સુન ફેડ)

આ રંગ પાકકો છે? Is this colour fast? (ઇઝ ધિસ કલર ફાસ્ટ?)

તમે કયાં મોજાં પસંદ કરો છો? Which gloves do you choose?
(ઉવીચ ગ્લવ્ઝ ડુ યુ ચૂઝ?)

હું સફેદ વધુ પસંદ કરીશ. I will prefer white.
(આઇ ઉવીલ પ્રીફર વ્હાઇટ.)

કયા ભાવના? Of what price? (ઑફ ઉવૉટ પ્રાઇસ?)

કોઇબી ભાવ. Any price. (ઍની પ્રાઇસ)

આ જોડીની શી કીંમત છે? What is the price for this pair?
(ઉવૉટ ઇઝ ધી પ્રાઇસ ફૉર ધિસ પેર?)

હું અરધો ડઝન લઇશ. I will buy half a dozen.
(આઇ ઉવીલ બાઇ હાફ આ ડઝન)

હું તમને હમણા પૈસા આપું કે? Shall I pay you now?
(શૅલ આઇ પે યુ નાઉ?)

જેમ તમારી મરજી. Just as you please. (જસ્ટ ઍઝ યુ પ્લીઝ)

હું તમને પાછો ફરતાં પૈસા આપીશ. I will pay you on my return.
(આઇ ઉવીલ પે યુ ઑન માઇ રીટર્ન)

હું તમને કાલે પૈસા આપીશ I will pay you to-morrow.
(આઇ ઉવીલ પે યુ ટુ-મૉરો)

તમે પૈસા માટે થોભશો કે? Will you wait for payment?
(ઉવીલ યુ ઉવેટ ફૉર પેમેન્ટ)

સર્વ ચીજોનું બીલ કરજો. Make out a bill of all the articles.
(મેક આઉટ આ બિલ ઑફ ઑલ ધી આર્ટીકલ્સ)

હું તમારી દુકાનમાં એક ચીઠી લખું. May I write a note in your shop? (મે આઇ રાઇટ આ નોટ ઇન યૉર શૉપ?)

જરૂરજ, આ કલમ અને સાહી છે. By all means, here is pen and ink. (બાઇ ઑલ મીન્સ, હીયર ઇઝ પૅન ઍન્ડ ઇન્ક)

તમે આ તેબલપર બેસો. You may sit at this desk.
(યુ મે સિટ ઍટ ધિસ ડેસ્ક)

ચોકઠું, ફ્રેમ. Frame. (ફ્રેમ)
પસંદ કરવું. Like. (લાઇક)
છબી. Picture. (પીકચર)
કીંમત. Cost. (કૉસ્ટ)
આ જાતની. This kind. (ધિસ કાઇન્ડ)

તમે મારે માટે આ છબીની ફ્રેમ કરશો? Can you frame this picture for me? (કૅન યુ ફ્રેમ ધિસ પીકચર ફૅાર મી?)

તમને કઇ ઢબની ફ્રેમ જોઇએ છે? What kind of frame would you like? (ઉવૅાટ કાઇન્ડ ઑાફ ફ્રેમ ઉવુડ યુ લાઇક?)

મને આ ઢબની પસંદ છે. I like this kind. (આઇ લાઇક ધિસ કાઇન્ડ)

તે બનાવવાની કેટલી કીંમત પડશે? What will it cost? (ઉવૅાટ ઉવીલ ઇટ કૅાસ્ટ?)

તે કયારે તૈયાર થશે? When will it be ready? (વ્હૅન ઉવીલ ઇટ બી રૅડી?)

તમને તે ત્રણ ચાર દીવસમાં મળશે. You shall have it in three or four days. (યુ શૅલ હૅવ ઇટ ઇન થ્રી આર ફોર ડેઝ)

મને તે કાલે સાંજનાં જોઇએ છે. I want it to-morrow evening. (આઇ ઉવૅાન્ટ ઇટ ટુ-મૅારો ઇવનીંગ)

તે કાલે સાંજના તૈયાર થશે. It will be ready by to-morrow evening. (ઇટ ઉવીલ બી રૅડી બાઇ ટુ-મૅારો ઇવનીંગ)

ઠીક છે; હું તે લેવા મોકલીશ. Very well; I will send for it. (વૅરી ઉવૅલ; આઇ ઉવીલ સૅન્ડ ફૅાર ઇટ)

ખરીદવું. Purchase. (પરચેઝ)
હીરો. Diamond. (ડાયમન્ડ)
વીંટી. Ring. (રીંગ)
લગ્ન. Wedding. (વૅડીંગ)
બીલીઆન જડેલી. Set with brilliants. (સૅટ ઉવીથ બ્રીલ્યન્ટસ)
ચોખ્ખાં પાણીનાં, તેજદાર. Of purest water. (ઑાફ પ્યુરેસ્ટ વૅાટર)

રજા આપવી. Permit. (પરમીટ)
બરાબર, બેસતું. Fit. (ફિટ)
બાકસ. Case. (કેસ)
સસતી Cheaper. (ચીપર)
ઉત્તમ સોનું. Finest gold. (ફાઇનૅસ્ટ ગોલ્ડ)
ખાતરી. Warrant. (ઉવૅારન્ટ)
છાપ. Stamp. (સ્ટૅમ્પ)

મને એક હીરાની વીંટી ખરીદવી છે. I want to purchase a diamond ring. (આઈ ઉવૅાન્ટ ટુ પરચેઝ આ ડાયમન્ડ રીંગ)

તમારી પાસે લગનની વીંટીઓ છે કે? Have you got any wedding rings? (હૅવ યુ ગૅાટ ઍની ઉવૅડીંગ રીંગ્સ?)

આ (વીંટી) હીરા જડીત છે કે? Is this set with brilliants? (ઇઝ ધિસ સૅટ વીથ બ્રીલયન્ટસ?)

હા, તે ચોખાં પાણીના છે. Yes, they are of the purest water. (યસ, ધે આર ઑાફ્ ધી પ્યુરૅસ્ટ વૅાટર)

મને તે પેહરી જોવાની રજા આપો. Allow me to try it on. (અલવ મી ટુ ટ્રાઇ ઇટ ઑાન)

આ મને બરોબર આવતી નથી. This does not fit me. (ધિસ ડઝ નૉટ ફિટ મી)

તે વીંટી મારે માટે છે. That ring is for me. (ધૅટ રીંગ ઇઝ ફૉર મી)

આ બાકસમાંની સર્વે વીંટીઓ સસતી છે. All the rings in this case are cheaper. (ઑાલ ધી રીંગ્સ ઇન ધિસ કેસ આર ચીપર)

તે નક્કર સોનાની છે. They are of the finest gold. (ધે આર ઑાફ્ ધી ફાઇનૅસ્ટ ગોલ્ડ)

તમે સોનાની ખાતરી આપશો? Will you warrant it to be real gold? (ઉવીલ યુ ઉવૅારન્ટ ઇટ ટુ બી રીયલ ગોલ્ડ?)

હા સાહેબ, તમે છાપ જુઓ. Yes sir, you may see the stamp. (યસ સર, યુ મે સી ધી સ્ટૅમ્પ)

સમરાવ્યું. Repaired. (રીપૅર્ડ)
સાફ કરવાનું Cleaning. (ક્લીનીંગ)
ઘણું આગળ. Too fast. (ટુ ફાસ્ટ)
બરાબર ચાલતું નથી. Does not work well. (ડઝ નૉટ વર્ક ઉવેલ)
સમારવાનું Repairing. (રીપેરીંગ)
જામીનગીરી. Guarantee. (ગૅરન્ટી.)
કાચ. Glass. (ગ્લાસ)
ખરીદવું. Purchase. (પરચેઝ)
બરાબર. Proper. (પ્રૉપર)
બદલી. Exchange. (ઍક્સચેન્જ)
બધી કીંમત. Full value. (ફુલ વૅલ્યુ)
આપી શકવું. Afford. (ઍફૉર્ડ)
સોનું. Gold. (ગોલ્ડ)
છેડો. Chain. (ચેન)

તમે ઘડિયાળી છો? Are you a watch-maker? (આર યુ આ ઉવૅાચ–મેકર?)
હું મારૂં ઘડિયાળ સમરાવવા માગું છું. I wish to get my watch repaired. (આઇ ઉવીશ ટુ ગૅટ માઇ ઉવૅાચ રીપેર્ડ)
આ ઘડિયાળ સાફ કરવાનું છે. This watch requires cleaning. (ધીસ ઉવૅાચ રીક્વાયર્સ ક્લીનીંગ)
તમારી મરજી હોય તો દેખાડો. Let me see if you please. (લેટ મી સી ઇફ યુ પ્લીઝ)
એ ઘણું આગળ જાય છે. It goes too fast. [ઇટ ગોઝ ટૂ ફાસ્ટ]
તે બરાબર ચાલતું નથી. It does not work well. (ઇટ ડઝ નૉટ વર્ક ઉવૅલ)
એને શું થયું છે? What is the matter with it? (ઉવૅાટ ઇઝ ધી મૅટર ઉવીથ ઇટ?)
કાંઇક ભાગેલું છે. There is something broken. (ધૅર ઇઝ સમથીંગ બ્રોકન)
તેને સમારવાનું તમે શું લેશો What will you charge for repairing it? (વૅાટ ઉવીલ યુ ચાર્જ ફૅાર રીપેરીંગ ઇટ?)

તમે મને જામીનગીરી આપશો? Will you give me a guarantee. (ઉવીલ યુ ગીવ મી આ ગૅરન્ટી?)

હા, હું આપીશ. Yes, I will. (યસ, આઇ ઉવીલ)

હું તમારે ત્યાં મુકી જાઉં છું. I leave it with you. (આઇ લીવ ઇટ ઉવીથ યુ)

મને તે જલદી જોઇએ છે. I want it soon. (આઇ ઉવૉન્ટ ઇટ સુન)

તે કાલે તૈયાર થશે. It will be ready to-morrow. (ઉટ ઉવીલ બી રૅડી ટુ-મોરો)

મારા ઘડિઆળ માટે કાચ જોઇએ છે. I require a glass for my watch. (આઇ રીકવાયર આ ગ્લાસ ફૉર માઇ વૉચ.)

તમે હમણાં કાચ મુકી શકશો? Can you fix a glass on now? (કૅન યુ ફીક્ષ આ ગ્લાસ ઑન નાઉ?)

હા, પાંચ મીનીટમાં. Yes, within five minutes. (યસ, વીધીન ફાઇવ મીનીટસ)

મારે એક સોનાનું ઘડિઆળ ખરીદવાની મરજી થાય છે. I should like to purchase a gold watch. (આઇ શુડ લાઇક ટુ પરચેઝ આ ગોલ્ડ ઉવૉચ)

હું તમને થોડાં દેખાડીશ. I will show you a few. (આઇ ઉવીલ શો યુ આ ફ્યુ)

વખત બરોબર આપશે કે? Will this keep proper time? (ઉવીલ ધિસ કીપ પ્રૉપર ટાઇમ)

તમે મારું (ઘડીયાલ) બદલીમાં લેશો? Will you take mine in exchange? (ઉવીલ યુ ટેક માઇન ઇન ઍક્સચેન્જ)

હા, હું તમને તેની બધી કીંમત મજરે આપીશ. Yes, I will allow you its full value. (યસ, આઇ ઉવીલ અલવ યુ ઇટસ ફુલ વૅલ્યુ)

તમે તેનું શું મજરે આપશો? How much will you allow for it? (હાઉ મચ ઉવીલ યુ અલવ ફૉર ઇટ?)

તે પુરતા નથી. That is not sufficient. (ધૅટ ઇઝ નૉટ સફિશિઅન્ટ)

હું વધારે આપી શકતો નથી. I cannot afford to give more.
(આઇ કૅનનૉટ ઍફોર્ડ ટુ ગીવ મૉર)

મને એક સોનાનો છેડો જોઇએ છે. I want a gold chain.
(આઇ ઉવૉન્ટ આ ગોલ્ડ ચેન)

આ કાંઇ ઘણો મજબુત નથી. This is not strong enough.
(ધિસ ઇઝ નૉટ સ્ટ્રૅાંગ ઇનફ)

એના કરતાં બીજો સારો બતાવો. Show me a better one.
(શો મી આ બૅટર વન)

છોકરાં. Children. (ચીલ્ડ્રન)
ગરમ Woolen. (ઉલન)
જુદા જુદા. Different. (ડીફરન્ટ)
સસ્તું, હલકું. Cheap. (ચીપ)
ભાવ. Price. (પ્રાઇસ)
એક માંહેલાં. Alike. (અલાઇક)
વણાટ. Texture. (ટેકસચર)
ખળવાળું. Sized. (સાઇઝડ)
ઉંચી. Superior. (સુપિરીઅર)
જાત. Quality. (ક્વૉલિટી)
પણો, પહોલાઇ. Breadth. (બ્રેડથ)

તાકો. Piece. (પીસ)
લંબાઇ. Length. (લૅન્થ)
આશરે. About. (અબાઉટ)
વાર. Yards. (યાર્ડઝ)
ઘણુંજ સસ્તું. Too cheap.
(ટુ ચીપ)
ભરવું, માપવું. Measure. (મેઝર)
કપડું, Cloth. (કલૉથ)
એકજ ભાવ. Fixed rate.
(ફિક્સ્ડ રેટ)
હિસાબ. Account. (અકાઉન્ટ)

હું મારાં છોકરાંઓ માટે કાપડ ખરીદ કરવા માંગું છું. I wish to buy some cloth for my children. (આઇ ઉવીશ ટુ બાઇ સમ કલૉથ ફૅાર માઈ ચીલ્ડ્રન)

હું થોડું ગરમ કપડું ખરીદવા માંગું છું. I wish to buy some woollen cloth. (આઇ ઉવીશ ટુ બાઇ સમ ઉલન કલૅાથ)

તમે મને થોડું દેખાડશો? Will you show me some? (ઉવીલ યુ શો મી સમ ?)

તમને આ કપડું ગમે છે? Do you like this cloth? (ડુ યુ લાઇક ધિસ કલૅાથ?)

નહીં, મને જુદા જુદા રંગનું દેખાડો. No, show me of various colours. (નો, શો મી ઑાફ વેરીયસ કલરસ)

મને સસ્તું જોઇએ છે, મોઘું નહીં. I want cheap, not very dear. (આઇ ઉવૉન્ટ ચીપ, નૉટ વૅરી ડીયર)

અમારી પાસે બધા ભાવનું છે. We have of all prices. (ઉવી હૅવ ઑાફ ઑાલ પ્રાઇસીસ)

તમને કયો રંગ વધુ ગમે છે? What colour do you prefer? (ઉવૉટ કલર ડુ યુ પ્રીફર)

મને કાળો રંગ ગમે છે. I like black colour. (આઇ લાઇક બ્લૅક કલર)

આ બે તાકા છે. Here are two pieces. (હીયર આર ટુ પીસીસ)

આ બન્ને એક માંહેલા છે. These two are alike. (ધીઝ ટુ આર અલાઇક)

આ કપડાંનો કુમાશ બહુ બારીક છે. The texture of this cloth is very fine. (ધી ટેકસચર ઑાફ ધિસ કલૅાથ ઇઝ વૅરી ફાઇન)

આ કપડામાં ઘણોજ ખલ છે. This cloth is very much sized. (ધિસ કલૅાથ ઇઝ વેરી મચ સાઇઝડ)

આ ઉંચી જાતનું છે. This is of a superior quality. (ધિસ ઇઝ ઑાફ આ સુપીરીયર કવૉલિટી)

આ તાકાનો પણો શું છે? What is the breadth of this piece?
(ઉવૉટ ઇઝ ધી બ્રૅડથ ઑફ ધિસ પીસ?)

એ કેટલું લાંબું છે? What is the length of this?
(ઉવૉટ ઇઝ ધી લૅન્થ ઑફ ધિસ?)

આશરે વીસ વાર. About twenty yards. (અબાઉટ ટ્વૅન્ટી યાર્ડ્સ)

એક વારનું શું? What's the price per yard?
(ઉવૉટસ ધી પ્રાઇસ પર યાર્ડ?)

ત્રણ રૂપીએ વાર. Three rupees a yard. (થ્રી રૂપીઝ આ યાર્ડ)

તમે આ ખરીદશો? Will you buy this? (ઉવીલ યુ બાઈ ધિસ?)

મને એ નથી જોઇતું. I don't want it. (આઇ ડોન્ટ ઉવૉન્ટ ઇટ)

એ ઘણું મોંઘું છે. It is too dear. (ઇટ ઇઝ ટુ ડીઅર)

મને જરા સસ્તું જોઇએ છે. I want a little cheaper.
(આઇ ઉવૉન્ટ આ લીટલ ચીપર)

આ ઘણું સસ્તું છે. It is very cheap. (ઇટ ઇઝ વેરી ચીપ)

કયું સારૂં છે, આ કે પેલું? Which is better, this or that?
(ઉવીચ ઇઝ બૅટર, ધિસ ઑર ધૅટ?)

બન્ને એક સરખાં છે. Both are equally good. (બોથ આર ઇકવલી ગુડ)

પેલા તાકામાંથી ચાર વાર ભરો. Measure out four yards from that piece. (મેઝર આઉટ ફોર યાર્ડ્સ ફ્રૉમ ધૅટ પીસ)

તમને પેલું કપડું નથી જોઇતું કે? Do you not want that cloth?
(ડુ યુ નૉટ ઉવૉન્ટ ધૅટ કલોથ?)

મને તે ઘણું મોંઘું લાગે છે. I think it is very dear.
(આઇ થીંક ઇટ ઇઝ વૅરી ડીયર)

અમારો ભાવ એકજ છે. Our prices are fixed.
(અવર પ્રાઇસીસ આર ફિક્સ્ડ)

મને જણાવો કે તમને શું ચુકવવું છે. Let me know what I have to pay you. (લૅટ મી નો ઉવૉટ આઈ હૅવ ટુ પે યુ)

આ તમારો હિસાબ છે, સાહેબ. Here is your account, Sir. (હીયર ઇઝ યૅાર ઍકાઉન્ટ, સર)

માપ. Measurement. (મેઝરમેન્ટ)
ડગલો. Coat. (કોટ)
બંધ બેસ્તો. Fit. (ફીટ)
બનાવતાં Making. (મેકીંગ)
હાલની. Present. (પ્રેઝન્ટ)
ફેશન. Fashion. (ફૅશન)
બાંહે. Sleeves. (સ્લીવ્ઝ)
બરાબર. Exactly. (ઍકઝૅકટલી)
પોહલી. Wide. (ઉવાઇડ)
નાઉમેદ કરવું. Disappoint. (ડીસએપૉઇન્ટ)
ભરોશો રાખવો. Depend. (ડીપેન્ડ)
બુધવાર. Wednesday. (ઉવૅડનસડે)
કે, અથવા નહીં. Whether. (ઉવ્હૅધર)
આરશી. Looking glass. (લુકીંગ ગ્લાસ.)

મારા દગલા માટે માપ લેશો? Will you take measurement for my coat? (ઉવીલ યુ ટેક મેઝરમેન્ટ ફૅાર માઇ કોટ?)

મને તમારો ડગલો બતાવો. Show me your coat. (શો મી યૅાર કોટ)

આ ડગલો તમને બરાબર આવે છે? Does this coat fit you? (ડઝ ધિસ કોટ ફિટ યુ?)

